
BAOU
Education for All


# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4


## અર્વાચીન ગુજરાતી સાહિત્યનું સ્વરૂપ – સૉનેટ
**GMJ-303/GMN-502**
**દ્વિતીય વર્ષ બી. એ.**
**સેમેસ્ટર-03**




બળવંતરાય ઠાકર




સુંદરમ્




ઉમાશંકર જોશી



કવિ ઉશનસ્



જયંત પાઠક



નિરંજન ભગત

**As per NEP - 2020**

**B.A. (Hons.)**

# સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ. શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે :

'જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય, જેનાથી માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠાં મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યાવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું યોગદાન આપે એ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાયઃ પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શન કરવામાં આવે છે. એ પછી જ માળખું રચી, અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોનાં કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસસામગ્રીનું લેખન કરે છે. વિષયનિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થાય પછી જ પરિણામલક્ષી અભ્યાસસામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબ સમા અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.

**પ્રો. (ડૉ.) અમીબહેન ઉપાધ્યાય**

**કુલપતિ**

**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,**

**જ્યોતિર્મય પરિસર, સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ**

**અર્વાચીન ગુજરાતી સાહિત્યનું સ્વરૂપ – સૉનેટ**

**GMJ–303/GMN–502**

**દ્વિતીય વર્ષ બી. એ.**

**સેમેસ્ટર–03**

**અભ્યાસક્રમ**

| એકમ ક્રમ | એકમનું નામ |
|---|---|
| 1. | ઊર્મિ કવિતા અને એના મુખ્ય પ્રકારો |
| 2. | સૉનેટ–સ્વરૂપની વિભાવના |
| 3. | સૉનેટઃ ઉદ્ભવ અને વિકાસ |
| 4. | 'જૂનું પિયેરઘર' –બ. ક. ઠાકોર |
| 5. | 'છેલ્લું દર્શન' –રા. વિ. પાઠક |
| 6. | 'અમૃત લઈ આવ્યો અવનિનું' –ઉમાશંકર જોશી |
| 7. | 'ગઈ ભલે' –સુંદરમ્ |
| 8. | 'આધુનિક અરણ્ય' –નિરંજન ભગત |
| 9. | 'આદિમતાની એક અનુભૂતિ' –જયંત પાઠક |
| 10. | 'હું મુજ પિતા' –ઉશનસ્ |
| 11. | 'મરજીવિયા' –પૂજાલાલ |
| 12. | 'ઘેરૈયા' –પ્રહ્લાદ પારેખ |
| 13. | 'વિખૂટા મિત્રને' –રમણીક અરાલવાળા |
| 14. | 'જોઈશ આ હૃદય ભીતર' –હરિશચંદ્ર ભટ્ટ |

**નોંધઃ આપના અભ્યાસક્રમમાં રહેલ 14 એકમને અભ્યાસની સરળતા ખાતર બે વિભાગમાં વહેંચવામાં આવ્યા છે. જેની અનુક્રમણિકા વિભાગ મુજબ આપેલ છે.**

**લેખન :**


| | |
|---|---|
| પ્રો. સતીષ વ્યાસ | રીડર,<br>ભાષાભવન,<br>ગુજરાત યુનિવર્સિટી,<br>અમદાવાદ |
| પ્રો. આર. એલ. વેગડા | 10, ન્યૂ શુભ' સોસાયટી,<br>વેજલપુર ગામ,<br>અમદાવાદ - 380 051 |


**પરામર્શ (વિષય) :**


| | |
|---|---|
| પ્રો. રમણલાલ જોશી | 2, અચલાયતન સોસાયટી,<br>નવરંગપુરા, અમદાવાદ |


**પરામર્શ (ભાષા) :**


| | |
|---|---|
| પ્રો. રમણલાલ જોશી | 2, અચલાયતન સોસાયટી,<br>નવરંગપુરા, અમદાવાદ |


**સંપાદન અને સંયોજન :**


| | |
|---|---|
| ડૉ. પી. કે મહેતા | નિયામક,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,<br>અમદાવાદ - 380 003 |


**સંયોજન સહાય :**


| | |
|---|---|
| શ્રી એસ. એચ. બારોટ | મદદનીશ કુલસચિવ |
| શ્રી ડી. આઈ. શાસ્ત્રી | કાર્યાલય અધીક્ષક<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,<br>અમદાવાદ - 380 003 |



**: પ્રકાશક :**

કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
"જ્યોતિર્મય પરિસર", શ્રી બાલાજી મંદિરની સામે, સરખેજ-ગાંધીનગર હાઈવે,
અમદાવાદ-382481



©સર્વહક સ્વાધીન આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈપણ ભાગને
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર
મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈપણ રીતે પુનઃમુદ્રિત કરવાની મનાઈ છે.

BAOU
Education
for all

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

વિભાગ

# 1

## સૉનેટ - I


એકમ 1

ઊર્મિ કવિતા અને એના મુખ્ય પ્રકારો 7

એકમ 2

સૉનેટ સ્વરૂપની વિભાવના 11

એકમ 3

સૉનેટ : ઉદ્ભવ અને વિકાસ 25

# એકમ 1 ઊર્મિ કવિતા અને એના મુખ્ય પ્રકારો

**રૂપરેખા**


1.1 ઉદ્દેશો

1.2 પ્રાસ્તાવિક

1.3 ઊર્મિ કવિતા : વ્યાખ્યા અને લાક્ષણિકતા

1.4 પ્રકારો

1.5 ચાવીરૂપ શબ્દો

1.6 કેટલાંક ઉપયોગી પુસ્તકો

1.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો


## 1.1 ઉદ્દેશો

- કાવ્યના પ્રકારોની સમજ મેળવવી.
- ઊર્મિ કવિતાની વિભાવના સમજવી.
- ઊર્મિ કવિતાના મુખ્ય પ્રકારોની જાણકારી મેળવવી.

## 1.2 પ્રસ્તાવિક

પ્રાચીન કાવ્યસાહિત્ય ત્રણ મુખ્ય ધારાઓમાં વહેંચાયેલું રહ્યું છે : મહાકાવ્ય (Epic), નાટક (Drama) અને ઊર્મિ કવિતા (Lyric). મહાકાવ્ય અને નાટક પરલક્ષી (objective) સાહિત્યપ્રકારો છે. પરલક્ષી સાહિત્યમાં સર્જક પોતાની સંવેદનાનું નિરૂપણ ન કરતાં જનસામાન્યની સંવેદનાનું નિરૂપણ કરે છે. આવી બિનંગતતાને કારણે પરલક્ષી સાહિત્યમાં વ્યાપકતાનું તત્ત્વ આવે છે એ ઘણાને સ્પર્શે છે. મહાકાવ્યમાં અને નાટકમાં આવું સાર્વજનીન તત્ત્વ હોય છે તેથી ભાવકમાત્રને એમાં રસ પડી શકે છે. મહાકાવ્ય અને નાટકનાં કદ પણ દીર્ઘ હોય છે. મહાકાવ્ય સર્ગોમાં અને નાટક અંકો કે દૃશ્યોમાં વહેંચાયેલું હોય છે. જીવનના વ્યાપક પરિમાણ સાથે એ બન્ને સ્વરૂપોને સમ્બન્ધ છે. એમાં વિસ્તાર-વ્યાપ અપેક્ષિત છે.

ઊર્મિ કવિતામાં જીવનવિચાર કરતાં જીવનની કોઈ ભાવક્ષણનું નિરૂપણ થાય છે. એમાં વિસ્તાર કે વ્યાપ નહીં પણ ભાવનું એકકેન્દ્રી વલય મહત્ત્વનું બને છે એમાં પરલક્ષિતા (objectivity) નહીં પણ આત્મલક્ષિતા-(subjectivity)નું આલેખન મુખ્ય બને છે. કવિની અંગત સંવેદના એમાં આવી શકે છે. એનું કદ લઘુ હોય છે. મહાકાવ્ય અને નાટકની તુલનાએ એનું પરિણામ ઓછો વ્યાપ ધરાવે છે.

## 1.3: ઊર્મિ કવિતા : વ્યાખ્યા અને લાક્ષણિકતા

'એનસાઇક્લોપીડિયા બ્રિટાનિકા'માં ઊર્મિકાવ્યની સમજ આપતાં કહેવાયું છે કે,

''It may be said that the lyric is a direct arrow-like flight, a spontaneous flash of emotion which makes its own music.''(Vol. 14, 1947) ઊર્મિ કવિતાને અંગ્રેજીમાં Lyric કહેવામાં આવે છે. 'Lyric' શબ્દ ગ્રીક Lyre ઉપરથી ઊતરી આવ્યો છે. Lyre એક પ્રકારનું તંતુવાદ્ય છે. એના સૂરની સંગતમાં ગવાતી રચનાને Lyric કહેવાતી. વ્યાખ્યામાંનો music શબ્દ પણ એના આ સંગીતતત્ત્વનો, ગેયતાનો સમાવેશ કરે છે. ગુજરાતીમાં પ્રારમ્ભે ઊર્મિ કાવ્ય માટે 'સંગીતકાવ્ય' કે 'રાગધ્વનિ કાવ્ય' જેવી સંજ્ઞાઓ પ્રયોજાઈ છે. પણ આ અર્થમાં ક્રમશઃ એમાંથી સંગીતતત્ત્વ ઓછું થતું ગયું અને સૂર કરતાં શબ્દનું પ્રાધાન્ય વધ્યું. ગુજરાતી સાહિત્યના પ્રથમ સૉનેટ કવિ શ્રી બળવન્તરાય કલ્યાણરાય ઠાકોરે પણ 'સગડા'ઓનો વિરોધ કરી વિચારપ્રધાન કવિતાની જિકર કરી. એમણે પ્રયોજેલી 'ઊર્મિકાવ્ય' સંજ્ઞા આજે ગુજરાતી સાહિત્યમાં આ પ્રકારના કાવ્ય માટે સ્વીકૃત અને રૂઢ થઈ ચૂકી છે.

વ્યાખ્યામાંનો direct શબ્દ સોંસરાપણાને તાકે છે. ઊર્મિ કવિતામાં ભાવની સોંસરી ગતિ અપેક્ષિત છે. ઊર્મિકાવ્યમાં પૂર્વભૂમિકા કે પ્રાસ્તાવિક નથી હોતાં. પહેલી પંક્તિથી જ કવિ લક્ષ્ય પ્રતિ ગતિ કરે છે. ઊર્મિ કવિતાનો કવિ પહેલી પંક્તિ કદી બગાડતો નથી, બલકે પહેલી પંક્તિમાં જ એ ભાવનું સાંગોપાંગ નિરૂપણ

કરી દે છે. પછીની પંક્તિઓમાં તો ભાવ એ પહેલી પંક્તિમાંના ભાવબિન્દુએ ઘૂંટાતો જ હોય છે. અહીં કેન્દ્રોત્સર્ગી નહીં પણ કેન્દ્રગામી ભાવનિરૂપણ હોય છે. આ ગતિ અત્યન્ત ત્વરિત પણ હોય છે.

વ્યાખ્યામાં આ ત્વરિતતા અને સીધાપણા માટે 'arrow-like flight' શબ્દોના ઉલ્લેખો છે. એ શરગતિએ ઉડાન સાધે છે. વિમાનને આવશ્યક એવા રન-વેની એને ઝાઝી જરૂર પડતી નથી. એ તો હેલિકૉપ્ટરની જેમ તરત જ ઉડાન લે છે. અહીં પણ ઊર્મિ કવિતાની ત્વરિત લક્ષ્યગામિતાનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

વ્યાખ્યામાંના spontaneous flash of emotion શબ્દો ઊર્મિકાવ્યના વિષયક્ષેત્રને આવરી લે છે. ભાવ કે લાગણીનો ઝબકારમાત્ર એમાં સામગ્રી તરીકે આવે છે. આ ભાવ સ્વયંભૂ હોય એ પણ આવશ્યક મનાયું છે. જુસ્સો, આવેગ જેવી વૃત્તિજન્ય સંવેદનાઓ પણ, આને કારણે, ઊર્મિકાવ્યનો વિષય બની શકે છે. હેઝલિટ નામના વિવેચકે આ માટે Passion સંજ્ઞા વાપરી હતી જેનો આપણા ગુજરાતી કવિ નર્મદે જોસ્સારૂપે ખાસ્સો સ્વીકાર કર્યો હતો. ઇન્ગ્લૅન્ડના સુપ્રસિદ્ધ ઊર્મિકવિ વર્ડ્ઝવર્થે પણ કવિતાને spontaneous overflow of powerful feelings તરીકે જ ઓળખાવી હતી. એમાં પણ લાગણીના સ્વયંભૂ ઊભરાની જિકર હતી. જો કે પાછળથી વર્ડ્ઝવર્થને પોતાની આ સમજ સુધારવાની ફરજ પડી હતી અને એણે ચિત્તની સ્વસ્થતાને - tranquility of mindને મહત્ત્વની ગણાવી હતી. આવેગ કે ઊભરાને બદલે ચિત્તની સ્વસ્થતામાં સંભૃત ઊર્મિઓને એણે વિશેષ મહત્ત્વની ગણાવી હતી, કેમ કે કેવળ આવેગ કે જોસ્સો અલ્પજીવી અને ક્ષુદ્ર હોવાનો સમ્ભવ છે. કાવ્યને ચિરંજીવ બનાવવા માટે ક્ષણિક વૃત્તિઓ કરતાં સ્વસ્થતાપૂર્ણ પરિમાર્જિત સંવેદનાઓ મહત્ત્વની છે. માત્ર સ્વયંભૂપણું નહીં, પણ એ સ્વયંભૂ ઊર્મિ પરનો વિચારઅંકુશ એને વિશેષ મૂલ્યવાન બનાવે છે. ગુજરાતી વિવેચનામાં શ્રી બ. ક. ઠાકોરે પણ આથી જ વિચારપ્રધાન કવિતાની હિમાયત કરી હતી. એ માનતા હતા કે 'ઊર્મિશૂન્ય તે કવિતા નહીં', પણ એ ઊર્મિ વિચારના રસાયણથી રસાયેલી અને એમ કસાયેલી બનવી જોઈએ.

અહીં વિચાર માત્ર કાવ્યમાં સ્વસ્થતા, પક્વતા, પરિપૂર્ણતા અર્થે આવશ્યક છે એમ સમજવાનું છે. તર્ક કે દલીલોને ઊર્મિકાવ્યમાં અવકાશ નથી. ભાવ કે લાગણીનું એકત્વ એમાં અપેક્ષિત છે અને આ એકત્વ સર્જવામાં વિચારતત્ત્વે સહાય કરી હોય છે. અંગતતા અને આત્મલક્ષિતા એમાં અવશ્ય આવી શકે છે પણ કવિએ એને શક્ય એટલી રીતે બિનંગત બનાવવાનાં હોય છે. એની આ અંગતતાને લક્ષમાં રાખીને ટી. એસ. એલિયટે ઊર્મિકવિતાને , એમના 'થ્રી વૉઇસિસ ઑફ પોએટ્રી' નામના લેખમાં, 'ફર્સ્ટ વૉઇસ ઑફ પોએટ્રી' તરીકે ઓળખાવી છે. કવિ સીધો જ પોતાની સંવેદનાઓનું નિરૂપણ એમાં કરતો હોવાથી એને first voice of poetry તરીકે એલિયટ ઓળખાવે છે. જે કવિતામાં નાટ્યાત્મકતા હોય અને પાત્રો દ્વારા ઊર્મિ પ્રગટ કરવામાં આવી હોય એને એલિયટ 'થર્ડ વૉઈસ ઑફ પોએટ્રી' તરીકે ઓળખાવી 'ડ્રામેટિક લિરિક'- (dramatic lyric)ના વર્ગમાં એને મૂકે છે.

ઊર્મિકાવ્યનું સ્વરૂપ અનુનેય, લવચિક રહ્યું છે. એમાં સંવાદ, નાટ્યાત્મકતા પણ આવી શકે છે. ઊર્મિની સાથે ચિન્તન, તત્ત્વજ્ઞાન પણ એ ખમી શકે છે. ભાવની નજાકત એનું પ્રથમ લક્ષણ છે. તત્ત્વજ્ઞાને પણ આ સ્વરૂપની શિસ્ત અંતર્ગત નાજુક, મૃદુ બનીને આવવું પડે. પ્રણય, પ્રકૃતિ, ભક્તિ, દેશભક્તિ, તત્ત્વજ્ઞાન, શોક, વિષાદ આદિ અનેક ભાવસ્થિતિઓ વિશે ઊર્મિકવિતા થઈ શકે છે અને એને કારણે એ આજ પર્યન્ત સરજાતું રહ્યું છે. અનેક નવાં લઘુ કાવ્યસ્વરૂપો આ પ્રકારમાં સમાવિષ્ટ થઈ શકે એવી એની ક્ષમતા છે.

આમ છતાં, હાસ્યપ્રધાન રચના ઊર્મિકાવ્યના વર્ગમાં આવી શકતી નથી. હાસ્ય બૌદ્ધિક વ્યાપાર છે અને ઊર્મિકાવ્યમાં બૌદ્ધિકતા કરતાં સંવેદનાનું પ્રાધાન્ય હોઈ હાસ્યના વિષયની ઊર્મિકવિતા સમ્ભવતી નથી. હાસ્ય બિનંગતતાના ક્ષેત્રમાં સરી પડે છે, પરલક્ષી બની જાય છે. (કવિ જાત ઉપર હસતો હોય ત્યારે પણ એ બિનંગત બનીને જ હસે છે.) આથી પણ હાસ્યને ઊર્મિકાવ્યમાં નહીંવત્ સ્થાન છે.

## 1.4 પ્રકારો

પ્રાચીન યુરોપના દેશોમાં ઓડ (Ode), આઇડિલ (Idyl), કરુણ પ્રશસ્તિ (Elegy) જેવા કાવ્યપ્રકારો ઊર્મિકવિતાનો જ એક ભાગ હતા. ઇટાલિયન સૉનેટ કે ઈરાનિયન ગઝલ પણ ઊર્મિકાવિતાના વર્ગમાં જ આવે છે. ગુજરાતી પદ, ભજન, ગરબી, ગીત જેવા મધ્યકાલીન-અર્વાચીન કાવ્યપ્રકારો પણ ઊર્મિ કવિતા જ છે. આ દૃષ્ટિએ ઊર્મિ કવિતાના પ્રકારભેદો ઘણા છે. આમ થવાનું/હોવાનું કારણ એના સ્વરૂપમાં રહેલી

પેલી અનુનેયતા (flexibility) છે.

ઓડમાં સ્તોત્રોનો સમાવેશ થાય છે. ઈશ્વર પ્રતિ પ્રગટ થતી સ્તુતિને ઓડ કહેવાતી. એમાં નર્તનને પણ આવકાશ હતો. ગ્રીસમાં પિંડાર, બેકીલાઈડ્ઝ જેવા કવિઓનાં ઓડ જાણીતાં હતાં. ઇન્ગ્લૅન્ડમાં જોન્સને પણ આવી રચનાઓ કરી હતી. આઇડિલમાં કોઈક કથાનો આશ્રય લેવામાં આવતો. એમાં વર્ણનને પણ અવકાશ રહેતો. એમાં ગોપજીવનનું, જનપદનું નિરૂપણ થતું. એલેજીમાં સ્વજનના મૃત્યુજન્ય શોકનું ચિન્તનમિશ્રિત નિરૂપણ રહેતું. એમાં મૃત્યુવિષયક ચિન્તનને અવકાશ રહેતો. જ્યાં આવી અંગતતા ન હોય ત્યાં આવતા ચિન્તનને કારણે એક ચિન્તનોર્મિ ઊર્મિકાવ્ય જેવો પ્રકાર પણ વિકસ્યો છે. પાત્રોને આધારે પ્રગટ થતી ઊર્મિઓવાળા સંવાદપ્રધાન કાવ્યને નાટ્યાત્મક ઊર્મિકાવ્ય કહેવાય છે. પદો, ભજનો, ગરબી, ગીતો જેવામાં ભાવ-લયનું સમ્મિશ્રણ હોય છે. ભક્તિ અને પ્રેમના તત્ત્વનો એમાં મેળ થયો હોય છે. ગુજરાતી મધ્યકાલીન સાહિત્યમાં નરસિંહ, મીરાં, પ્રીતમ, પ્રેમસખી, રાજે, દયારામ જેવા પદકવિઓએ પ્રેમલક્ષણાભક્તિમાર્ગ અન્વયે આવી ઊર્મિ કવિતાઓ સરજી છે. ગઝલમાં પણ ઇશ્કેમિજાજી (પ્રેમની કવિતા) અને ઇશ્કેહકીકી (અધ્યાત્મની કવિતા) પ્રકારની ઊર્મિ કવિતા સરજાતી હતા. સૉનેટના પ્રારમ્ભે એમાં પણ પહેલાં તો પ્રેમની જ કવિતા થતી. પાછળથી એમાં વિષયવૈવિધ્ય દાખલ થયું. આમ ઊર્મિકાવ્યના પ્રકારોમાં ભાવવિચારનું સામુજ્ય માત્રાભેદે સચવાતું રહ્યું છે. ગુજરાતી કવિતામાં આજે સરજાતી શૂન્યતાવાદી, અસારવાદી કવિતાને પણ આ વર્ગમાં સમાવી શકાય એમ છે. જોકે ત્યારે એને માટે 'ઊર્મિ' શબ્દ પ્રયોજવામાં મુશ્કેલી પડે એમ છે. આપણા આધુનિક વિવેચકોએ આ પ્રકારની અનુભૂતિ સાથે કામ પાડતી રચનાઓ માટે કોઈક નવી જ પારિભાષિક સંજ્ઞા શોધવી રહી. જ્યાં સુધી એ ન જડે ત્યાં સુધી તો એને માટે આ 'ઊર્મિકાવ્ય' સંજ્ઞાથી જ આપણે કામ ચલાવવું રહ્યું.

ગુજરાતી કવિતામાં નરસિંહરાવ દીવેટિયાના 'કુસુમમાળા' સંગ્રહથી અઢારસો સત્યાસીમાં પાશ્ચાત્ય શૈલીનાં ઊર્મિકાવ્યો લખાવાનો પ્રારમ્ભ થયો. પરન્તુ ઠેઠ મધ્યકાળથી, બારમી સદીથી, ગુજરાતીમાં ઊર્મિકાવ્યનાં લક્ષણો પ્રગટ કરતી રચનાઓ મળે છે. અગાઉ નિર્દેશ્યું છે એમ નરસિંહ, મીરાં, પ્રીતમ, પ્રેમસખી, દાસી જીવણ, રાજે, દયારામ જેવા કવિઓની આત્મલક્ષી, ભક્તિશૃંગારજન્ય કેટલીય રચનાઓ ઊર્મિ કવિતાનાં લક્ષણો નિભાવે છે. નરસિંહ-મીરાં-અખાનાં તત્ત્વજ્ઞાનનાં પદોની ઊંચાઈ પણ ઊર્મિકાવ્ય અને તત્ત્વજ્ઞાનના સમ્બન્ધ અંગે વિધાયક ભૂમિકા રચી આપે છે. પશ્ચિમી સાહિત્યસંસ્કારના સમ્પર્કે, નરસિંહરાવ પૂર્વે નર્મદે પણ શુદ્ધ પ્રકૃતિકાવ્યો અને આત્મલક્ષી પ્રણયકાવ્યો સરજીને ઊર્મિ કવિતાનું બારું ખોલ્યું હતું. એનું 'અવસાનસંદેશ' કાવ્ય કે 'જય જય ગરવી ગુજરાત' જેવું દેશભક્તિનું કાવ્ય આપણાં સારાં ઊર્મિકાવ્યો છે. આમ ગુજરાતી કાવ્યસાહિત્યમાં ઊર્મિકાવ્યનું ઝરણ ઘણું જૂનું છે એ જોઈ શકાય છે.

**નીચેના પ્રશ્નોના જવાબો આપો :**

(1) પ્રાચીન સાહિત્ય કેટલી ધારાઓમાં વિભક્ત હતું ? કઈ કઈ ?

(2) ઊર્મિકાવ્ય સંજ્ઞાના અન્ય પર્યાયો કયા છે ?

(3) ઊર્મકાવ્ય અને સંગીત વચ્ચે કેવો સમ્બન્ધ રહેલો છે ? એ અંગે તમે કયો વિચાર ધરાવો છો ?

(4) ઊર્મિકાવ્યની વ્યાખ્યાને આધારે એની લાક્ષણિકતાઓ, દસેક વાક્યોમાં, દર્શાવો.

(5) એલિયટે ઊર્મિકાવ્યને 'ફર્સ્ટ વોઈસ' શા માટે કહ્યું છે ?

(6) ઊર્મિકાવ્યના પ્રકારવૈવિધ્યનો ખ્યાલ દસેક વાક્યોમાં આપો.

(7) ઊર્મિકાવ્યનું વિષયક્ષેત્ર દર્શાવો. હાસ્ય સાથે ઊર્મિ કવિતાનો કેવો સમ્બન્ધ છે ? શા માટે ?

(8) ગુજરાતીમાં ઊર્મિ કવિતાનો પ્રારમ્ભ કોણે અને ક્યારે કર્યો ? એ પૂર્વે ગુજરાતીમાં ઊર્મિ કવિતાનાં લક્ષણો દાખવતી રચનાઓ કોણે કોણે આપી અને ક્યારથી એ દર્શાવો.

**વસ્તુલક્ષી કસોટી :** નીચેનાં વાક્યો સાચાં છે કે ખોટાં એ જણાવો :

1. ઊર્મિકાવ્ય પરલક્ષી કાવ્યપ્રકાર છે.
2. ઊર્મિકાવ્યમાં હાસ્યરસનું નિરૂપણ થઈ શકતું નથી.
3. ઊર્મિકાવ્યમાં ભાવનો અમર્યાદ વિસ્તાર થઈ શકે છે.
4. ઊર્મિકાવ્ય માટે સંગીત અનિવાર્ય છે.
5. ઊર્મિકાવ્યનું સ્વરૂપ અનુનેય છે.

## 1.5 ચાવીરૂપ શબ્દો (Key Words)

**જિક્ર** - ઉલ્લેખ.
**આત્મલક્ષિતા** - અંગતતા.
**અનુનેય** - જેમ વાળવા ઇચ્છીએ એમ વળી શકે એવું.
**વિધાયક** - રચનાત્મક, હકરાત્મક, બારું-દ્વાર.
**પ્રતિ** - તરફ.
**શરગતિ** - તીર જેવી સીધી ગતિ.
**આજ પર્યન્ત** - આજ સુધી.
**સંભૃત** - સંચિત, શાંત, નીરવ.

## 1.6 કેટલાંક ઉપયોગી પુસ્તકો

વિશેષ અધ્યયન માટે *ઊર્મિ-કાવ્ય* (લે. ચિમનલાલ ત્રિવેદી), *ઊર્મિ કવિતા* (લે. ચન્દ્રશંકર ભટ્ટ), *ઊર્મિ-કાવ્ય : શિલ્પ અને સર્જન* (લે. નટુભાઈ ઠક્કર) તથા *ગુજરાતી ઊર્મિકાવ્યો* (સં. જયન્ત પાઠક, રમણ પાઠક) પુસ્તકો વિદ્યાર્થીઓએ અવશ્ય વાંચવાં.

## 1.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**'તમારી પ્રગતિ ચકાસો' - 1**

1. જવાબ માટે જુઓ : પ્રાસ્તાવિક, પરિચ્છેદ-1.
2. જવાબ માટે જુઓ : 1.3 પરિચ્છેદ - 1
3. જવાબ માટે જુઓ 1.3 પરિચ્છેદ - 1
4. જવાબ માટે જુઓ 1.3
5. જવાબ માટે જુઓ 1.3 પરિચ્છેદ - 5
6. જવાબ માટે જુઓ 1.4
7. જવાબ માટે જુઓ 1.3 અંતિમ પરિચ્છેદ
8. જવાબ માટે જુઓ 1.4 પરિચ્છેદ - 3

**'તમારી પ્રગતિ ચકાસો' - 2**

1. ખોટું, 2. સાચું, 3. ખોટું, 4. ખોટું, 5. સાચું.

# એકમ 2 સૉનેટ સ્વરૂપની વિભાવના

## રૂપરેખા

2.1 ઉદ્દેશો
2.2 પ્રાસ્તાવિક
2.3 સૉનેટ : સંજ્ઞાવિચાર
2.4 સૉનેટનાં મૂળ
2.5 સૉનેટ : ઇંગ્લૅન્ડમાં
2.6 સૉનેટ : અન્યત્ર અને ગુજરાતીમાં
2.7 સૉનેટ : વિભાવના અને લાક્ષણિકતાઓ
2.8 ચૌદ પંક્તિઓનો પદ્યબન્ધ
2.9 પેટ્રાર્કશાઈ સૉનેટ
2.10 શેક્સપિયરીઅન સૉનેટ
2.11 મિલ્ટોનિક સૉનેટ
2.12 સૉનેટમાં પ્રાસસંયોજના
2.13 સૉનેટ અને છન્દસંયોજના
2.14 વસ્તુલક્ષી કસોટી
2.15 સૉનેટયુગ્મ
2.16 સૉનેટમાળા
2.17 સૉનેટ અને પ્રયોગશીલતા
2.18 સૉનેટ માટેના ગુજરાતી પર્યાયો
2.19 કેટલાંક ઉપયોગી પુસ્તકો
2.20 ચાવીરૂપ શબ્દો
2.21 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

## 2.1 ઉદ્દેશો

- કાવ્યસ્વરૂપ તરીકે સૉનેટનું મહત્ત્વ જાણવું.
- સૉનેટ અને ઊર્મિકવિતાનો સમ્બન્ધ સમજવો.
- સૉનેટની લાક્ષણિકતાઓ જાણવી.
- સૉનેટના પેટા પ્રકારોની માહિતી પ્રાપ્ત કરવી.

## 2.2 પ્રાસ્તાવિક

પ્રથમ એકમમાં આપણે ઊર્મિકાવ્યની વિભાવના અને એના પેટા પ્રકારોની સમજ મેળવી. એમાં જોયું કે આ સ્વરૂપના પેટા પ્રકારો ઘણા છે. સ્થળ, સમય અને સર્જકપ્રતિભા અનુસાર એમાં પ્રકારપરિવર્તન આવ્યું છે. સૉનેટ પણ આવો એક સ્થળસંલગ્ન પ્રકાર છે. ઇટાલીના સાંસ્કૃતિક પરિવેશ અને સંગીત પરમ્પરા સાથે એવો સમ્બન્ધ સ્હેલો છે. એ ઇટાલીમાં ઉદ્‌ભવેલું અને પછી યુરોપના તથા વિશ્વના અન્ય દેશોમાં વિસ્તરેલું કાવ્યસ્વરૂપ છે.

## 2.3 સૉનેટ : સંજ્ઞાવિચાર

સૉનેટ શબ્દનાં મૂળ ઇટાલિયન સ્યૂનો (SUONO) સાથે જોડાયેલાં છે. સમી સાંજે ઘેટાંનાં ધણ સાથે ઘર ભણી પાછા વળતા ઇટાલિયન ભરવાડો ઘેટાંના ગળામાં બાંધેલી ઘંટડીઓના સૉનેટો (SONNETTO) નામક મધુર રણકાર સાથે ગીતોની ધૂન ગણગણતા. આ 'સૉનેટો' શબ્દ સાથે પણ સૉનેટ સંજ્ઞાને સમ્બન્ધ હોવાની શક્યતા છે. 'સ્યૂનો' શબ્દનો અર્થ પણ 'સૂર' કે 'અવાજ' એવો થાય છે. સૉનેટનું પ્રભવસ્થાન પણ ઇટાલી જ રહ્યું છે અને એના ઉદ્‌ભવ સાથે, પ્રારમ્ભે, સૂરનું અને એમ સંગીતનું તત્ત્વ સંકળાયેલું રહ્યું છે. આને કારણે એ

ઊર્મિકાવ્યના એક મહદ્ પ્રકારનું સ્થાન પ્રાપ્ત કરી શક્યું હતું.

**'તમારી પ્રગતિ ચકાસો' - 1**

**નીચેના પ્રશ્નોના જવાબો આપો :**

1. સૉનેટ સંજ્ઞાનું મૂળ કયા શબ્દમાં રહેલું છે ?
2. સૉનેટ અને સંગીત વચ્ચેના સમ્બન્ધની પૂર્વભૂમિકા આલેખો.

## 2.4 સૉનેટનાં મૂળ

સૉનેટનાં મૂળ ઈસવી સનની તેરમી સદીમાં સિસિલીના લૉયર જૂથાકોમ-દ-લૅન્ટિનોની રચનાઓમાં હોવાનું અભ્યાસીઓ નોંધે છે. અહીંથી જ એ ચૌદ પંક્તિઓની લક્ષ્મણરેખા નિભાવતું આવ્યું છે. જૂથાકોમની રચનાઓ આઠ (અષ્ટક) અને છ (ષટ્ક) એમ બે વિભાગોમાં વહેંચાયેલી રહેતી. આ પછી ગ્વીતોની એરિઝો (1230-1294), દાન્તે (1265-1321) અને ફ્રાન્સિસ્કો પેટ્રાર્ક (1304-1374) આદિ કવિઓ દ્વારા આ સ્વરૂપ આગળ વિકસતું ગયું. દાન્તેએ અને પેટ્રાર્કે પોતાની પ્રણયકવિતાથી આ પ્રકારને વિશેષ લોકપ્રિય કર્યો. બિએટ્રિસ નામની પ્રિયતમાને ઉદ્દેશીને દાન્તેએ તથા લૉરા નામની પ્રિયતમાને સમ્બોધીને પેટ્રાર્કે પોતાના અંગત પ્રણય સમ્વેદનનું નિરૂપણ સૉનેટ પ્રકારમાં કરી સૉનેટને પ્રણયની અંગત અભિવ્યક્તિ સાથે જોડી આપ્યું. ફારસી ગઝલપ્રકારમાં પણ આવું અંગત પ્રણયનિવેદન જ કેન્દ્રસ્થાને રહેતું હતું એ સૂચક છે. ગ્વીતોની અને પેટ્રાર્કે વિશિષ્ટ પ્રકારની પ્રાસસંકલના સાથે આ સ્વરૂપને વિશેષ સંગીતયુક્ત બનાવ્યું અને પેટ્રાર્કના આ આયોજનબદ્ધ સર્જનવ્યાપારને કારણે અષ્ટક-ષટ્કના વર્ગીકરણવાળો (આ) પ્રકાર પેટ્રાર્કશાઈ સૉનેટપ્રકાર તરીકે ઓળખાયો.

**'તમારી પ્રગતિ ચકાસો' - 2**

**નીચેના પ્રશ્નોના જવાબો આપો :**

1. સૉનેટ સ્વરૂપનો પ્રારમ્ભ ક્યારે અને કોનાથી થયો ?
2. સૉનેટના પ્રારમ્ભે દાન્તેએ અને પેટ્રાર્કે કયા પ્રકારનું પ્રદાન કર્યું ?

## 2.5 સૉનેટ : ઈન્ગ્લૅન્ડમાં

સોળમી સદીમાં ઇન્ગ્લૅન્ડમાં સૉનેટો લખાવાનો પ્રારમ્ભ થાય છે. થોમસ વ્યેટ(1503-1542)ને એના પ્રારમ્ભનો યશ આપવામાં આવે છે. વ્યેટ પણ બહિરંગ પરત્વે મુખ્યત્વે પેટ્રાર્કને જ અનુસરે છે. અર્લ સરેએ સૉનેટને ત્રણ ચતુષ્ક અને એક યુગ્મના વિભાગીકરણ દ્વારા નવીન ઘાટ આપ્યો અને શેક્સપિયરે વિશેષ કલાત્મકતા દ્વારા સરેની આ પદ્ધતિને સામર્થ્યવાન બનાવી. આ પ્રકારના વિભાગીકરણવાળો સૉનેટપ્રકાર શેક્સપિયરીઅન સૉનેટ તરીકે ઓળખાયો. આ પછી તો સ્પેન્સર, સિડની, ડેનિયલ, જોન્સન આદિ કવિઓએ પણ વિપુલ સૉનેટસર્જન કર્યું. આમાંની મોટા ભાગની સૉનેટરચનાઓનો વિષય પ્રણય હતો એ નોંધવું જોઈએ.

મિલ્ટન દ્વારા સૉનેટસ્વરૂપમાં વિષયવૈવિધ્ય દાખલ થયું. એણે એના રૂઢ ખણ્ડકોને પણ ન સ્વીકાર્યા. પંક્તિવિભાજનની મુક્ત રીતિ એણે અપનાવી. આ પ્રકારનું સૉનેટ અનિયમિત કે મિલ્ટોનિક તરીકે ઓળખાયું. આ પછી તો એડવર્ડ્ઝ, મારલો, વૉર્ટન, સ્મિથ, વર્ડ્ઝવર્થ, કોલરિજ, બ્રાઉનિન્ગ, શેલી, કિટ્સ જેવા અનેક કવિઓએ આ સ્વરૂપને સમૃદ્ધ કરવામાં ફાળો આપ્યો. બોદલેર, માલાર્મે અને પોલ વાલેરી જેવા ફ્રેન્ચ કવિઓએ, બોસ્કાં અને ગાર્સિલા જેવા સ્પેનિશ કવિઓએ, રિલ્કે જેવા જર્મન કવિએ પણ સૉનેટો લખીને આ સ્વરૂપને યુરોપીય કુળના અનોખા સ્વરૂપ તરીકે પ્રતિષ્ઠિત કર્યું.

## 2.6 સૉનેટ : અન્યત્ર અને ગુજરાતીમાં

સૉનેટનું ખેડાણ પોર્ટુગલ, અમેરિકા, પોલૅન્ડ જેવા દેશોમાં પણ થયું. ભારતમાં પણ એ ગુજરાતને માર્ગે દાખલ થયું. ૧૮૮૮ના મે માસમાં બળવન્તરાય કલ્યાણરાય ઠાકોરે 'ભણકારા' નામનું સૉનેટ સરજીને આ સ્વરૂપનાં મંગલાચરણ કર્યાં. આ પૂર્વે જમશેદજી પીટીટ નામના એક પારસી કવિએ ચૌદ પંક્તિઓ વાળી રચના આપી

હતી પરન્તુ એનું અન્તરન્ગ સૉનેટનું ન હોઈ બ. ક. ઠકોરની ઉપર્યુક્ત રચનાથી ગુજરાતી સૉનેટનો પ્રારમ્ભ થયેલો માનવામાં આવે છે.

**'તમારી પ્રગતિ ચકાસો' - 3**

**નીચેના પ્રશ્નોના જવાબો આપો :**

1. ઇન્ગ્લૅન્ડમાં થયેલા સૉનેટના વિકાસનો પરિચય કરાવો.
2. યુરોપના અન્ય દેશોમાં અને અન્યત્ર સૉનેટ કઈ રીતે વિકાસ પામ્યું એની વિગતો આપો.
3. ગુજરાતીમાં સૉનેટ ક્યારે અને કોના દ્વારા પ્રવેશ્યું ?

## 2.7 સૉનેટ : વિભાવના અને લાક્ષણિકતાઓ

સૉનેટ ઊર્મિકાવ્યના પેટા પ્રકાર તરીકે આગવી રીતે વિકસેલો કાવ્યપ્રકાર છે. એમાં ઊર્મિની સાથે વિચારનો, સમ્વેદનાઓની સાથે બૌદ્ધિકતાનો સમન્વય થતો આવ્યો છે. ભાવનાઓને એમાં ચિન્તનનો પુટ ચઢે છે. આ દૃષ્ટિએ એ ઊર્મિકાવ્યની પરમ્પરાથી થોડું નોખું પડતું કાવ્યસ્વરૂપ છે. ઊર્મિકાવ્યમાં ભાવ એક બિન્દુએ ઘૂંટાતો હોય છે, જ્યારે એના જ અન્ગભૂત એવા આ કાવ્યપ્રકારમાં ભાવનો વળાંક એ ક્વચિત્ ભાવવિસ્તાર પણ સધાતો મળી આવે છે. આમ છતાં એ મૂળની ભાવલક્ષિતાની વિભાવનાથી ઝાઝું દૂર જતું નથી કે પદ્યનિબન્ધમાં પણ પરિણમતું નથી. (એમ થાય તો એ સૉનેટ/ઊર્મિકાવ્ય રહેતું નથી.) સૉનેટમાં ઊર્મિપ્રાણિત વિચાર કે વિચારપ્રાણિત ઊર્મિનું નિરૂપણ થાય છે. એની સંઘટ્ટનાને કારણે જેઇમ્સ રીત્ઝે એને 'The most highly specialised form of lyric' (ઉર્મિકાવ્યના એક વિશિષ્ટ પ્રકાર) તરીકે ઓળખાવ્યું છે. એમાં આવતો ઊર્મિએકમ સ્વયંપર્યાપ્ત હોય છે. એમાં અંગત તેમ જ બિનંગત ઊર્મિનું આલેખન થઈ શકતું હોય છે. ઊર્મિને નાટ્યાત્મક રીતે પણ પ્રગટ થવાનો આ સ્વરૂપમાં અવકાશ રહે છે. એક પ્રકારની કલાપરક શિસ્તથી સૉનેટના કવિએ પ્રવર્તવું પડે છે. સારું સૉનેટ સર્જવું સર્જક પાસે વિશિષ્ટ સજ્જતા માગી લે છે. ઉત્તરોત્તર ભાવસંયોજનની સાથેસાથે ઘાટસંયોજન સિદ્ધ કરતા જવું કઠિન છે. અહીં ભાવ-ભાનનું સભાન સમ્મિશ્રણ કરવાનું હોય છે. એમાં અનેકકેન્દ્રી ભાવવિચાર લાવવા જતાં એનું સ્વરૂપ જોખમાય છે. શ્રી ઉમાશંકર જોશી આથી જ કહે છે કે,

'સૉનેટમાં એક જ વિચારકણ, એક જ રાગબિન્દુ, માત્ર એક અનુભવઅંશ વ્યક્ત થઈ શકે.'

આવો એક વિચારકણ કે રાગબિન્દુ થોડી તિર્યક્તા સાધી શકે, બલકે આવી તિર્યક્તાથી સૉનેટ આકર્ષક બને છે. આ તિર્યકતા, વળાંકને આધારે સૉનેટના આગવા પેટા પ્રકારો સર્જાયા છે.

શ્રી ડોલરરાય માંકડે સૉનેટ સ્વરૂપનાં ત્રણ અનિવાર્ય લક્ષણો ગણાવ્યાં છે : (1) ચૌદ પંક્તિઓ (2) બે કે તેથી વધુ ભાગ (3) વસ્તુવળાંક. એમણે આગળ કહ્યું છે કે "સૉનેટનું મૂલ્ય એના બંધવૈચિત્ર્યને લીધે જ છે." આ ઉપરાન્ત પ્રાસરચનાની આગવી વ્યવસ્થા આ પ્રકારમાં છે. આપણે આ લાક્ષણિકતાઓનો ક્રમશઃ અભ્યાસ કરીશું.

## 2.8 ચૌદ પંક્તિઓનો પદ્યબન્ધ

સૉનેટ એના ઉદ્ગમકાળથી આજ પર્યન્ત આ બાહ્ય લાક્ષણિકતા સાથે ચુસ્ત રીતે સંકળાયેલું રહ્યું છે. ચૌદ પંક્તિઓની સીમા સૉનેટસ્વરૂપ માટેની લક્ષ્મણરેખા છે. સૉનેટ આ સીમામાંથી બહાર નીકળી શકતું નથી. શ્રી ઉમાશંકર જોશી *શૈલી અને સ્વરૂપ*માં (પૃ. 165) કહે છે કે,

"ચૌદ લીટી એ બન્ધન છે જ.... સૉનેટની પંક્તિમર્યાદામાં અનવસ્થાને અવકાશ નથી."

વિશ્વના બધા સૉનેટકારોએ અને કાવ્યસમીક્ષકોએ સૉનેટની આ મર્યાદાને સ્વીકારી લીધી છે. ક્વચિત્ કોઈએ બાર, તેર, પન્દર કે સોળ પંક્તિઓનાં કાવ્યો લખી એને સૉનેટ સંજ્ઞાના આશ્રય હેઠળ ઓળખાવવાનો પ્રયાસ કર્યો છે પરન્તુ એ કેવળ પ્રયોગો છે, સૉનેટો નહીં. પંક્તિની આવી છૂટછાટ ધરાવતી રચનાને સ્વતન્ત્ર કાવ્ય તરીકે ઓળખાવી શકાય ખરી, પરન્તુ એને સૉનેટ કહી શકાય નહીં. સૉનેટમાં ચૌદ પંક્તિઓ અનિવાર્ય રીતે જોઈએ જ.

ગુજરાતી કવિતામાં કવિ શ્રી બ. ક. ઠાકોરે '*મનુજજન્તુની અલ્પતા*', અને '*વાગ્બાણ*' નામનાં તેર પંક્તિઓવાળાં કાવ્યોને *મ્હારાં સૉનેટ* સંગ્રહમાં સૉનેટ તરીકે મૂક્યાં છે. વાસ્તવમાં, સૉનેટના માપદણ્ડ

અનુસાર એને સૉનેટ ન કહેતાં સ્વતન્ત્ર કાવ્યરચના તરીકે જ સ્વીકારીશું.

આ ચૌદ પંક્તિના વિભાજનમાં પ્રદેશે-પ્રદેશે, સમયે-સમયે, સર્જકે-સર્જકે વ્યવસ્થાભેદ મળી આવે છે અને એ સન્દર્ભે સૉનેટના અલાયદા પ્રકારોનો વિકાસ થયો છે. એના વિભાગીકરણની વ્યવસ્થા અને વસ્તુવળાંકની રીતિનીતિને કારણે પેટ્રાર્કશાઈ સૉનેટ, શેક્સપિયરીઅન સૉનેટ અને મિલ્ટોનિક સૉનેટ જેવા પ્રકારભેદો આ સ્વરૂપ અન્તર્ગત વિકાસ પામ્યા છે.

## 2.9 પેટ્રાર્કશાઈ સૉનેટ

મૂળ ઇટાલિયન સૉનેટ આઠ અને છ પંક્તિઓના બે ખણ્ડકોમાં વહેંચાયેલું હતું. ઇટાલિયન કવિઓને આ વ્યવસ્થા વિશેષ અનુકૂળ લાગી હતી અને ઇટાલિયન કવિ પેટ્રાર્કે આ પ્રકારનાં સૉનેટને ઘણાં લોકપ્રિય કર્યાં હોઈ, એણે આ પ્રકારની નમૂનેદાર રચનાઓ આપી હોઈ, આવું વિભાગીકરણ ધરાવતો પ્રકાર એના નામ સાથે જોડાઈ પેટ્રાર્કશાઈ સૉનેટ તરીકે ઓળખાયો. આઠ પંક્તિઓ ધરાવતા ખણ્ડને અષ્ટક અને છ પંક્તિઓ ધરાવતા ખણ્ડને ષટ્ક તરીકે ઓળખાવવામાં આવે છે.

આવું જ વિભાગીકરણ શા માટે એનો ઉત્તર આપતાં શ્રી ઉમાશંકર જોશી *શૈલી અને સ્વરૂપ*માં (પૃ. 170) જણાવે છે કે,

> પંક્તિસંખ્યાની પેઠે સમજૂતી જોઈતી હોય તો મળશે કે મોજાંની ભરતી માટે આઠ અને ઓટ માટે છ, પશ્ચાદભૂમિ રચવા માટે આઠ, પ્રધાન વસ્તુ માટે છ, સત્યની સ્થાપના માટે આઠ, જીવનમાં તેની પ્રવૃત્તિ જોવા છ, કોઈ એક વસ્તુના પ્રસ્તાવ માટે આઠ અને જીવનમાં કે જગતમાં તેનું સાદશ્ય કે વિરોધ નિરૂપવા માટે છ લીટી–એમ વિભાગ કરવા તે પ્રમાણદષ્ટિએ લાઘવ અને ચોટ માટે ઠીક પડે. આપણે આ વિભાગીકરણને સૉનેટકલાના સ્વયમ્ભૂ લક્ષણ તરીકે જ લેખીશું.

આમ, પેટ્રાર્કશાઈ સૉનેટના પ્રથમ અષ્ટકમાં આવતા ભાવ કે વિચારનું દ્વિતીય ષટ્કમાં પરિવર્તન આવે છે. અહીં પરિવર્તનનો અર્થ વળાંક કે સક્રાન્તિ લેવાનો છે, ભાવાન્તર નહીં. પણ ભાવપરિવર્તન સૉનેટમાં અપેક્ષિત છે. જો ભાવ સદન્તર બદલાઈ જાય તો તો રસક્ષતિ કે ભાવક્ષતિ થાય. મૂળ ભાવના પ્રતિભાવરૂપે વિરોધી ભાવ પણ આવી શકે પરન્તુ ત્યારે યે પેલું મૂળનું ભાવાનુસન્ધાન તો નિભાવવાનું રહે છે.

ગુજરાતી કવિતામાં શ્રી બ . ક. ઠાકોરનાં 'ભણકારા', 'વૃદ્ધોની દશા', 'એક મિત્રનું ભરજુવાનીમાં અવસાન', સુન્દરમ્‌નું 'જિન્દગીના નવાણે', ઉમાશંકરનાં 'પ્રણયધબક' (બળતાં પાણી ?) 'રહ્યાં વર્ષો તેમાં', ઉશનસ્‌નું 'શિશુ ઊછરતાં', નિરંજન ભગતનું 'આધુનિક અરણ્ય' વગેરે પેટ્રાર્કશાઈ સૉનેટનાં લાક્ષણિક ઉદાહરણો છે. અહીં બ. ક. ઠાકરનું 'વૃદ્ધોની દશા' સૉનેટ જોઈશું :

**વૃદ્ધોની દશા : એક ચિત્ર'**

**પૃથ્વી**

**"કશું ય નહિ કાબુમાં, ન મન, નોર્મિ દેહે નહીં,**
**ક્ષુધાતરસથાકજોમ, નવ નીંદ જાગૃતિ નહીં.**
**કુટુમ્બિસહકારિઓ વદત 'જી!' 'અહો!' 'વાહ!' 'ખરું!'**
**- જરી પણ થતાં જ દૂર સહુ આચરે વેગળું !**
**કરે વિષય ક્ષુદ્રમાં ય ગુરુ વાદ ગુસ્સા ફિસાદ,**
**રચી જિવન ઉગ્ર રે લવણ એમ સામે સહૂ**
**મળી ભળિ બધાં ય એ, નિજ ગુમાન સ્વાર્થ પ્રમાદ**
**વડીલ શિરપેં કશી સફિતથી ઠલવતાં લહૂ !**
**વળી કદિ મહીં જણાય જરિ કોઈ ન્યાયી ઉદાર**
**સિધો પ્રણયશીલ ને શિશુ તણા હકો રક્ષતો,**
**અને કદિ લિયે વડીલજન એહનો પક્ષ, તો**
**બધાં ય થઈ એક તત્ક્ષણ જતાં બની શાં તયાર**
**વડીલતણિ એ 'બુરી' 'અસમ' દષ્ટિને નિંદવા,**
**'સુપૂજ્ય પણ વિકલનો સહજ ભ્રંશ એ 'ડૂહામવા!*"**

* (જોડણી મૂળ પાઠ પ્રમાણે રાખી છે.)

સૉનેટનું બહિરન્ગ ભલે ચૌદ પંક્તિઓ ધરાવતું હોય પણ એના અન્તરન્ગનો નિખાર તો આવા અષ્ટક-ષટ્કના ભેદથી, એની માવજતથી, જ આવે છે. પરમ્પરાવાદી સૉનેટ-સમીક્ષકોને તો આ પેટ્રાર્કશાઈ સૉનેટ પ્રકાર જ આદર્શ લાગ્યો છે. એમાં આવતાં વળાંક, વળોટ, પરિવર્તનથી જ સૉનેટમાં અન્તરન્ગપટને વણાટ પ્રાપ્ત થાય છે.

અષ્ટક અને ષટ્કમાં મૂલ્યમહત્ત્વ ષટ્કનું છે. પ્રથમ ખણ્ડક તો સ્થાપના-પ્રસ્તાવનાનો છે. આ બીજા ખણ્ડકમાં જ ભાવ શબલત્વ, ઘનત્વ, ચોટ ધારણ કરે છે. કવિત્વની દૃષ્ટિએ એ ચઢિયાતો હોય તો જ સૉનેટ વિશેષ કલામય બને છે. જો સૉનેટમાં અષ્ટક કરતાં ષટ્કનું કવિત્વ ઓછું હોય, ભાવની તીવ્રતા ઓછી હોય તો એ રચના પ્રભાવક બનતી નથી.

જોકે આજે હવે આ અષ્ટક-ષટ્ક ભેદની ચુસ્તી બધા કવિઓ જાળવતા નથી. આથી તો એમાંથી અન્ય પેટા પ્રકારો ઉદ્ભવ્યા છે. સમર્થ કવિ પોતાની પ્રતિભાના આવિષ્કરણ માટે સ્વરૂપમાં, એના અન્તરન્ગ માળખામાં ફેરફાર કરી લેતો હોય છે. એ નિયમોને વશવર્તીને ચાલતો નથી, કે બન્ધનોને ગાંઠતો નથી. ક્યારેક તો એ નોખા નિયમો નિપજાવી લેતો હોય છે. સ્થળ-સમય-પ્રદેશ-પ્રતિભા-ભેદે આથી જ સૉનેટના અન્ય પ્રભેદો પણ ઉદ્ભવ્યા છે. આ પ્રભેદો વાંધા-વિરોધ અર્થે નહીં પણ વિકાસ-વિસ્તાર અર્થે જ પડ્યા હોય છે. એ નિષેધક નહીં પણ વિધાયક હોય છે.

## 2.10 શેક્સપિયરીઅન સૉનેટ

પેટ્રાર્કે પ્રવર્તાવેલી પદ્ધતિ કરતાં ઇન્ગ્લૅન્ડમાં અર્લ ઑફ સરેએ નોખી તરેહની પંક્તિવિભાજનપદ્ધતિ અપનાવી. એણે ત્રણ સ્વતન્ત્ર ચતુષ્કોમાં અને એક યુગ્મમાં ચૌદ પંક્તિઓને વહેંચી. આ રીતે ચાર, ચાર, ચાર અને બે પંક્તિઓના ખણ્ડકો બન્યા. સરેના અનુગામી અને સમર્થ નાટ્યકાર કવિ શેક્સપિયરને આ વિભાજન વિશેષ અનુકૂળ આવ્યું અને એણે એનાં અનેક કલામય સૉનેટો આ વ્યવસ્થા અન્તર્ગત સરજ્યાં. એની પ્રતિભાને કારણે, એણે આ વ્યવસ્થામાં નિરમેલી સુબદ્ધતાને કારણે, એના નામયશને કારણે, એના સર્જનની વિપુલતાને કારણે આ પ્રકાર શેક્સપિયરીઅન સૉનેટ તરીકે ઓળખાયો.

આ પ્રકારઅન્તર્ગત ભાવસંયોજનાને જુદા જ પ્રકારનો અવકાશ પ્રાપ્ત થયો. હવે ભાવપલટો કે ભાવવળાંક જ નહીં, પરન્તુ સંચિત કે ઉપચિત ભાવવિસ્તાર પણ સધાવાની શક્યતા ઊભી થઈ. આ પ્રકારમાં ભાવ ક્રમશઃ ત્રણ ચતુષ્કમાં વિકસતો વિકસતો પરાકાષ્ઠા તરફ પહોંચે છે. વળી, ત્રણ ચતુષ્કને કારણે ભાવપલટાના વધારાના એકમો સર્જાવાની પણ શક્યતા રહે છે. ભાવના નાના ખણ્ડકના ઉછાળ-ઉલાળ રચતાં રચતાં છેવટે ભાવસમાધિ સુધી રચનાને વિસ્તારી શકાય.

આ પ્રકારની સૉનેટરચનામાં છેવટની બે પંક્તિઓનું મહત્ત્વ વિશેષ રહે છે. આ બે પંક્તિઓ સચોટ, ચમત્કૃતિજન્ય હોય તો એ વિશેષ, પ્રભાવક બને છે. કંઈક અસાધારણ, આકસ્મિક વળાંકથી કૃતિ નાટ્યાત્મક પણ બની શકે. કેટલીક વાર તો આ બે પંક્તિઓ જ સૉનેટના પ્રાણ સમી બની રહેતી હોય છે. બ. ક. ઠાકોરના 'વધામણી' સૉનેટની છેવટની બે પંક્તિઓ કે બાલમુકુન્દ દવેના 'જૂનું ઘર ખાલી કરતાં'ની છેવટની બે પંક્તિઓ આનાં સમર્થ દૃષ્ટાન્તો છે. આપણા સંસ્કૃત મુક્તક સાથે આ યુગ્મને સરખાવવા જેવું છે. બન્નેમાં ધ્વનિસાધક ચોટની ક્ષમતા રહેલી છે. એમાં સઘન અભિવ્યક્તિને ઘૂંટવાની હોય છે. આમ છતાં માત્ર આ બે પંક્તિઓ જ સઘન, સરસ હોય અને એની પૂર્વેનાં ત્રણ ચતુષ્કો નબળાં હોય તો ચાલી શકે નહીં. આખો ભાવ ક્રમશઃ વિકસ્યો હોય અને એણે પરાકાષ્ઠાસમ શિખરસ્વરૂપ સિદ્ધ કર્યું હોય તો જ આ યુગ્મખણ્ડનું પણ મૂલ્ય રહે. શ્રી ઉમાશંકર જોશી *શૈલી એ સ્વરૂપ*માં (171) કહે છે કે,

> બારતેર લીટી સુધી જો સૂત્રાત્મક, એટલે કે અનિવાર્ય એટલી જ, વાણીનો ઉપયોગ થયો નહીં હોય, તો માત્ર છેલ્લે જતાં જોરથી પૂછડું પછાડવાથી તો ભાગ્યે જ કંઈ અર્થ સધાશે. ઊલટું એ તો નાટકિયું, ભાષણિયું લાગશે. સ્વસ્થતામૂર્તિ કલામાં એવા લખલખાટને સ્થાન જ ન હોઈ શકે.

ગુજરાતી કવિતામાં શ્રી બ. ક. ઠાકોરનાં 'જૂનું પિયેરઘર', 'મોગરો', 'વધમણી', સુન્દરમ્‌નાં 'કાં ના ચાહું ?', 'નથી સ્વપ્ને જાવું', 'ગાંધી', 'બદ્ધ', 'ગઈ ભલે', ઉમાશંકર જોશીનાં 'સખી મૈં કલ્પી'તી', 'મારી ઋતુઓ', 'કહો છો કે- ', પ્રહ્લાદ પારેખનું 'વિદાય', ઉશનસ્‌નાં 'પહાડોની પેલે પાર', 'મધુર નમણા ચહેરા', જયન્ત પાઠકનાં 'ઉનાળાનો દિવસ', 'આદિમતાની એક અનુભૂતિ' આદિ સૉનેટો આ પ્રકારનાં છે. અહીં શ્રી

કૃષ્ણલાલ શ્રીધરાણીનું ' ભરતી' સૉનેટ નમૂના દાખલ જોઈએ.

**ભરતી**

**સહસ્ર શત ઘોડલાં અગમ પ્રાન્તથી નીકળ્યાં,**
**અફાટ જલધિ પરે અદમ પાણીપન્થાં ચડ્યાં;**
**હણે હણહણે : વિતાન, જગ, દિગ્ગજો ધ્રૂજતાં,**
**ઊડે ધવલ ફેન શી વિખેર કેશવાળી છટા !**

**ત્રિભંગ કરી ડોકના, સકળ શ્વાસ ભેગા કરી,**
**ઉછાળી નવ દેહ અશ્વ ધમતા પડી ઊપડી;**
**દિશા સકળમાં ભમી, ક્ષિતિજ-હાથ તાળી દઈ,**
**પડંત પડછંદ વિશ્વભર ડાબલા ઉચ્ચરી.**

**કરાલ થર ભેખડે જગતકાંઠડે કારમા,**
**પછાડી મદમસ્ત ધીંક : શીર રક્તનાં વારણાં;**
**ધસી જગત ખૂંદશે ? અવનિ-આભ ભેગાં થશે ?**
**ધડોધડ પડી-ખરી ગગનગુંબજો તૂટશે ?**

**ઉરે ય ભરતી ચડે, અદમ અશ્વ કૂદી રહે ?**
**દિશાવિજય કૂચનાં કદમ ગાજતાં ઊપડે !**

ગુજરાતી કવિઓએ આ શેક્સપિયરીઅન વ્યવસ્થાવાળાં સૉનેટો ઘણાં લખ્યાં છે, આમ છતાં માત્ર આવું સ્થૂળ વિભાગીકરણ કરી, પંક્તિસંખ્યાં નિભાવીને લખાયેલી નબળી રચનાઓને સૉનેટ તરીકે સ્વીકારી શકાશે નહીં. ભાવના વળાંકો, પરાકાષ્ઠા, સંયોજનની સુક્ષ્મતાને આધારે જ એવી ર ચનાઓનું સૉનેટ તરીકે મૂલ્ય આંકી શકાશે.

## 2.11 મિલ્ટોનિક સૉનેટ

ઇન્ગ્લેન્ડમાં મહાકવિ મિલ્ટને પેટ્રાર્ક અને શેક્સપિયરની વ્યવસ્થાવાળાં સૉનેટોથી તદ્દન ભિન્ન રીતે આ પ્રકારને ખેડ્યો. અહીં પણ કવિપ્રતિભાના પ્રભાવને કારણે એના અન્તરન્ગમાં પરિવર્તન આવ્યું. મિલ્ટને સૉનેટના અંતર્ગત માળખાની ચુસ્તીને હળવી કરી નાખી. ચૌદ પંક્તિની મર્યાદા સિવાય એણે અન્ય મર્યાદાઓ છોડી દીધી અને પ્રમાણમાં મુક્ત સૉનેટો લખ્યાં. એને અનિયમિત સૉનેટ તરીકે પણ ઓળખવામાં આવે છે. મિલ્ટન તો ઘણી વાર સળંગ ચૌદ પંક્તિઓનું સૉનેટ પણ સર્જતા. એમાં ક્યાંય વળાંક-વળોટ આવતા જ નહીં. ક્યારેક સાડા આઠ, સાડા પાંચ, નવ-પાંચ કે સાડાનવ-સાડાચાર જેવા ખણ્ડકો એમનાં સૉનેટોમાં મળી આવે છે. ગુજરાતી કવિતામાં અનિયમિત સૉનેટો ઘણાં લખાયાં છે. બ. ક. ઠાકોરનાં 'યમને નિમન્ત્રણ', 'શ્રી બિનયતોષ ભટ્ટાચાર્ય હોમિયોપાથ', 'વછેરાને', ઉમાશંકર જોશીનું 'અનન્ત ક્ષણ', ઉશનસ્‌નું 'વૃદ્ધ', જયન્ત પાઠકનું 'ભીનું સમયવન' આદિ મિલ્ટોનિક સૉનેટનાં નોંધપાત્ર દૃષ્ટાન્તો છે.

આ સૉનેટો ભલે અનિયમિત કહેવાતાં હોય પરન્તુ એમાં યે અન્તર્ગત ભાવવળાંક તો સિદ્ધ થતો જ હોય છે. મિલ્ટનનાં સળંગ ચૌદ પંક્તિઓવાળાં સૉનેટોમાં ભાવવળાંકનું આવું તત્ત્વ સચવાતું. બ. ક. ઠાકોરની વિચારપ્રધાન કવિતાને તો આ માળખું વિશેષ અનુકૂળ આવી ગયું હતું.

આમ છતાં, પંક્તિમર્યાદા અને છન્દવાહનની શિસ્ત આ પ્રકારમાં પણ નિભાવવી જ પડે છે.

અહીં આપણે કવિ શ્રી જયન્ત પાઠકની આ પ્રકારની એક રચના જોઈશું.

**ભીનું સમયવન**

**સ્મરું ભીના ભીના સમયવનની એ ભીની ક્ષણો;**
**ગરે પર્ણોમાંથી ટપ ટપ ભીના વાદળકણો;**
**અને આખો મારો મઘમઘી ઊઠે કોશ મનનો;**

**હું ભીના રોમાન્ચે લથપથ, તમારા સ્મરણનો**
**શિરાઓમાં રક્તે પ્રસરી વહતો કફ મયનો;**

તમે મારું ભીનું સમયવન; મારી ભીની ક્ષણો.

મીચ્યાં નેણે જોઉં ક્ષિતિજતટ ખુલ્લે સઢ છૂટી
અજાણી કો નૌકા સરતી અનુકૂલ પ્રવહમાં
ભણી મારા, લાવે અહીં લગણ વાતા પવનમાં
ખજાના ખુશ્બુના, પરિચિત કશી ગીતકડીઓ;
હવામાં આછેરો કળી ય શકું ચ્હેરો પરિચિત,
અતીતે હેરેલું અમલ જલ-કન્યાતણું સ્મિત.

હવે સંકેલાતું સકલ મુજ અસ્તિત્વ મનમાં:
હું અર્ધો જીવું છું સ્મરણ મહીં, અર્ધો સપનમાં.

અહીં જોઈ શકાય છે કે ત્રણ, ત્રણ, છ અને બે પંક્તિઓના ખણ્ડકો કવિએ યોજીને સૉનેટની રૂઢ વ્યવસ્થાને બદલી નાખી છે, છતાં ચૌદ પંક્તિઓની ચુસ્તી એને શિખરિણી છન્દની શિસ્ત એમણે અહીં નિભાવી છે.

## 2.12 સૉનેટમાં પ્રાસસંયોજના

મૂળ સૉનેટ સંગીત સાથે, રાગાત્મકતા સાથે સંકળાયેલું હતું. સંગીતનું માધુર્ય અને સમ્વાદિતા રચવા માટે કવિઓ એમાં પ્રાસની ચુસ્ત સંયોજના કરતા હતા. ઇટાલિયન સૉનેટ તો એનાં પ્રાસસંયોજનોને કારણે પણ નોખું પડી જતું હતું. પ્રાસસંયોજનાથી સૉનેટના સૌન્દર્યમાં નિખાર આવતો. જુદા જુદા કવિઓએ સૉનેટની ચૌદ પંક્તિઓના અન્તને જુદી જુદી રીતે પ્રાસથી સાંકળીને પોતાના લયસૂઝનો, શબ્દસૂઝનો પરિચય કરાવ્યો છે. અહીં આપણે પેટ્રાર્કન, શેક્સપિયરીઅન અને અન્ય પ્રકારનાં સૉનેટોમાં પ્રવર્તેલા વિશિષ્ટ પ્રકારનાં પ્રાસસંયોજનનાં ઉદાહરણો જોઈશું :

ઇટાલીમાં ગ્વીતોનીથી પૂર્વે અષ્ટકના પ્રાસની કખ કખ કખ કખ એવી વ્યવસ્થા હતી. એટલે કે પહેલી, ત્રીજી, પાંચમી અને સાતમી પંક્તિનો પ્રાસ એકસરખો રહેતો. એ જ રીતે બીજી, ચોથી, છઠ્ઠી અને આઠમી પંક્તિનો પ્રાસ પણ એકસરખો રહેતો. અવાન્તર ક્રમે (એક એક પંક્તિ છોડીને) સાધવામાં આવતા આવા પ્રાસથી એક વિશિષ્ટ પ્રકારની સંગીતસમ્વાદિતાનું નિર્માણ થતું. ગ્વીતોનીએ આ વ્યવસ્થામાં ફેરફાર કરીને કખખક કખખકનાં સંયોજનો કર્યાં, એટલે કે પહેલી પંક્તિનો પ્રાસ ચોથી, પાંચમી અને આઠમી સાથે અને બીજી પંક્તિનો પ્રાસ ત્રીજી, છઠ્ઠી અને સાતમી સાથે મેળવ્યો. આ પ્રકારની વ્યવસ્થાને કારણે સૉનેટમાં એણે સાધેલી કમનીયતાને કારણે ગ્વીતોનીને 'સૉનેટનો પિતા' કહેવામાં આવ્યો છે.

પેટ્રાર્કે ષટ્કની આગવી પ્રાસસંયોજના વિકસાવી. એણે બે પ્રકારની પદ્ધતિઓ અપનાવી હોવાનું જોવા મળે છે. એકમાં ગગઘ ગગઘની વ્યવસ્થા છે એટલે કે નવમી, દસમી, બારમી અને તેરમી પંક્તિ પ્રાસ સમ્બન્ધે જોડાય છે તથા અગિયારમી અને ચૌદમી પંક્તિનો જુદો પ્રાસ રચાય છે. બીજી પદ્ધતિ ગઘચ ગઘચની પ્રાસવ્યવસ્થા છે. એટલે કે નવમી અને બારમી, દસમી અને તેરમી તથા અગિયારમી અને ચૌદમી પંક્તિઓ વચ્ચે પ્રાસાત્મક સમ્બન્ધ રચાય છે. આ પ્રાસસંયોજનાનું અનુસરણ વિશેષ થયું છે. ઇટાલિયન ભાષા પ્રાસરચનાની દૃષ્ટિએ વિશેષ સંપન્ન હોઈ આવા પ્રયોગોને ત્યાં ઘણો અવકાશ હતો. આ આખા યે પ્રાસમાળખાનું કોઈ એક નિદર્શન જોવું હોય તો તે આવું હોઈ શકે : કખખક કખખક ગઘચ ગઘચ.

ઇન્ગ્લૅન્ડમાં વેટે જુદા પ્રકારની વ્યવસ્થા આપી. એણે કખખક કખખક ગઘઘ ગચચની પ્રાસવ્યવસ્થા અપનાવી. અર્લ ઑફ સરે અને શેક્સપિયરમાં મળતું પ્રાસમાળખું આ બધાં માળખાંથી તદ્દન ભિન્ન છે. એમાં કખ કખ ગઘ ગઘ ચછ ચછ અને જજની પ્રાસવ્યવસ્થા છે. સ્પેન્સરે અપનાવેલા માળખામાં કખ કખ ખગ ખગ ગઘ ગઘ ચચની પ્રાસવ્યવસ્થા છે. આવી પ્રાસરચનાવાળી કૃતિને 'સ્પેન્સેરિયન સૉનેટ' તરીકે ઓળખાવવામાં આવતી. સિડની પેટ્રાર્કન અને શેક્સપિયરીઅન પ્રાસપદ્ધતિનો સંકુલ એવો સમન્વય પણ કર્યો.

આપણી ભાષાની પ્રકૃતિ ઇટાલિયન અને અંગ્રેજી ભાષાથી જુદી હોઈ આપણી પ્રાસવ્યવસ્થા આટલી ચુસ્ત કે સંકુલ ન પણ બને. શ્રી ઉમાશંકર જોશી *શૈલી અને સ્વરૂપ*માં (પૃ.182) નોંધે છે કે,

> સૉનેટની પ્રાસરચનાની પશ્ચિમી ઢબની ગલીકૂંચીઓને આપણે ત્યાં બહુ અવકાશ નથી.... આપણી ભાષામાં પશ્ચિમના જેવા અટપટા પ્રાસ મેળવવા એ અનિવાર્ય નથી.

સૉનેટમાં આવતી પ્રાસયોજનાના મહત્ત્વ સન્દર્ભે શ્રી વિનોદ જોશી *સૉનેટ*માં (પૃ.4) નોંધે છે કે,

સૂરની મનોહારિતા પોતાના આરોહ-અવરોહ સાથે જોડાયેલી છે. તે રીતે પોતાનાં નિયમિત થતાં પુનરાવર્તન થકી ઉદ્ભવતાં નાદસૌન્દર્ય સાથે પણ જોડાયેલી છે. સૂરનું આ પ્રકારનું નિયમિત પુનરાવર્તન સિદ્ધ કરાવવામાં પ્રાસ બહુ મોટો ભાગ ભજવે છે. પ્રાસયોજના સૂરનું નિયમન કરે છે અને નિયમિત બનેલ સૂરને ગ્રહણ કરતી શ્રુતિ વિશિષ્ટ પ્રકારનો આહ્‌લાદ મેળવે છે. સૉનેટમાં પ્રાસયોજનાને આગવું મહત્ત્વ અપાયું છે તે આ કારણે. ભાવક ચિત્તમાં પ્રકટતી પ્રાસજન્ય ભાવરેખાઓ સૉનેટના આસ્વાદમાં બહુ મોટો ભાગ ભજવે છે.

મિલ્ટન અને અન્ય કવિઓ દ્વારા આ પ્રાસસંયોજનાનાં નિયમનો પણ ઘટ્યાં. ગુજરાતીમાં બ. ક. ઠાકોરે, સૉનેટના પ્રારમ્ભકાળથી જ, પ્રાસમાં છૂટછાટ દાખલ કરી. એમના સંગીતવિરોધે પણ આ પ્રાસનું ભારણ, પ્રાસનો ત્રાસ ઘટાડ્યો. વિચારપ્રધાન કવિતાનો મહિમા વધતાં, સંગીતનું પ્રાધાન્ય ઘટતાં પ્રાસની ચુસ્તી આપોઆપ હળવી બની. આપણી કવિતામાં ચુસ્તી અને મુક્તિવાળી, બન્ને પ્રકારની, રચનાઓ મળી આવે છે. શ્રી ભાનુપ્રસાદ પંડ્યા *સૉનેટ : શિલ્પ અને સર્જન*માં યથાર્થ રીતે જ કહે છે કે,

''સૉનેટમાં પ્રાસયોજનાનું તંત્ર ભાષાગત શક્યતાને અનુસરીને તેમ જ કવિના ભાવઘટકને અનુકૂળ રહીને થતું હોય છે, એમ માનવું એમાં ઔચિત્ય રહેલું છે. આપણા કવિઓએ તો જેમ પંક્તિવિભાગની બાબતમાં તેમ પ્રાસમાં પણ સ્વકીય સૂઝ સર્વત્ર દાખવી છે. સૉનેટનો ઘાટ બરાબર ઊતર્યો હોય તો પ્રાસતંત્રની જડતાની કોઈ અપેક્ષા રાખતું નથી.''

## 2.13 સૉનેટ અને છન્દસંયોજના

સૉનેટ અને છન્દ વચ્ચે અવિનાભાવી સમ્બન્ધ છે. સૉનેટ છંદમાં જ હોય. 'અછાંદસ સૉનેટ' જાણે કે પરસ્પર વિરોધી શબ્દો છે. પશ્ચિમમાં આયેમ્બિક, આયેમ્બિક પેન્ટામિટર, બ્લૅન્ક વર્સ જેવા છન્દોમાં સૉનેટ સર્જાયાં છે. એમાં કોઈ વાર ઍનાપિસ્ટ જેવો છન્દ પણ પ્રયોજાયો છે. આપણે ત્યાં મુખ્યત્વે અક્ષરમેળ છન્દો વિશેષ પ્રયોજાયા છે. શિખરિણી, મન્દાક્રાન્તા, હરિણી, પૃથ્વી, વસન્તતિલકા, ઉપેન્દ્રવજ્રા, ઇન્દ્રવજ્રા, ઉપજાતિ, વંશસ્થ, શાલિની, માલિની, શાર્દૂલવિક્રીડિત, સ્રગ્ધરા- લગભગ બધા જ જાણીતા અક્ષરમેળ છન્દો ગુજરાતી કવિઓએ સૉનેટના વાહન તરીકે પ્રયોજ્યા છે. આને મુકાબલે માત્રામેળ છન્દો ઓછા પ્રયોજાયા છે. ક્યારેક બે કે તેથી વધુ છન્દોનો વિનિયોગ પણ મળી આવે છે. ઉશનસ્‌ના 'શિશુ ઊછરતાં'માં પૃથ્વી-હરિણીનું સુન્દર સમ્મિશ્રણ થયું છે. ઠાકોરનો ગુલબન્કી છન્દ પણ છન્દસંયોજનાનું વિલક્ષણ દૃષ્ટાન્ત છે. આમ છતાં, ઓછી શ્રુતિઓવાળા છન્દને શ્રી ઉમાશંકર જોશી સૉનેટ માટે અનુકૂળ ગણતા નથી. એ કહે છે કે,

''14થી ઓછી શ્રુતિની પંક્તિ સૉનેટના ગૌરવને ખંડિત કરશે અને તોટકના તુનતુનિયામાં ને એમાં કંઈ ફેર નહીં રહે. એક બાજુ છન્દમાં આછકલાપણું ન આવવું જોઈએ એ જરૂરી છે, તેમ બીજી બાજુ તેમાં દીર્ઘસૂત્રીપણું ન આવે એ પણ એટલું જ આવશ્યક છે.'' (*શૈલી અને સ્વરૂપ* - પૃ.175)

આથી જ એ સ્રગ્ધરા જેવા એકવીસ અક્ષરવાળા છન્દને સૉનેટ માટે જોખમી ગણે છે. શ્રી ભાનુપ્રસાદ પંડ્યા પણ *સૉનેટ : શિલ્પ અને સર્જન*માં જણાવે છે કે,

''આપણા સૉનેટને અલ્પશ્રુતિયુક્ત કે વિશેષશ્રુતિયુક્ત પંક્તિવાળા છન્દો કરતાં મધ્યમ પ્રકારનું શ્રુતિમાપ ધરાવતા છન્દો વધુ અનુકૂળ રહ્યા છે.'' (પૃ. 50)

**'તમારી પ્રગતિ ચકાસો' - 4**

**નીચેના પ્રશ્નો જવાબો આપો :**

1. સૉનેટમાં થતા ઊર્મિ અને વિચારના સમન્વય વિશે તમારા વિચારો દસેક વાક્યોમાં જણાવો.
2. સૉનેટની લાક્ષણિકતાઓ વિશે પચાસેક વાક્યોમાં વિગતે સમજૂતી આપો.
3. સૉનેટના પ્રકારો વિશે પચાસેક વાકયોમાં માહિતી આપો.
4. સૉનેટમાં પ્રાસયોજનાનું કેવું મહત્ત્વ છે તે દર્શાવો.
5. સૉનેટ અને છન્દોવિધાન અંગે નોંધ લખો.

## 2.14 વસ્તુલક્ષી કસોટી

**ખાલી જગ્યા પૂરો :**

1. પેટ્રાર્કશાઈ સૉનેટમાં ................ અને ................ના બે ખણ્ડકો હોય છે.
2. શેક્સપિયરીઅન સૉનેટમાં ચતુષ્કના ................ખણ્ડકો અને એક ખણ્ડક ................ નો હોય છે.
3. ગુજરાતી કવિતામાં પહેલું સૉનેટ શ્રી ................ લખ્યું, જેનું શીર્ષક ................ છે અને એ ................ સાલના ................ માસમાં લખાયું.
4. ઈન્ગ્લૅન્ડના કવિ શ્રી ................ અનિયમિત સૉનેટો લખ્યાં.
5. સૉનેટ શબ્દનાં મૂળ ................ અને ................ શબ્દોમાં છે.
6. શ્રી ડોલરરાય માંકડે સૉનેટનાં ત્રણ અનિવાર્ય લક્ષણો ગણાવ્યાં છે : 1 ................ 2 ................ અને 3 ................

## 2.15 સૉનેટયુગ્મ

બે સૉનેટો લખાયાં હોય જુદાં જુદાં પરન્તુ બન્ને વચ્ચે ભાવ કે વિચારનું અનુસન્ધાન સચવાયું હોય એવાં સૉનેટોને સૉનેટયુગ્મ તરીકે ઓળખાવવામાં આવે છે. એમાંનું દરેક સૉનેટ સ્વતન્ત્ર કાવ્ય હોય છે, સમ્પૂર્ણ અને સ્વાયત્ત હોય છે અને બન્ને સૉનેટો થઈને એક જુદી જ એકાત્મતાની છાપ ઊભી કરે છે. વિશ્વસાહિત્યમાં આવાં સૉનેટયુગ્મો ઘણાં લખાયાં છે. ક્યારેક બન્ને સૉનેટો એક જ પ્રકારનાં (પેટ્રાર્કન, શેક્સપિયરીઅન કે મિલ્ટોનિક) હોય કે ક્યારેક બન્નેમાં પ્રકારભેદ પણ હોય. બન્ને એક જ છન્દમાં હોય કે બન્ને ભિન્ન ભિન્ન છન્દોમાં પણ હોય. બન્નેની પ્રાસસંયોજના એક જ હોય અથવા બન્નેમાં અલાયદી પ્રાસસંકલના કરવામાં આવી હોય. બન્ને સૉનેટો વિષયસામગ્રી કે ભાવસાતત્યથી જોડાયેલાં હોય છે. શ્રી બ. ક. ઠાકોરનાં 'નાયકનું પ્રાયશ્ચિત્ત-1 પાંખો' અને 'નાયકનું પ્રાયશ્ચિત -2 મોગરો', 'પ્રેમનો પ્રાતઃકાળ-1' અને 'પ્રેમનો પ્રાતઃકાળ-2', ઉમાશંકરનાં 'ગયાં વર્ષો..' અને 'રહ્યાં વર્ષો તેમાં', સુન્દરમ્‌નાં 'ઊર્મિ અને શિલા' 1 અને 2 તથા 'પથવિભેદ ?', રાજેન્દ્ર શાહનાં 'સુધામય રાગિણી', ઉશનસ્‌નાં 'શેક્સપિયરને', 'ક્વીન્દ્ર' અને 'રંગદર્શન' તથા 'વિવિધતામાં એક્તા-1 અને 2' નિરંજન ભગતનાં 'કરોળિયો' અને 'મોર' આપણા સાહિત્યનાં નોંધપાત્ર સૉનેટયુગ્મો છે. અહીં ઉદાહરણ તરીકે રાજેન્દ્ર શાહનાં 'સુધામય રાગિણી'નાં બે સૉનેટો મૂક્યાં છે :

**1. સુધામય રાગિણી**

**કલ-મધુર વાણીનો વ્રીડા-ઝીણો સ્વર રેલતી**
**ઉરઊમળકે ધીમે ધીમે વહી જતી વાત્રક.**
**પુલિન પર તે સાંજે તું હું પ્રિયે બની યાત્રિક,**
**કરથી કર ગૂંથી બેઠાં જ્યાં હવા હતી ખેલતી.**
**અચર તરુનાં પાણી માંહીં વસ્યાં પ્રતિબિમ્બ તે**
**તરલિત હતાં, જાણે માણી રહ્યાં સ્થિતિ સ્વપ્નની**
**પલક વિસર્યાં નેત્રે, એવી પ્રશાન્તિ મહી ત્યહીં**
**મનની મનષાને ચાંચલ્યે તરંગિત આપણે.**
**પટ પર પછી કોનું યે તે પગેરું રહ્યું નહીં,**
**ગત સમયની આળી મીઠી ભુલાઈ સહુ સ્મૃતિ;**
**બહુવિધ રૂપે રંગાયેલું શમ્યું જગ, ત્યાં શ્રુતિ**
**ઉરધડકની અન્ધારાને પ્રસન્ન કરી રહી.**
**અયુત દ્યુતિની આભા જાગી અનંતન વ્યોમમાં,**
**વનવિહગની વેણુ વાગી અહીં વ્રજભોમમાં.**

**2.**

**અયુત દ્યુતિની આભા જાગી અનંતન વ્યોમમાં,**
**વનવિહગની વેણુ વાગી અહીં વ્રજભોમમાં.**

હૃદયસરમાં કોઈ મીને કરી સહસા ગતિ,
અકળ સુખનો વ્યાપ્યો આનન્દ રોમ વિલોમમાં.
અધિક સરક્યાં પાસે, ને જ્યાં પ્રિયે ! મુજ બાહુથી
તવ કટિ ગ્રહી ને તું મારે ઉછંગ જરા ઢળી;
સ્પરશ મહીં તે જાદુ એવું નિગૂઢ હતું કશું ?
ડયન કરતાં બન્ને શ્વેતાંગ હંસ રહ્યાં બની.
ઊછળી ઊછળી નીચે ગર્જંત ક્ષીરસમુદ્ર ને
વિધુ નહિ છતાં યે શી જ્યોત્સ્ના છવાઈ રહી બધે,
શીકર વિલસે, તે તો મોતી જ મધ્ય વિતાનમાં,
ઉભય ચૂગવા જતાં; જોયા મળ્યા જીવ ચુમ્બને
મિલન તણી તે પ્હેલી માણી પ્રિયે ! શુભ યામિની,
ચિરસ્મરણને વાઘે રેલે સુધામય રાગિણી.

અહીં પ્રથમ સૉનેટમાં પ્રણય માટેની ઉદ્દીપક સામગ્રી છે. પ્રકૃતિનો પોષક-ઉત્તેજક પરિવેશ છે. બીજા સૉનેટમાં નર-નારીના મિલન-સંયોગની ક્ષણોનું નિરૂપણ છે. બન્નેમાં હરિણી છન્દ પ્રયોજાયો છે, પરન્તુ પ્રાસસંયોજનામાં ભિન્નતા જોવા મળે છે.

## 2.16 સૉનેટમાળા

કોઈ એક જ વિષયવસ્તુ વિશે ત્રણ કે તેથી વધારે સૉનેટોની શ્રેણી સર્જવામાં આવે ત્યારે સૉનેટમાળા તરીકે ઓળખાવાય છે. એને માટે 'સૉનેટશ્રેણી', 'સૉનેટગુચ્છ', 'સૉનેટસ્તબક', 'સૉનેટઝૂમખું' જેવા પર્યાયો પણ પ્રયોજાય છે. અંગ્રેજીમાં 'Sonnet sequence' અને 'Sonnet cycle' સંજ્ઞાઓ પ્રયોજાય છે. પેટ્રાર્ક અને શેક્સપિયરે આવી ઘણી સૉનેટમાળાઓ સરજી છે. સૉનેટના ઉગમકાળથી જ આવી સૉનેટમાળાઓનું સર્જન થતું આવ્યું છે એ સૂચક છે. સ્પેન્સરની 'એમોરેટી', બ્રાઉનિંગની 'સૉનેટ્સ ફ્રોમ ધ પોર્ટુગિઝ', ઑડેનની 'સૉનેટ્સ ફ્રોમ ચાઈના'ની સૉનેટમાળાઓ જાણીતી છે. ક્યારેક ત્રણ, પાંચ કે સાતના ઝૂમખામાં આવાં સૉનેટો લખાય છે. સુન્દરમ્‌નું 'ત્રિમૂર્તિ' ત્રણ સૉનેટોનું ગુચ્છ છે. રાજેન્દ્ર શાહનું 'આયુષ્યના અવશેષે' પાંચ સૉનેટોનું ગુચ્છ છે. એને સૉનેટપંચક પણ કહી શકાય. એમની 'તરુખણ્ડન' નામની સૉનેટમાળા પણ વિશિષ્ટ છે. બ. ક. ઠાકોરનાં 'પ્રેમનો દિવસ' અને 'વિરહ', વૃદ્ધત્વ વિશેનાં કાવ્યો, 'સુખદુઃખ' વિશેનાં કાવ્યોમાં પણ સૉનેટમાળાનાં નોંધપાત્ર દષ્ટાન્તો છે. ઉમાશંકર જોશીએ 'પ્રણય સપ્તક' નામની સાત સૉનેટની એક શ્રેણી આપી છે, તો 'બાણપથારી' અને 'આત્માનાં ખણ્ડેર' પણ એમની જાણીતી સૉનેટમાળાઓ છે. સુન્દરમે 'એક કિલ્લાને તોડી પડાતો જોઈને' શીર્ષક હેઠળ રચાયેલી સૉનેટમાળા કે 'સપ્તરાગ'ની સૉનેટમાળા સરજી છે. ઉશનસ્‌ની 'અનહદની સરહદે' પણ આવી જ નોંધપાત્ર સૉનેટમાળા છે.

અહીં પણ એક જ પ્રકાર કે એક જ છન્દનું સાતત્ય જાળવી શકાય, અને એવા પ્રયોગો થયા પણ છે. ઉશનસે 'અનહદની સરહદે'માં મુખ્યત્વે શેક્સપિયરીઅન પદ્ધતિ જ અપનાવી છે અને બધી જ રચનાઓ શિખરિણી છન્દમાં કરી છે. રાજેન્દ્ર શાહે 'આયુષ્યના અવશેષે'માં હરિણી છન્દ જ સાદ્યન્ત ટકાવી રાખ્યો છે. આનાથી ભિન્ન રીતે બ. ક. ઠાકોરે 'સુખદુઃખ' સૉનેટમાળામાં પૃથ્વી, શિખરિણી, શાર્દૂલવિક્રીડિત જેવા છંદોનું વૈવિધ્ય ઉપયોજ્યું છે.

સૉનેટમાળામાંનું પ્રત્યેક સૉનેટ પણ સ્વાયત્ત એકમ હોય એ આવશ્યક છે. સૉનેટમાળા ઘણી વાર વિચારભારને કારણે ક્લેશકર બની જાય છે. જો ભાવસાતત્ય ન જળવાય તો સૉનેટમાળાનું આકર્ષણ રહેતું નથી. જો વિચારનું ભારણ વધી જાય તો સૉનેટમાળા એક પ્રકારનો પદ્યનિબન્ધ બની જાય. બ. ક. ઠાકોરની 'સુખદુઃખ' સૉનેટમાળા આ પ્રકારનો પદ્યનિબન્ધ બની જ ગઈ છે. સંવેદનનું પ્રાબલ્ય, સંવેદન-ભાવનું સાતત્ય જ એવું હોય કે જેને માટે બે કે ત્રણ સૉનેટ ઓછાં પડે. ભાવ-વિષયની આવી અનિવાર્યતા કવિ પાસે સૉનેટમાળાનું સર્જન કરાવે. આવી રચનાને સ્વતંત્ર એક જ દીર્ઘકવિતા તરીકે ઓળખાવી નહીં શકાય. એ સ્વતંત્ર, સ્વાયત્ત, નોખાં સૉનેટોની આવલી છે. દરેક સૉનેટ વચ્ચે અન્તરંગ સમ્બન્ધ પણ અનિવાર્ય રીતે રચાવો જોઈએ. આવો સમ્બન્ધ કથા કે પ્રસંગથી નથી રચાતો. કથાકાવ્ય કરતાં સૉનેટનું કાઠું ભિન્ન છે. એમાં

તો ભાવ-ઊર્મિનું સાતત્ય જ અપેક્ષિત રહે છે. એમાંથી જ પ્રભાવનું સાતત્ય નિરમાય છે. સંક્રાન્તિ સાધતી સાધતી અનુભૂતિ વ્યાપ, ગહનતા અને ઊંચાઈ સિદ્ધ કરતી હોય છે. અનેક પ્રકારનાં ઊર્મિવલયો, સમ્વેદના વર્તુળો આવી સૉનેટમાળાઓમાં રચાતાં હોય છે. કવિ વિશેષ પ્રતિભાવાન હોય, સુસજ્જ હોય તો જ એ સૉનેટમાળામાં ટકી શકે. એની પ્રતિભાને કસવા માટે પણ, કવાયતના કે રિયાઝના ભાગ તરીકે પણ એ સૉનેટમાળાના પ્રયોગો કરવા લલચાતો હોય છે.

## 2.17 સૉનેટ અને પ્રયોગશીલતા

એક સમયે માત્ર ગેય સૉનેટરચનાઓ જ થતી હતી અને એને માટે પ્રાસ-લયની નિયન્ત્રિત વ્યવસ્થા અનિવાર્ય રીતે નિભાવવી પડતી હતી. ક્રમશઃ એમાં પરિવર્તન આવતું ગયું છે અને સર્જકોની પ્રયોગવૃત્તિએ વિષયક્ષેત્ર, વિભાજન, પ્રાસવ્યવસ્થા, છંદઆયોજન અને સ્વરૂપસંકરના વૈવિધ્યના અનેક પ્રયોગો આ ક્ષેત્રે પણ કર્યા છે. પહેલાં માત્ર પ્રણયનાં સૉનેટો જ લખાતાં. એ પછી તો પ્રકૃતિ, ભક્તિ, ચિન્તન, દેશપ્રેમ, વાર્ધક્ય, વિષાદ આદિ અનેક વિષયો ઉપર સૉનેટો લખાતાં થયાં. પહેલાં ઈટાલિયન કે પેટ્રાર્કન પ્રાસસંકલના નિભાવાતી હતી પરંતુ સરે, સ્પેન્સર, શેક્સપિયર આદિ સર્જકોએ એ પ્રાસવ્યવસ્થા બદલી નાખી. ભાષાની તાસીર પ્રમાણે પણ સૉનેટમાં આવાં પ્રયોગલક્ષી પરિવર્તનો આવ્યાં. પેટ્રાર્કન અષ્ટક-ષટ્કની વ્યવસ્થા બાદ શેક્સપિયરીઅન ત્રણ ચતષ્ક અને એક યુગ્મકની નવી વ્યવસ્થા આવી. મિલ્ટને વળી એ બધી જ રૂઢ, જડ, ચોકઠાંબદ્ધ વ્યવસ્થાનું અતિક્રમણ કર્યું. બ. કે. ઠાકોરે શ્રુતિભન્ગ, શ્લોકભગ્ન અને યતિભન્ગના ત્રિભન્ગ દ્વારા સૉનેટમાંથી સંગીતનો પરિહાર કર્યો અને લગભગ અગેય સૉનેટ સિદ્ધ કર્યું. અછાંદસ સૉનેટોના, ગદ્યસૉનેટોના પ્રયોગો પણ થયા પણ એ ઝાઝા સ્વીકૃત ન બન્યા. હજી છંદ-સૉનેટનો નાનો અને એની ચૌદ પંક્તિઓની ચુસ્તી અકબન્ધ રહ્યાં છે.

ગુજરાતીમાં ગઝલ-સૉનેટનું અજબનું સમ્મિશ્રણ પણ થયું છે. અદમ ટંકારવીએ ગઝલના માપ-રૂપમાં 'ભાષાભવન' નામનું એક સૉનેટ લખ્યું છે. અહીં એક વિલક્ષણ પ્રયોગ તરીકે એને નોંધીએ :

**ભાષાભવન**

**એના પાયામાં પડી બારાખડી,**
**ચોસલાંથી શબ્દની ભીંતો ચણી;**
**એક તત્સમ બારણું પ્રવેશનું,**
**સાત ક્રિયાપદની બારી ઊઘડી.**

**ભોંયતળિયે પાથર્યાં વિરામચિહ્ન,**
**ને અનુસ્વારોનાં નળિયાં છાપરે;**
**ગોખમાં આઠે વિભક્તિ ગોઠવી,**
**ભાવવાચક નામ મૂક્યું ઉંબરે.**
**થઈ ધજા ફરક્યું ત્યાં સર્વનામ 'તું'**
**ટોડલે નામોના દીવા ઝળહળ્યા,**
**સાથિયા કેવળપ્રયોગી આંગણે,**
**રેશમી પડદા વિશેષણના હલ્યા.**

**કે અનુભૂતિનો સૂસવાટો થયો,**
**ત્યાં જ આ પત્તાંનો મ્હેલ ઊડી ગયો !**

અહીં ગઝલના કલેવરમાં સૉનેટનો આત્મા સાદ્યન્ત ઊતર્યો છે. આ રચના એ દૃષ્ટિએ સૉનેટ જ છે. શેક્સપિયરીઅન સૉનેટનું વિભાજન સ્પષ્ટ રીતે અહીં સ્વીકારાયેલું હોવાનું જોઈ શકાય છે. બે અને ચાર, છ અને આઠ, દસ એ બાર તથા તેર અને ચૌદમી પંક્તિઓ પ્રાસાત્મક સમ્બન્ધે જોડાયેલી છે.

આમ, સૉનેટ પણ પ્રયોગો ખમી શકે એવું લવચીક કાવ્યસ્વરૂપ છે.

## 2.18 સૉનેટ માટેના ગુજરાતી પર્યાયો

અહીં માત્ર વિશેષ વિગત તરીકે સૉનેટ માટે ગુજરાતીમાં પ્રયોજાયેલા પર્યાયો નોંધવાનો ઉપક્રમ છે જેથી વિદ્યાર્થીઓને એ અંગે સભાનતા આવે. બંગાળના માઇકલ મધુસૂદન દત્તે સૉનેટ માટે 'ચતુર્દશકવિતા' પર્યાય યોજ્યો હતો. સૉનેટમાં આવતી ચૌદ પંક્તિઓના સન્દર્ભમાં આ પર્યાય એમણે રૂઢ કર્યો હતો. મરાઠી કવિતામાં પણ આને મળતો આવતો 'ચતુર્દર્શક' પર્યાય મળી આવે છે એ સૂચક છે. આ પછી 'ધ્વનિત' નામનો એક વધારાનો પર્યાય પણ એને માટે પ્રયોજવાના પ્રયાસો થયા છે. સૉનેટના ઉચ્ચારણ સાથે સામ્ય ધરાવતો અને 'ધ્વનિત' સાથે સમ્બન્ધ રાખતો એવો 'સ્વનિત' શબ્દ પણ પ્રચલિત કરવામાં આવ્યો. ડૉ. માધવ પટવર્ધને વાપરેલો 'સુનીત' શબ્દ તો સૉનેટની ઘણી નજીકતા દાખવે છે. મરાઠી સાહિત્યમાં પ્રગટ થતા સૉનેટસંગ્રહોને 'સુનીતિકા' તરીકે ઓળખાવાયા હોવાનું પણ અભ્યાસીઓએ નોંધ્યું છે.

ગુજરાતીમાં શ્રી બ. કે. ઠાકોરે 'ચતુર્દશી' સંજ્ઞા વાપરવાનો પ્રયાસ કરી જોયેલો પરન્તુ પાછળથી એમણે મૂળનો 'સૉનેટ' શબ્દ જ સ્વીકાર્યો અને પ્રચલિત કર્યો. ખબરદારે 'ધ્વનિત' સંજ્ઞાનો સ્વીકાર કર્યો હતો. ઉમાશંકર જોશીને 'સ્વનિત' સંજ્ઞા વિશેષ ગમી ગઈ હતી. પતીલ નામના એક કવિએ તો વળી 'સનિટ્' નામની સંજ્ઞાનો સ્વીકાર કર્યો હતો. આમ છતાં આજે તો હવે માત્ર 'સૉનેટ' સંજ્ઞા જ એના મૂળ રૂપમાં રૂઢ થઈ ચૂકી છે અને એને વ્યાપક સ્વીકૃતિ પણ પ્રાપ્ત થઈ ચૂકી છે.

## 2.19 કેટલાંક ઉપયોગી પુસ્તકો

આ સ્વરૂપ માટે ઉપયોગી થાય એવા સન્દર્ભગ્રન્થો પુસ્તકાલયમાંથી શોધી અવશ્ય વાંચવા જોઈએ. અહીં એની કેટલીક મહત્ત્વની સામગ્રી આપી છે :


1. *The Sonnet : A Critical Idiom* : John Fuller.
2. *The English Sonnet* : T. W. H. Crossland
3. *ગુજરાતી કાવ્યપ્રકારો* : ડોલરરાય માંકડ
4. *ગુજરાતી સાહિત્યમાં સૉનેટ* : સુન્દરજી બેટાઈ
5. *બ. ક. ઠા.ની કાવ્યદ્યુતિ* : સં. ગુલાબદાસ બ્રોકર
6. *આપણાં સૉનેટ કાવ્યો* : સં. ચન્દ્રશંકર ભટ્ટ
7. *નવીન કવિતા વિશે વ્યાખ્યાનો* : બ. ક. ઠાકોર
8. *શૈલી અને સ્વરૂપ* : ઉમાશંકર જોશી
9. *સૉનેટ : શિલ્પ અને સર્જન* : ભાનુપ્રસાદ પંડ્યા
10. *સૉનેટ* : વિનોદ જોશી


**'તમારી પ્રગતિ ચકાસો'-5**

**આ સમગ્ર એકમને આવરી લેતા નીચેના પ્રશ્નોના જવાબો આપો :**

1. ઊર્મિકાવ્યના પેટા પ્રકાર તરીકે સૉનેટ ક્યાં વ્યાવર્તક લક્ષણો ધરાવે છે એ વિશે આઠસો-નવસો શબ્દોમાં નિબન્ધાત્મક ઉત્તર લખો.
2. સૉનેટના પેટા પ્રકારોનો પરિચય કરાવી ભાવવળાંક અને પ્રાસસંયોજનાનું સૉનેટમાં કેવું મહત્ત્વ છે એ સ્પષ્ટ કરો. (ઉત્તર આઠસો-નવસો સબ્દોમાં લખો.)
3. સૉનેટયુગ્મ વિશે બસો-અઢીસો શબ્દોમાં ટૂંકી નોંધ લખો.
4. સૉનેટમાળા વિશે બસો-અઢીસો શબ્દોમાં ટૂંકી નોંધ લખો.
5. સૉનેટ અને પ્રયોગશીલતા વિશે સોએક શબ્દોમાં નોંધ લખો.
6. સૉનેટ માટેના ગુજરાતી પર્યાયોની વિગતો આપો.

## 2.20 ચાવીરૂપ શબ્દો (Key Words)

**વિભાવના**- સમજ, **પરિવેશ** - વાતાવરણ, **ચતુષ્ક** - ચાર પંક્તિઓનો સમૂહ, **યુગ્મ** - બે પંક્તિઓનો સમૂહ, **પ્રાક્ષિત** - મહત્ત્વ પામેલું, **કલાપરક** - કલા તરફી, **તિર્યક્તા** - વળાંક, **ક્રમશ :** એક પછી એક, **આજ પર્યન્ત**

- આજ સુધી, **સંક્રાન્તિ** - એકમાંથી બીજામાં ગતિ, **ભાવાન્તર** - બીજો ભાવ, **ક્ષતિ**-હાનિ કે અવરોધ, **ભાવાનુસન્ધાન** - ભાવ સાથેનું જોડાણ, **નિખાર** - સમૃદ્ધિ, **શબલત્વ** - મજબૂતી, **ઘનત્વ** - ગાઢાપણું, **નિષેધક** - નકારાત્મક, **વિધેયક** - હકારાત્મક, **સુશ્લિષ્ટતા** - સારી રીતે બન્ધાયેલું, **પ્રાસ** - ધ્વનિ અને રૂપસાદશ્ય ધરાવતા શબ્દો વચ્ચેનો નાદસમ્બન્ધ, **શ્રુતિ** - ધ્વનિએકમ, **વ્રીડા** - લજ્જા, **પુલિન** - રેતી, **અચર** - સ્થિર, **અયુત** - છૂટું, **મીન** - માછલી, **વિલોમ** - વિપરીત, **નિગૂઢ** - ગાઢ, ગહન, **સ્પરશ** - સ્પર્શ, **ક્ષીર** - દૂધ, **વિધુ** - ચન્દ્ર, **શીકર** - છાંટા, **વિતાન** - છત, **ઉભય** - બન્ને, **યામિની** - રાત્રિ, **વિહગ**- પક્ષી, **તત્સમ** - મૂળના જેવા, **કલેવર** - માળખું, **લવચીક** - ફેરફાર કરી શકાય એવું.

## 2.21 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**'તમારી પ્રગતિ ચકાસો' - 1**

પ્રશ્ન - 1 : જુઓ 2:3

પ્રશ્ન - 2 : જુઓ 2:3

**'તમારી પ્રગતિ ચકાસો' - 2**

પ્રશ્ન - 1 : જુઓ 2:5

પ્રશ્ન - 2 : જુઓ 2:5

**'તમારી પ્રગતિ ચકાસો' - 3**

પ્રશ્ન - 1 : જુઓ 2:7

પ્રશ્ન - 2 : જુઓ 2:7

પ્રશ્ન - 3 : જુઓ 2:8

**'તમારી પ્રગતિ ચકાસો' - 4**

પ્રશ્ન - 1 : જુઓ 2:10

પ્રશ્ન - 2 : જુઓ 2:10 થી 2:16

પ્રશ્ન - 3 : જુઓ 2:12, 13, 14

પ્રશ્ન - 4 : જુઓ 2:15

પ્રશ્ન - 5 : જુઓ 2.16

### વસ્તુલક્ષી કસોટીના ઉકેલો :

1 : અષ્ટક-ષટ્ક, 2. ત્રણ-યુગ્મ, 3. બ. ક. ઠાકોરે - 'ભણકારા' - 1888 - મે, 4. મિલ્ટન, 5. SUONO-SONNETTO, 6. ચૌદ પંક્તિઓ - બે કે તેથી વધુ ભાગ - વસ્તુવળાંક.

**'તમારી પ્રગતિ ચકાસો' - 5**

પ્રશ્ન - 1 : જુઓ 2 : સમગ્ર એકમ

પ્રશ્ન -2 : જુઓ 2 : સમગ્ર એકમ

પ્રશ્ન - 3 : જુઓ 2:19

પ્રશ્ન -4 : જુઓ 2:20

પ્રશ્ન - 5 : જુઓ 2:21

પ્રશ્ન - 6 : જુઓ 2:22

# એકમ 3 સૉનેટ : ઉદ્‌ભવ અને વિકાસ

રૂપરેખા

3.1 ઉદ્દેશો
3.2 પ્રાસ્તાવિક
3.3 ગુજરાતીમાં સૉનેટનું અવતરણ
3.4 પંડિતયુગ : બ. ક. ઠાકોર
3.5 બ. ક. ઠાકોરની કવિતાકલા-વિષયક સૉનેટરચનાઓ
3.6 બ. ક. ઠાકોરની પ્રેમભાવની સૉનેટરચનાઓ
3.7 બ. ક. ઠાકોરની પ્રકૃતિવિષયક સૉનેટરચનાઓ
3.8 કાન્ત (મણિશંકર રત્નજી ભટ્ટ) અને અન્ય
3.9 અરદેશર ફરામજી ખબરદાર અને પંડિતયુગની પૂર્ણાહુતિ
3.10 ગજેન્દ્ર બૂચ અને દેશળજી પરમાર
3.11 ગાંધીયુગની ભૂમિકા
3.12 ચંદ્રવદન મહેતા અને શેષ
3.13 સુંદરમ્
3.14 ઉમાશંકર જોશી
3.15 ગાંધીયુગના અન્ય સૉનેટ સર્જકો
3.16 અનુગાંધીયુગમાં સૉનેટ - ભૂમિકા
3.17 રાજેન્દ્ર શાહ
3.18 નિરંજન ભગત
3.19 ઉશનસ્
3.20 જયંત પાઠક
3.21 અન્ય સૉનેટ સર્જકો
3.22 હરીન્દ્ર દવે, સુરેશ દલાલ અને બીજા સૉનેટકારો
3.23 લાભશંકર ઠાકર, ચિનુ મોદી અને બીજા સૉનેટકારો
3.24 છેલ્લા બે-અઢી દાયકા અને સૉનેટ
3.25 મણિલાલ પટેલ, વિનોદ જોશી અને રમેશ પારેખ
3.26 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો
3.27 સારાંશ
3.28 કેટલાંક ઉપયોગી પુસ્તકો
3.29 ચાવીરૂપ શબ્દો

## 3.1 ઉદ્દેશો

- સૉનેટના ઉદ્‌ભવની ભૂમિકા જાણી શકાશે.
- પંડિતયુગમાં સૉનેટની પ્રતિષ્ઠા કરનાર બ. ક. ઠાકોર અને અન્ય કવિઓના સૉનેટસર્જનનો અભ્યાસ કરી શકશો.
- ગાંધીયુગની સૉનેટ કવિતાના વિકાસનો અભ્યાસ.
- અનુગાંધીયુગની સૉનેટ કવિતાના વિકાસનો અભ્યાસ.
- દરેક યુગની ભૂમિકાથી પરિચિત થઈ શકાશે.
- સૉનેટના ઉદ્‌ભવથી આજ પર્યંતના વિકાસનો આલેખ મળે.

## 3.2 પ્રાસ્તાવિક

ઇટાલીની ભૂમિ પર નીપજેલો સૉનેટ કાવ્યપ્રકાર ઇટાલિયન શબ્દ Suono (અવાજ) ઉપરથી Sonnetto શબ્દ ઊતરી આવ્યો છે. સર આર્થર ક્વીલર કૂચ અને એનસાઇક્લોપીડિયા બ્રિટાનિકાનો મત સૉનેટનો

વિકાસ ટૂંકા ગેય કાવ્યમાંથી થયો હોવાનું સ્વીકારે છે. મતભિન્નતા વચ્ચે એટલું તો ચોક્કસ છે કે સૉનેટ ઇટાલીમાં જન્મ્યું અને ખેડાયું પણ એ જ ધરતીમાં.

સૉનેટના પ્રથમ સર્જકનો યશ ઇટાલીના ગ્વીતોનીને ફાળે જાય છે. એ ગાળા દરમિયાન ગિઓકોમોએ અષ્ટક અને ષટ્કના વિભાગ પાડીને સૉનેટઘાટ આપવાનો પ્રયાસ કર્યો. તેરમી સદીના પ્રથમ ત્રીસીના ગાળામાં સૉનેટ સ્વરૂપ ઘડાતું ગયું. પરંતુ સૉનેટ સ્વરૂપનું બંધારણ ઘડનાર ગ્વીતોનીને 'સૉનેટના પિતા'નું માન મળ્યું. ગ્વોતોનીએ અષ્ટક અને ષટ્કની પ્રાસરચના સ્વીકારી તે માન્ય બની. આ કલાસ્વરૂપને દાન્તે અને પેટ્રાર્ક જેવા કવિઓએ દઢમૂલ કર્યું. બન્ને કવિઓ પોતાની રીતે સૉનેટનું માળખું સ્વીકારીને ચાલ્યા. પેટ્રાર્ક અષ્ટક સુધી ગ્વીતોનીના મતને સ્વીકારે છે પણ ષટ્કમાં પ્રાસવૈવિધ્ય અને સર્જકતા દાખવીને જુદા પડે છે. ઊંચી કલાસૂઝ અને ગુણવત્તાને કારણએ સૉનેટ સાથે પેટ્રાર્કનું નામ જોડાઈ ગયું.

ઇંગ્લેન્ડમાં ટોમસ વાયટ (ઈ.સ. 1503-1542) અને અર્લ ઑફ સરે (ઈ.સ. 1516-1547) સૉનેટ સ્વીકારે છે. વાયટ પર પેટ્રાર્કની અસર પડી. એણે પોતાની રીતે સૉનેટમાં પંક્તિવિભાજન સ્વીકાર્યું. પેટ્રાર્કના અષ્ટકના વિભાગને અનુસરી, ષટ્કને ચતુષ્ક અને યુગ્મમાં ફેરવ્યું. આ વિભાજનપદ્ધતિમાં અનેક સૉનેટ સર્જવાને કારણે શેક્સપિયરનું નામ સૉનેટ સાથે જોડાયું. આ પ્રકારના સૉનેટ શેક્સપિયરીઅન ગણાયા.

સૉનેટમાં ત્રીજું નામ મિલ્ટનનું છે. મિલ્ટન પંક્તિઓનું કોઈ વિભાજન કર્યા સિવાય સળંગ બંધમાં સૉનેટ સર્જે છે. મિલ્ટન શૈલીનાં સૉનેટ મિલ્ટોનિક કે અનિયમિત પ્રકારનાં કહેવાયાં. રૉમેન્ટિક કવિ કીટ્સ, મિસિસ બ્રાઉનિંગ, સ્વીનબર્ન જેવા અંગ્રેજી કવિઓને હાથે સૉનેટની સમૃદ્ધિ ભરપૂર અને દઢમૂલ બની.

## 3.3 ગુજરાતીમાં સૉનેટનું અવતરણ

નર્મદ અને દલપતરામે ગુજરાતી સાહિત્યને મધ્યકાલીન પરંપરામાંથી મુક્ત કર્યું. એ કાળ અંગ્રેજશાસનનો હતો. અંગ્રેજીનું પ્રભુત્વ હતું. પરદેશી આધિપત્યના ભાગરૂપે આવેલી અંગ્રેજી કેળવણીએ વિશ્વસાહિત્યનો પરિચય કરાવી આપ્યો. અંગ્રેજી ભાષાનાં શિક્ષણ અને અભ્યાસને કારણે આપણે ત્યાં સૉનેટનો પ્રવેશ થયો. મનુષ્યમાં પ્રસરતી જતી ચેતનાની નવી આબોહવાને આકારિત કરી શકે એવું સૉનેટ ઉચિત માધ્યમ બને છે. ગુજરાતી ભાષાને પ્રતિભાશાળી સૉનેટસર્જકો મળ્યા એ કારણે ગુજરાતી ભાષા સૉનેટસમૃદ્ધિથી ગૌરવાન્વિત થઈ છે. પ્રબુદ્ધ સૉનેટ કવિઓએ ઊર્મિનું પ્રાધાન્ય સ્વીકારવાની સાથે સૉનેટની બહુદિશ શક્યતાઓ તપાસી-તાગીને સૉનેટને આત્મસાત્ કર્યું છે.

## 3.4 પંડિતયુગ : બ. ક. ઠાકોર

ગુજરાતીમાં જમશેદજી નસરવાનજી પતીત (ઈ.સ. 1856-1888) 'મારી મજેહ તથા બીજી કવિતાઓ'માં 'પ્યારનો પોકાર' ચૌદ ચૌદ લીટીના પાંચ ખંડમાં મળે છે પરંતુ આ રચનાઓ સૉનેટ બનતી નથી.

સૉનેટનું અણીશુદ્ધ કલારૂપ બ. ક. ઠાકોર પાસેથી મળે છે. ઠાકોરે સં. 1948 અને 1949ના 'જ્ઞાનદર્શન'માં જણાવ્યા મુજબ એમનાં અને કાન્તનાં સૉનેટ પ્રથમ પ્રગટ થયાનું કહ્યું છે. તેઓ નોંધે છે-

''ગુજરાતી કવિતામંદિરમાં પ્રથમપહેલાં સૉનેટ 'ભણકારા' અને 'અદષ્ટિદર્શન'. કાન્તનાં 'અગતિગમન' અને 'ઉપહાર' આ પછીનાં (મ્હારાં સૉનેટ).

'ભણકારા' મે-1888 અને 'અદષ્ટિદર્શન' ડિસેમ્બર 1889માં રચાયાં એટલે ગુજરાતી ભાષાનું પ્રથમ સૉનેટ 'ભણકારા' છે.

ઠાકોર પહેલાં કાન્ત અને કલાપીની દર્દસભર કવિતાથી ગુજરાતી ભાવક પ્રભાવિત હતો. ન્હાનાલાલની ઊર્મિ અને ભક્તિરસિત કવિતા તેમ જ નરસિંહરાવની સૌંદર્યમુગ્ધ કવિતાએ મુગ્ધતાની આબોહવા ઊભી કરી હતી. આ સમયે ઠાકોરનો પ્રવેશ થાય છે. ઠાકોરનું લક્ષ્ય કવિતાને ઉક્ત આબોહવામાંથી મુક્ત કરવાનું છે. એમને કવિતામાં રાગાત્મકતા અનિવાર્ય લાગી નથી.

'પુષ્કળ કવિતા માત્ર પોચટ આંસુ સારતી.' એવી કવિતાના પ્રત્યાઘાતરૂપે ઠાકોરે વિચારપ્રધાન કવિતા આપી. ઠાકોરે *નવીન કવિતા વિશે વ્યાખ્યાનો*માં કહ્યું છે તેમ એમની 'કાવ્યત્વની ભાવના યુરોપીય રસિકો અને ફિલસૂફોની સાંદર્યમીમાંસા ઉપરથી બંધાવા પામી છે.'

એમનો આગ્રહ ઉત્તમોત્તમ માટેનો છે. કૃતિઓ પરથી એના આદર્શો ઘડાય એવું એ ઇચ્છતા નથી.

ઊર્મિકાવ્યને 'ત્રીજા નેત્રની પ્રસાદી' રૂપ ગણતા ઠાકોર ઊર્મિના દુશ્મન નથી, પરંતુ તેઓ કવિતામાં ઊર્મિને નિયંત્રિત કરવાના પક્ષકાર છે. એટલે એમણે સંગીત અને કવિતાને જુદાં પાડી બતાવ્યાં. ઠાકોરનો કવિતા માટેનો 'વિચાર' એ દર્શન છે. તેઓ 'દર્શન' અને 'ચિંતન'ને કવિતાના આત્માના સ્થાને મૂકે છે. 'કવિતાભાસી પદાવલિ'ને બદલે વિચારને કાવ્યત્વ સુધી લઈ જવાની હિમાયત કરે છે. એમની વિચારપ્રધાનતાને સૉનેટ સ્વરૂપ અનુકૂળ બન્યું છે. અંગ્રેજી બ્લૅન્ક વર્સ પ્રકારની પ્રવાહિતા લાવવા એમણે પઠનક્ષમ અગેય પૃથ્વી છંદને પસંદ કર્યો. *નવીન કવિતા વિશે વ્યાખ્યાનો*માં ઠાકોર એમની કાવ્યભાવના સ્પષ્ટ કરતાં નોંધે છે :

''સુસ્પષ્ટ, કલ્પનોત્થ, મધુર, સુશ્લિષ્ટ, તેજોમય અને પ્રાસાદયુક્ત, હૃદયવેધી અને ભાવગંભીર; એ ગુણોવાળી હોય તે ઉત્તમ કવિતાનું નામ ગૌરવ દીપાવતી કવિતા.''

એમણે ઉપરોક્ત ગુણસંયોજનના નિદર્શનરૂપ કૃતિઓ આપીને પોતાની કાવ્ય વિભાવનાને ચરિતાર્થ કરી છે. બ. ક. ઠાકોરે વિષય, સ્વરૂપ એ છંદની દૃષ્ટિએ વિભિન્ન પ્રકારનાં સૉનેટ રચ્યાં છે. ઠાકોરની ચેતનાનાં વિવિધ રૂપ પ્રત્યક્ષ થાય છે :

કવિતા કલા : 'કવિની સ્નેહતૃષ્ણા', 'કવિનું એકાંત', 'કલ્પાગ્રસી કવિતા', 'કવિતાની અમરતા', 'સાચો કવિ', 'સર્જક કવિ અને લોકપ્રિયતા'

પ્રેમ : 'પ્રેમનો દિવસ'નાં સૉનેટ .

પ્રકૃતિ : 'વર્ષાની એક સુંદર સાંજ', 'ભણકારા', 'કુદરત પ્રતીક રેવા', 'નારાદર્શન'.

વાર્ધક્ય : 'જર્જરિત દેહને', 'દુપટ દુઃખડા', 'વૃદ્ધોની દશા : એક ચિત્ર', 'વૃદ્ધનું મોટું દુઃખ', 'એક હાય'.

મૃત્યુ : 'કુદરત અને મોત', 'યમને નિમંત્રણ', 'નિશા અને મૃત્યુ'.

ઉપરાંત, વ્યક્તિ, દેશ અને સ્થળવિષયક સૉનેટ અને સુખદુઃખ સૉનેટમાળાનાં તેર સૉનેટનું સર્જન કરીને ઠાકોરે વિષય અને અભિવ્યક્તિનું આપાર વૈવિધ્ય દાખવ્યું છે.

## 3.5 બ. ક. ઠાકોરની કવિતાકલા-વિષયક સૉનેટરચનાઓ

આ પ્રકારની સૉનેટરચનાઓમાં એમની કવિતા અને કવિ વિશેનો અભિગમ સ્પષ્ટ થયો છે. 'ભણકારા'માં કવિને પ્રકૃતિનાં સાંન્નિધ્યે અનાયાસ અવતરતી કવિતાનો અનુભવ થાય છે.

'બાની ભીની નિતરિ નિંગળે અંતરે શીય સેહ્ની'

કવિની સ્નેહતૃષ્ણા સામાન્યો કરતાં જુદી છે. જગતના વ્યવહારો સાથે તાલ મળતો નથી. કવિચિત્તમાં રહેલા પ્રેમનો પ્રતિભાવ નથી. કવિના ભાગ્યમાં તો બસ ઝૂરવાનું જ.

'પ્રણય ઊભરે પ્રેરાતો હું ઢૂંઢૂં ઝિલનારને;<br>
પ્રણય તરસે ઘેલો જાચૂં પિવાડનહારને;

પરંતુ કવિની મુશ્કેલી 'કવિની સ્નેહતૃષ્ણા'માં ઠાકોરે બતાવી છે.

એકાંતવાસી કવિને ઠાકોર કહે છે :

'પધાર અહિં, છે જ આ હૃદય ત્હારું સિંહાસન,<br>
મિલાવ ગુણ, પૂર સુર, પ્રવહાવ તે ભારતી!' ('કવિનું એકાંત')

કવિતા માટે ઠાકોરનો ભક્તિભાવ 'અમરતા બક્ષતી કવિતા'માં છે. 'નમોઽસ્તુ પ્રભાદેવિ, સાચિ પ્રાણદા'. કવિતામાં રહેલી નૂતનતા કવિતાને અમર બનાવે છે. કવિને ઠાકોર 'અહં વિસરિને જુવો,-કવિ યુગે યુગે નૌતમા'ની શીખ આપે છે, 'સાચો કવિ' કોણ ? જે 'કવનો ન રે લવન કેવળ કંક તેને !'

સાચા કવિનું કવન એ અશાસ્ત્રીય લવન નથી, સાચા કવિમાં ઠાકોરને વસ્તુલક્ષિતાના ગુણની અપેક્ષા છે. 'સૉનેટપ્રશસ્તિ'માં ઠાકોરે સૉનેટને ઋજુ સ્વરૂપ તરીકે જોયું છે.

'નુકુલ નવ જેહને તુરત તૂં બની જાય ના' એવું ઇચ્છતા ઠાકોર લોકપ્રિયતા અર્થે કવિતાત્વને હોડમાં મૂકવાનું ઈષ્ટ માનતા નથી. લોકપ્રિયતાના ચાહકોને સંભળાવી જ દે છે.

'જુવો ઉઘાડું છે કમાડ, જાવ ત્યાં રુચે;<br>
સ્વલ્પ બિંદુ યે દયાનું ના ખપે હુંને', ('સર્જક કવિ અને લોકપ્રિયતા')

સૉનેટની-કવિતાની આરાધના કરતાં કરતાં 'વિકાસ તુજથી હું યે સહજ થૈ ગયો વિકસતો' કવિતા જતાં તો-

'કહું છ બસ તૂં જતાં વણસશે જ આ કેતન' ('પ્રિયા કવિતાને સર્જક કવિના અંતિમ બોલ')
કવિતાના વિકાસ સાથે સ્વનો થતો વિકાસ અને કવિતા જતાં અચેતનતા અનુભવ. આ અનુભૂતિ ઠાકોરને સાચા કવિ ઠેરવે છે.

## 3.6 બ. ક. ઠાકોરની પ્રેમભાવની સૉનેટરચનાઓ

મધ્યકાલીન ગુજરાતી કવિતામાં પ્રેમ ઈશ્વરને નામે આવ્યો. અર્વાચીન કાળમાં નર્મદની પ્રેમકવિતામાં સ્વાનુભૂત પ્રેમનો આવેશયુક્ત ઉદ્ગાર છે. કાન્ત-કલાપી, મણિલાલ-બાલાશંકરની કવિતામાં વિફળતાના પ્રત્યાઘાત રૂપે પ્રેમનું આલેખન થયું. નરસિંહરાવ અને ન્હાનાલાલ પ્રેમની અપાર્થિવતાને વ્યક્ત કરે છે. આ બધા કવિઓની કવિતામાં જીવનની નાનીનાની ક્ષણોનું સૌંદર્ય અવ્યક્ત જ રહ્યું. ઠાકોર પ્રેમના વ્યવહારનું સૌંદર્ય પ્રણય અને મૈત્રીનાં કાવ્યો દ્વારા બતાવે છે. ઐહિક ભૂમિકાએ શરૂ થયેલો પ્રેમ એકરૂપતા સિદ્ધ કરીને દિવ્યતા સુધી પહોંચે છે. પ્રેમની ઉષાથી નિર્વાણ સુધીની ગતિને કવિએ તદ્રુપતાપૂર્વક ચાક્ષુષ કરી છે. પ્રેમનાં વિવિધ ભાવરૂપ દર્શાવતાં 'પ્રેમનો દિવસ'નાં સૉનેટો આપણી અનુપમ ઉપલબ્ધિ છે.
પ્રિયજનની સ્મૃતિને મનમાં ને તનમાં રમાડતી નાયિકા અરીસા સામે સૌભાગ્ય ચિહ્ન ચાંદલો પૂર્ણ કરી રહી છે. અહીં નાયિકા જાતને નીરખી રહી છે. પ્રિયની સ્મૃતિ નાયિકાની ધન્ય ક્ષણ છે. આનંદની પરમ ક્ષણે ગીત ફૂટે છે. ગીત કંથ માટેનું છે. નાયિકાના ચિત્તમાં રમતી અપેક્ષાના ફળ રૂપે જ.

ત્યાં દ્વારેથી ...........
કંપી ડોલી લચિ વિખરિ શોભા પડી સ્કંધ દેશે. ('પ્રેમની ઉષા')

અરીસા સામે ઊભેલી નાયિકા પોતાનું પ્રતિબિંબ જોઈ ન જાય એટલે 'નમિ જઈ નિચો' ભાવના સિદ્ધિદાતા નાયક અરવ પદે પ્રવેશે છે ને તરત જ 'કરઝડપથી'આશ્લેષમાં લે છે. 'નમિ જઈ નિચો'માં લઘુ વર્ણો 'અરવ-પદ'ની સ્થિતિ ઊભી કરી દે છે. 'કરઝડપ'માં ગતિની તીવ્રતા આશ્લેષમાં પરિણમે છે. નાયિકા માટે તો આ ઘટના ઓચિંતી છે. અણચિંતી નથી. 'કંપી'માં સ્મૃતિક્રમ તૂટવાનો અને ભયનો કંપ છે. પણ આ તો એ જ ઇચ્છિત સ્પર્શ છે-ના જ્ઞાનને કારણે એના સમગ્ર સંવિતમાં ડોલન આરંભાય છે. એટલે 'ડોલી', 'લચિ'માં ડોલનનો ભાર છે. પ્રથમ પંક્તિ - 'પાડી સેંથી નિરખિ રહિ'તી....'માં નાયિકાએ માત્ર સેંથી પાડી છે. કેશ છૂટ્ટા જ છે. એ શોભા આશ્લેષની ક્રિયાને કારણે ''વિખરિ''ને પરસ્પરની શોભા વધારે છે- 'કરલતા' અને 'કંઠ' બન્ને પક્ષે.
'દ્હાડે યે શું ?' નો લહેકો વિધેયાત્મક ઠપકો છે. એટલે જ દગનર્તન થવા માંડ્યું. કાવ્યના આરંભે ગીત હતું તેમાં નર્તન ભળે છે. 'રાતો દિન' વિચલિત કરી મૂકતી નાયિકાની સ્મૃતિને કારણે નાયક નાયિકાનું કુજન સાંભળવા આવ્યો છે. પણ એ એક જ ગીતને બે કંઠ મળે ત્યારે અધિક રૂડું લાગે છે.

'ગાયૂંઃ પાયાં જિગર જિગરે પેયુષો સામસામાં;
ન્હૈં ત્યાં ચાંદાસુરત હજિ, એ પ્રેમ કેરી ઉષામાં.' ('પ્રેમની ઉષા')

પ્રેમ પાવાનું અને પીવાનું અમૃત છે. ગાવું અને પાવું બન્ને ઓષ્ઠની ક્રિયાઓ છે. હૃદયની એકરૂપતાની આ ચરમ ક્ષણ છે. ચંદ્ર અને સૂરજ સમયનું ભાન કરાવે છે. પ્રેમની ઉષામાં નિઃસમયતા છે. આ મંદાક્રાન્તા છંદમાં રચાયેલું અનિયમિત પ્રકારનું સૉનેટ છે.
'અદષ્ટિ દર્શન'માં નાયિકાની ગેરહાજરીમાં નાયકના મનમાં માણેલી ક્ષણો છતી થાય છે.
'આંખો આડી કરત ચડતૂં આંસુ સંતાડવાને.' નાયિકાની પોતાની વેદના સંતાડવાની મથામણ બરાબર ઝિલાઈ છે. નાયક માટે તો નાયિકાની સ્મૃતિ 'ન ભૂલી ભૂલાયે' એવી છે. નાયક વિખૂટી પડેલી નાયિકાનો દોષ જોતો નથી. પણ
'- આ જન નહીં ઔદાસ્ય સાંખી શકે' ('નાયિકાની છેલ્લી સલામ !)
એ ભાગ્ય ઉપર છોડી દે છે. પ્રેમ માગ્યો ન મળે. એટલે
'બનું સન્યાસી હું ?' એવું નાયકનું ચિંતવન છે. મહત્ત્વાકાંક્ષાના ઘેનમાં આત્મીયને વીસરી ગયેલા નાયકને ભાન થાય છે.
'એ મૂર્ખાઈ વિશે તહને અવગણી; દીઠો ન રે સ્નેહને !' નાયક સ્વદોષને ઓળખે છે.
નાયકનું પ્રાયશ્ચિત્ત ઉત્તરોત્તર વિશુદ્ધ બનતું જાય છે. પ્રિયના સ્પર્શનો અધિકાર ગુમાવી ચૂકેલો છે એવું

આંતરભાન થતાં હૃદયને પ્રિયા સામે ખોઈ દેવા ચાહે છે. દુરિત, અપરાગ અને મોહમાં ફસાયેલા નાયકને નાયિકા મુક્તિદાત્રી લાગે છે. છતાં એ કહે છે - 'દલેદલ ઉજાળું આ ઉર પછી જ હું તાહરો.' ('મોગરો') બીજી તરફ નાયિકા 'દુરિત' 'અપરાગ' જેવાં આળ કાને ન ધરનારી છે. એ સહ ઉડ્ડયન માટે તત્પર છે. બધું જ નિર્મળ કરી ઈશ્વરને ચરણે ધરી દેવા ચાહે છે.

પ્રસૂતિ નિમિત્તે પિયર ગયેલી નાયિકા પુત્રજન્મની 'વધામણી' નાયકને આપે છે. અંગત જીવનની વાત કરતાં કરતાં પુત્રસ્નેહ પણ વ્યક્ત થયો છે. નાયક પોતાની પાસે આવે એનું મહત્ત્વ છે.

**વ્હાલા મ્હારા, નિશદિન હવે થાય ઝંખા ત્હમાર'થી**
**આવી જોઈ દયિત દયિત ઉચરો લોચને કોણ જેવો? ('વધામણી')**

દામ્પત્ય જીવનની અનુપમ ક્ષણોની પ્રતીતિ કરાવતું, મંદાક્રાન્તા છંદમાં રચાયેલું 'વધામણી' સોનેટનું પૂર્ણ દૃષ્ટાંત છે.

'વરવહુ અમે'માં મૃત સંતાનની સ્થળપ્રત્યક્ષતાને કારણે તાજી થતી સ્મૃતિ એ વિગત દુઃખની પુનઃઅનુભૂતિ આપે છે.

'પ્રેમનો મધ્યાહ્ન'માં દ્વૈતમાંથી અદ્વૈતની અનુભૂતિ જીવનના મધ્યાહ્ને થઈ છે.

આ અનુભૂતિનો વિકાસ 'પ્રેમનું નિર્વાણ'માં અનુભવાય છે. જીવનને પ્રેમતત્ત્વએ નિર્મળ બનાવી દીધું એટલે હવે તો કોઈ જ વિધિનિષેધ નથી. વિસંવાદો નામશેષ તઈ ચૂક્યા છે. જીવનના શિખરે ઊભેલું દંપતી પરમતત્ત્વનાં દર્શન કરે છે.

**વ્હાલી, કેવાં જનનનિધનો પંડલય વાત ક્હેવી !**
**કેવાં તૂં હું ! અસલ રસમાં એક સોહં શિવોહં !**

જન્મમરણના ચક્રમાંથી મુક્ત કરનાર પ્રેમની અનુભૂતિ છે. ઊર્ધ્વ તત્ત્વમાં વિગલનની ધન્યતા એ નિર્વાણ છે.

'જૂનું પિયેર ઘર'માં પતિગૃહેથી લાંબા સમયે પિયર આવેલી નાયિકા સામે એક પછી એક સ્મૃતિ ઊકલતી જાય છે. સરી ગયેલું જીવન આજે જ તાજું થાય છે.

પ્રથમ આઠ પંક્તિમાં સ્મૃતિઓના સ્થળકાળનું મોટું પરિમાણ આલેખાયું છે. પણ ભરપૂર સ્મૃતિઓ વચ્ચે નાયિકાને થતો પતિની ઉપસ્થિતિનો અનુભવ પતિ પ્રત્યેના અતિરાગને કારણે જ છે. તેથી જ નાયિકા બાળવયમાં પણ સાથે રમ્યા કરતી હોવાનું અનુભવે છે. નાયિકાના હૃદય પર પતિના સ્નેહનું સ્વામિત્વ હોવાને લીધે એ કહે છે

**'ત્યારે જાણી અનહદ ગતિ નાથ મારા ત્હમારી.**

'પ્રેમનો દિવસ'નાં સૉનેટ વર્ણ અને અર્થનાં લાલિત્યવાળાં છે. પ્રેમની ઉષાથી પ્રેમના નિર્વાણ સુધીની યાત્રા આંતરજીવનના ક્રમિક વિકાસની છે.

## 3.7 બ. ક. ઠાકોરની પ્રકૃતિવિષયક સૉનેટરચનાઓ

પ્રકૃતિનું મનહર ચિત્રણ ઠાકોરના સૂક્ષ્મદર્શન તરીકે થયું છે. એમાં માત્ર આલેખ નથી. પ્રકૃતિને માનવભાવ સાથે મૂકી આપી ઠાકોર નવનિર્માણ રચી આપતા હોય છે. ગુજરાતી કવિતામાં સૉનેટનો ઉઘાડ 'ભણકારા' પ્રકૃતિકાવ્યથી થયો છે.

નરસિંહરાવ પ્રકૃતિના આલેખનમાં દિવ્યતા લાવે છે તેથી તેમની પ્રકૃતિકવિતા થોડી એકાંગી અભિવ્યક્તિ તરફ ઢળેલી છે. ન્હાનાલાલની અલંકારોથી ભરપૂર પ્રકૃતિવિષયક રચનાઓમાં પણ પ્રકૃતનિું પૂર્ણ સૌંદર્ય ખીલતું નથી. મનુષ્યને પોતાની જ લાગે એવી પ્રકૃતિ ઠાકોરે રચી આપી.

'ભણકારા'ના પ્રથમ અષ્ટકમાં નર્મદાતટનું, પરોઢના ધૂમિલ સૌંદર્યનું વર્ણન છે. ધુમ્મસથી આવૃત વૃક્ષો છે. રેવાની વિશાળતા વ્યક્ત કરવા -

**ઊંચા નીચાં સ્તનધડક શાં હાલતાં સુપ્ત વારિ,**
**તેમાં મેળે તલ સમ પડે ઊપડે નાવ મ્હારી.**

રેવાના શાંત જળની ગતિ સ્તનધડક સાથે સરખાવી છે. 'ઊંચાં નીચાં'માં નાના જલતરંગો નિહાળી શકાય છે. એ જ જલતરંગોમાં નાવની 'પડે ઊપડે'ની સ્થિતિ વહે છે. નાવને 'તલ સમ' કહીને કવિએ રેવાની

વિશાળતા બતાવી આપી છે. વાયુ કેવો વાય છે તે વિશેની કવિની કલ્પના

**ને બીડેલાં કમલ મહિં બંધાઈ સૌંદર્ય ઘેલો**
**ડોલે લેટે અલિ મૃદુ પદે, વાય આ વાયુ તેવો**

કમલમાં સ્વયં કેદ થયેલો ભ્રમર સૌંદર્યનો ઉપાસક છે. એણે સૌંદર્યલુબ્ધ હોવાને કારણે બંધાવું પસંદ કર્યું છે. બંધનમાંથી મુક્ત થવા બંધ કમલમાં છટપટે છે, પણ એ સૌંદર્યસંગી હોવાથી 'ડોલે લેટે અલિ મૃદુ પદે' કહ્યું છે. સૌંદર્યપાશમાંથી મુક્ત થવું છે પણ પ્રહાર નથી કરવા. ભ્રમર 'ડોલે લેટે'ને કારણે કમલ સહેજ હલે છે એ ઠાકોરે બતાવેલો વાતો વાયુ છે. આ સમયે હોડીમાં સૂતેલો કવિ 'અર્ધા અનાયાસ છંદ' લવે છે. બીન ઝંકારે છે ત્યાં તો કુદરતના સાન્નિધ્યમાં ''બાની ભીની નિર્તાર નિંગળે અંતરે શીય સેહની !'' એવી અનવદ્ય અનુભૂતિ પ્રાપ્ત થઈ. મંદાક્રાન્તામાં રચાયેલું આ પેટ્રાર્કશાઈ સૉનેટ ગુજરાતી પ્રકૃતિકવિતામાં અજોડ છે. 'વર્ષાની એક સુંદર સાંઝ' નખશિખ લાલિત્ય ધરાવતું સૉનેટ છે. પ્રકૃતિમાં વ્યાપ્ત શાંતિનું રૂપ કવિએ બતાવ્યું છે.

**શાંતી ! શાંતી ! ઝરમર ઝરી ગૈ ગળી વાદળી આ**

શાંતિની આર્દ્રતા પ્રથમ ચાર ગુરુવર્ણોથી સઘન બને છે. આકાશને 'ઊંચો દીપે ઘુમટ ફરિથી વ્યોમ કેરો વિશાળો' પેલી વાદળી 'ઝરમર ઝરી ગૈ ગળી' એટલે આકાશ નિરભ્ર બન્યું. આકાશ માટે 'વ્યોમ' શબ્દની પસંદગીમાં ઘૂમટનું ચિત્ર ઊભું થયું છે. સૉનેટના અંતનો ચમત્કાર

'''વ્હાલા જોયું ?' વદિ તું લહિ ત્યાં ચંદ્રને દશ્યસાર,
ટૌકો ત્હારો, અલિ, સર ગિરિ વ્યોમ ગુંજ્યો રસાળ!''માં છે. ચંદ્રોદયને કારણે સરોવરનું પાણી ફરક્યું. હલતું દેખાયું હશે. ચંદ્રપ્રકાશની શુભ્રતાને કારણે જળ પણ 'શુભ્ર ચળક્યું'. આખું સરોવર 'દિવ્ય ઝાયે રસેલું'નો અનુભવ આપે છે. 'વ્હાલા જોયું ?'માં ચંદ્રને નિહાળ્યાનું વિસ્મય છે. નાયિકાનો આ ટહુકો સર-ગિરિ-વ્યોમ ઉત્તરોત્તર વ્યાપી જાય છે. શાંતિ છે, વ્યોમ વિશાળ ઘૂમટ છે. ટહુકા સિવાય કોઈ શબ્દ નથી. અશબ્દતાને ચીરતો નાયિકાનો વિસ્મયવાચક ઉદ્‌ગાર છે. 'ગુંજ્યો'માં 'ટૌકા'ના ધ્વનિ-પ્રતિધ્વનિ સંભળાય છે. 'વ્યોમ ગુંજ્યો' મૂકીને કવિએ ટહુકાની વ્યાપ્તિ અને નાયિકાનું ગૌરવ બન્ને સૂચવી દીધાં છે.

'કુદરતપ્રતીક રેવા' અને 'તારાદર્શન'માં પ્રકૃતિનું અહોભાવયુક્ત સૂક્ષ્મદર્શન છે.

**સુખદુઃખ સૉનેટમાળા : વાર્ધક્ય અને મૃત્યુ :**

જીવન અને જગત વિશેનું પરિપક્વ ચિંતન 'સુખદુઃખ સૉનેટમાળા'નાં તેર સૉનેટમાં રજૂ થયું છે. અંગત સ્થિતિભાવથી આરંભાયેલી માનવજાતિના સંસ્કૃતિવિકાસમાં શ્રદ્ધા ધરાવે છે. સુખદુઃખ વિશેનું કવિનું દર્શન-વિમર્શન વિવિધ વિષય અને પરિસ્થિતિ લઈને આવ્યું છે.

સુખસમૃદ્ધિની વ્યાખ્યા સનાતન નથી. સાચી સમૃદ્ધિ, અનન્ય શ્રેય તો સ્વયં આત્મા જ છે. જીવનમુક્તની સ્થિતિ એ જ સુખની સ્થિતિ છે. એમની દૃષ્ટિ શ્રેય પ્રતિ ઊઠેલી છે. સંસ્કૃતિવિકાસમાં ઠાકોર માનવસંઘની સમગ્રતાને સાંકળે છે. વ્યક્તિથી સમષ્ટિ સુધીની ચિંતનયાત્રા ચિંતનભરી છે. તેઓ સંસ્કૃતિના વિકાસમાં પુરુષાર્થને જુએ છે. ભૂત અને ભવિષ્ય કરતાં કવિ વર્તમાનને સ્વીકારવાનું કહે છે. એ જ બૌદ્ધિક અભિગમ છે. સુખદુઃખની ભરતીઓટ પ્રથમ સાત સૉનેટમાં દર્શાવી પછીના આઠથી તેર સૉનેટમાં માનવજાતિનો સંસ્કૃતિ વિકાસ દર્શાવે છે. માનવ અને સંસ્કૃતિનું ગંભીર ચિંતન રજૂ કરતી આ સૉનેટમાળામાં ઠાકોરની ચિંતનપ્રતિભા ઊપસે છે. જયંત કોઠારી સુખદુઃખ સૉનેટમાળાને 'કાવ્યામુખી કાવ્યગંધી નિબંધ' લેખમાં જણાવે છે -

''આ સૉનેટમાળામાં કવિએ માનવવ્યક્તિ અને સમાજનાં સુખદુઃખ શામાં રહેલાં છે તે, વિશાળ કાળસ્થલપટ પરની માનવજીવનની ગતિવિધિનું વિહંગાવલોકન કરીને. તપાસવાનો ઉદ્દેશ રાખ્યો છે. સંદર્ભની આ વિશાળતાને કારણે કવિનું ચતિંન પાયાનાં માનવમૂલ્યોને વ્યાપી વળે છે, અને તેથી બળવન્તરાયના સમગ્ર જીવનવિચારનું સત્ત્વ જાણે કે આપણને અહીં મળી જાય છે.'' (*પ્રો. બ. ક. ઠાકોર અધ્યયન ગ્રંથ* પૃ. 151)

વાર્ધક્ય અશક્તિ, આકર્મણ્યતા, અવહેલના અને સ્મૃતિઓ વચ્ચે જીવવાની અવસ્થા છે. અતીતનું સ્મરણ વાગોળ્યા કરવાનો વાર્ધક્યનો સ્વભાવ થઈ જાય. આ સ્મૃતિઓ સુખની, સંતોષની, અકાળે થતા મૃત્યુના ભારની છે. પરિવર્તનો જોવાં પડે છે. વાર્ધક્ય મૃત્યુ સામે મીટ માંડીને બેઠું રહે છે. પોતાનો જ દેહ પોતાનું કહ્યું ન કરે એવી સ્થિતિમાંથી મુમુર્ષા જન્મે છે. મુમુર્ષાની અભિવ્યક્તિ 'કુદરત અને મોત' અને 'યમને

નિમંત્રણ'માં છે.

અસહાય થઈને નસીબ ઉપર આધાર રાખતો વૃદ્ધ જાતને જુએ છે :

**નિહાળું મુજ જાત ત્યાં વિકલ વૃદ્ધ થૈ બાપડી !**
**નસીબ, તુજ રે શિ હોય અવળાઈ આથી વડી ! ('નસીબને')**

પોતાની વર્ષગાંઠે દુઃખ પહોંચવાનું કારણ 'ગયાં પ્રથમ જે મુકી સફરમાં એકલો મ્હને', (અતિ દુખિયારાં') છે. યુવાનીનો તરવરાટ, પ્રિયની વિદાય, તૂટી ગયલી અપેક્ષાઓ, નિસ્તેજ થયેલું વ્યક્તિત્વ, સુખના સાથીઓ, વિનોદની ક્ષણો- આ બધું જ ચાલી ગયા પછી 'રહ્યું ફક્ત આયખું, રતિગતિસુખહીન નૈરાશ્યનું:' ('એક હાય') એવો અનુભવ થાય છે.

'લિયો ઉંચકિ સદ્ય, દુઃખદરિયાથિ આ બંધુને!' (એક હાય) એવી અનુભૂતિ થાય છે. અકર્મણ્યાઅયતાને કારણે 'નહીં અકરણીય લેશ ય કરીશ, રે બુજર્ગી!' (કસોટી) કહેવું પડે છે. વૃદ્ધોની દશા દયનીય બને છે. ચારે તરફથી આવી મળેલી અશક્તિઓથી, સ્વજનો દ્વારા કરાતી અવહેલનાથી, કૃત્રિમ આદરથી. તરંગોથી ભરપૂર ભવમાં ઇચ્છાના બેકાબૂ અશ્વો, કિશોર અવસ્થાનો પ્રેમ; ને એવું તો કેટલું દુખદાયી બની પડે છે. અધૂરી ઇચ્છાઓ પૂર્ણ કરવાના પ્રયત્નો, ઉત્તરોત્તર વધતી જતી જીજીવિષા વચ્ચે વૃદ્ધનો 'ઉજમ' હણાય છે. (વૃદ્ધોનું મોટું દુઃખ) મૃત્યુની અનિશ્ચિતતા સતત ભયમાં રાખે છે. આ અજ્ઞાન કવિને સાલે છે. 'દુપટ દુઃખદા'માં અરુચિનું, અનિર્ણાયકતાનું ક્ષેત્ર વિસ્તરતું જાય છે. 'જર્જરિત દેહનો અંતિમકાળ દૂર નથી રહ્યો ત્યારે 'જરા ઉથલ ડોક; દૂર નથી જો વિસામો હવે ('જર્જરિત દેહને') વાર્ધક્ય અને મૃત્યુનો ભાવ દર્શાવતી કાવ્યરચનાઓનું સૌંદર્ય કાવ્યત્વ અને અભિવ્યક્ત વિચારને કારણે ખીલ્યું છે. આ કાવ્યોમાં આત્મશ્રદ્ધા, પુરુષાર્થ, સ્વકર્મનું તટસ્થ પૃથક્કરણ છે. ઠાકોર ચુસ્ત આત્મ-પરીક્ષકની ભૂમિકા નિભાવે છે. ઉમાશંકર જોશી કહે છે તેમ - ''વૃદ્ધાવસ્થા - બુઝર્ગી - અંગેનું આવું તીવ્ર વિષાદભર આલેખન બલવન્તરાય સિવાય કોઈ કવિમાં, શું ગુજરાતીમાં શું કદાચ અન્ય કોઈ ભાષામાં પણ જવલ્લે જ મળશે.''

ઉપરાંત ઠાકોરે વ્યક્તિવિષયક, સ્થળવિષયક, અંજલિરૂપે અને મૈત્રીવિષયક સૉનેટ સર્જ્યાં છે.

પ્રયોગશીલ ઠાકોરે સૉનેટના આંતરબાહ્ય સ્વરૂપમાં વૈવિધ્ય આણીને, પોતાની અભિવ્યક્તિને અનિવાર્ય હોય એ મુજબ પંક્તિવિભાગો કરીને, પ્રાસ પ્રત્યે સ્વતંત્ર વલણ રાખીને, ભાષાનો કસ કાઢીને, ગુજરાતી સૉનેટનો આદર્શ સ્થાપીને એમના સમકાલીનો અને અનુગામી સર્જકો સામે જબરજસ્ત શિસ્ત ઊભી કરી છે જેનું સાહિત્યિક અને ઐતિહાસિક મૂલ્ય છે.

## 3.8 કાન્ત (મણિશંકર રત્નજી ભટ્ટ) અને અન્ય

કાન્તે 'પૂર્વાલાપ'ના અર્પણરૂપે 'ઉપહાર' સૉનેટ રચ્યું છે. ઉત્તમ સૉનેટ કવિ ઠાકોરને સૉનેટ દ્વારા અર્પણ સમુચિત ઉપહાર છે.

'ઉપહાર' શિખરિણી છંદમાં રચાયેલું શેક્સપિયરિયન સૉનેટ છે. આ સૉનેટમાં કાન્તે તેમણે કવિતાપ્રદેશમાં કરેલા મુધર સહચારનું નિરૂપણ છે.

સૉનેટ કાવ્યપ્રકાર કાન્તની કવિ પ્રકૃતિને અનુકૂળ આવ્યો નથી લાગતો. એમણે આ એક જ સૉનેટ આપ્યું છે. નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયાએ 'વીણાનું અનુરણન' એક સૉનેટ આપ્યું છે. પૃથ્વી છંદમાં સ્વતંત્ર સ્વરૂપના આ સૉનેટમાં દોહિત્રનું અવસાન ઉપાદાન તરીકે આવે છે. ન્હાનાલાલે છંદપરત્વે નિજી ઉડ્ડયન કર્યું છે. તેમણે 'તાદાત્મ્ય' નામે એક સૉનેટ આપ્યું છે. પ્રથમ આઠ પંક્તિમાં માતાના વાત્સલ્યનું શબ્દચિત્ર ઊભું થયું છે. પણ પતિ દૂર દેશે છે. પતિ સાથેના તાદાત્મ્યને કારણે જ નાયિકા 'મોંઘી મૂર્તિ'નો પ્રાણમાં અનુભવ કરે છે.

પતિની પ્રતિકૃતિ રૂપ સંતાન 'પ્રણયપ્રતિભા' બન્યું. દામ્પત્યના અદ્વૈતભાવનું નિરૂપણ કરતું, મંદાક્રાન્તામાં રચાયેલું સ્વતંત્ર સ્વરૂપનું સૉનેટ છે.

## 3.9 અરદેશર ફરામજી ખબરદાર અને પંડિતયુગની પૂર્ણાહુતિ

*નન્દનિકા* (1944)માં 202 જેટલાં સૉનેટ આપે છે. ખબરદાર સૉનેટને 'ધ્વનિત' કહેવા પ્રેરાયા છે. શ્રી વિનોદ જોશી કહે છે તેમ 'ખબરદાર પાસેથી સંખ્યાબળમાં વધુ પણ સત્ત્વદૃષ્ટિએ નબળાં કહી શકાય

એવાં બસ્સોથી વધારેની સંખ્યામાં સૉનેટ મળે છે. ખબરદારે સૉનેટને ધ્વનિત એવું નામ આપ્યું અને અંગ્રેજી સૉનેટમાં બહુધા પ્રયોજાતા આયમ્બિક પેન્ટામીટર જેવા, પ્રાયઃ શિથિલ કહી શકાય તેવા, મુક્તધારા છંદનું અન્વેષણ કરી તેનો પોતાનાં કેટલાંક સૉનેટમાં પ્રયોગ કર્યો. ખબરદારની આ પ્રયોગધર્મીતા કોઈ સુફળ લાવી જણાતી નથી, તે છતાં તેમણે આ દિશામાં કરેલો પ્રયત્ન ધ્યાનાર્હ જરૂર છે. ખબરદારનાં મોટા ભાગનાં સૉનેટ સ્વરૂપ દૃષ્ટિએ ખરાં ઠરે છે પણ સૉનેટનું આંતરસત્ત્વ તેમાં નહીંવત્ છે. (*સૉનેટ* - સાહિત્ય સ્વરૂપ શ્રેણી)

પંડિતયુગમાં કવિતા ક્ષેત્રે ઊર્મિકાવ્ય, રાસ, ગીતો, પ્રણયકાવ્ય, સૉનેટ અને ખંડકાવ્ય આદિ કાવ્યસ્વરૂપોનું ખેડાણ થયું છે. સૉનેટ સિવાયનાં કાવ્યસ્વરૂપોમાં એકાધિક કવિઓએ પ્રદાન કર્યું છે. સૉનેટ ઠાકોરના અપવાદ સિવાય ઉપેક્ષિત રહ્યું છે. નરસિંહરાવે ઊર્મિને જ પ્રાધાન્ય આપી ઊર્મિકાવ્યો લખ્યાં. ન્હાનાલાલે રાસ અને ગીતો પ્રત્યે પક્ષપાત રાખ્યો. બન્નેમાં દૈવી તત્ત્વના પ્રભાવને કારણે સંવેદના ઓછી આવી. કાન્તની કવિતામાં હતાશા, વિફળતાની ચીસ સંભળાયા કરે છે. અલબત્ત, ખંડકાવ્યનું પૂર્ણ રૂપ કાન્તે જ પ્રગટાવ્યું છે.

પંડિતયુગમાં એકમાત્ર ઠાકોરે સૉનેટની સાધના કરી છે. એમની વિચારપ્રધાન કાવ્યવિભાવનાનું સત્ય એમની જ કૃતિઓમાંથી મળી રહે છે. આ યુગમાં ઠાકોરની કાવ્યશિસ્ત સૉનેટક્ષેત્રે નહીંવત્ જળવાઈ છે.

**'તમારી પ્રગતિ ચકાસો'-1**

(1) સૉનેટની ભૂમિકા જણાવો.

(2) ગુજરાતીમાં સૉનેટનું અવતરણ ક્યારે થયું ?

(3) બ. ક. ઠાકોરની કવિતાકલા વિષયક સૉનેટરચનાઓ વિશે લખો.

(4) બ. ક. ઠાકોરની પ્રેમભાવનાની સોનેટરચનાઓ વિશે લખો.

(5) બ. ક. ઠાકોરની પ્રકૃતિવિષયક સૉનેટ રચનાઓ વિશે લખો.

(6) કાન્ત અને ખબરદારના સૉનેટ પ્રદાન વિશે લખો.

## 3.10 ગજેન્દ્ર બૂચ અને દેશળજી પરમાર

પંડિતયુગને ગાંધીયુગ સાથે જોડતા આ બન્ને કવિઓ બન્ને યુગનો પ્રભાવ ઝીલે છે.

ગજેન્દ્ર બૂચ (1902-1927) ન્હાનાલાલ, નરસિંહરાવ, કાન્ત-કલાપી જેવા કવિઓની કાવ્યરીતિ અપનાવે છે. સાથે સાથે બ. ક. ઠાકોરની અર્થપ્રધાન શૈલીને પણ પુરસ્કારે છે.

*ગજેન્દ્ર મૌક્તિકો* (1928)માં તેમણે બે સૉનેટ રચ્યાં છે.

દેશળજી પરમારનાં *ઉત્તરાયન* સંગ્રહમાં 39 જેટલાં સૉનેટ મળે છે. પ્રારંભમાં કવિ ન્હાનાલાલની રંગદર્શી કવિતાથી આકર્ષાયા પછી ઠાકોરની કાવ્યરીતિનો પ્રભાવ ઝીલે છે. છતાં ઠાકોરની અગેય પ્રવાહી પદ્યરીતિના નિરૂપણમાં દેશળજી સર્વાંશે સફળ રહ્યા નથી. તેમનું લક્ષ કલાતત્ત્વ કરતાં સંવેદનની અભિવ્યક્તિ પર વિશેષ છે. દેશભક્તિના જુવાળને લગતાં, ન્હાનાલાલ, રમણભાઈ, ટોલસ્ટોય, ગાંધીજી, અરવિંદ વિષયક વ્યક્તિલક્ષી, 'આષાઢ', 'ભરતી' જેવાં પ્રકૃતિનાં અને અધ્યાત્મભાવનાં સૉનેટ તેમણે રચ્યાં છે.

દેશળજી પરમાર પ્રાસયોજનામાં સ્વતંત્ર રીતિ યોજે છે. દેશળજીનો શબ્દ અતિપ્રકટતાનો ગુણ ધરાવતો હોવાથી સંવેદનની પકડ નબળી પડી જતી હોય એવું લાગે છે.

છતાં ગજેન્દ્ર બૂચ અને દેશળજી પરમાર પંડિતયુગ અને ગાંધીયુગને સાધતા કડીરૂપ કવિઓ છે.

## 3.11 ગાંધીયુગની ભૂમિકા

ગાંધીયુગની કવિતા પર ન્હાનાલાલ અને બ. ક. ઠાકોરનો પ્રભાવ સમાંતરે પડેલો છે. પણ ઠાકોરની કાવ્યવિભાવનાની અસર ગાંધીયુગીન કવિઓ પર વિશેષ થઈ. ઈ.સ. 1930થી ઈ.સ. 1940ના ગાળાની કવિતાનાં મુખ્ય ત્રણ પ્રેરક બળો છે : (1) ગાંધીજીની પ્રવૃત્તિ અને વિચારધારા (2) સમાજવાદી વિચારસરણી (3) પ્રા. ઠાકોરની કવિતા તેમ જ વિવેચના.

ગાંધીથી જીવન અને સાહિત્ય બન્ને પ્રભાવિત થાય છે. સત્ય-અહિંસાનો આદર્શ, સામાજિક સમાનતા, વિશ્વબંધુત્વની ભાવના અને વાસ્તવનો સ્વીકાર- આ તત્ત્વો ગાંધીયુગના કવિને આકર્ષે છે. વળી ગાંધીયુગના કવિને ઠાકોર જેવા કવિતાશિક્ષક મળ્યા છે. હવે આ યુગના કવિ સામે ન્હાનાલાલની રંગરાગી કવિતાનો માર્ગ અને ઠાકોરની અર્થાનુસારી કવિતાનો માર્ગ છે. ગાંધીયુગના કવિને ઠાકોરના ચીલે ચાલવું ગમ્યું છે. શુદ્ધ સૉનેટ

વિશેની સભાનતા કેળવાઈ. પરિણામે ગાંધીયુગ સૉનેટયુગ બની ગયો. ઉમાશંકર જોશી કહે છે તેમ : 'બે ભિન્ન ભિન્ન ક્ષેત્રની વ્યક્તિઓમાંથી આજની કવિતાના દેહે અને આત્માએ પોષણ મેળવ્યું છે. આજની ગુજરાતી કવિતાનું કાઠું ઘડાયું આપણા પ્રયોગશીલ પ્રો. ઠાકોરને હાથે, અને કવિતામાં પ્રાણસંચાર થયો ગાંધીજીની સર્વતોમુખી પ્રવૃત્તિને પ્રતાપે.' માટે જ ઠાકોરનો માર્ગ ગાંધીયુગની કવિતાનો રાજમાર્ગ બન્યો. વિષય, છંદ અને અભિવ્યક્તિની દષ્ટિએ ગાંધીયુગીન સૉનેટની વિવિધ મુદ્રાઓ સૉનેટને દૃઢમૂલ કરે છે.

## 3.12 ચંદ્રવદન મહેતા અને 'શેષ'

ચંદ્રવદન મહેતાએ ઈ.સ. 1926માં *યમલ* શીર્ષક હેઠળ ચૌદ સૉનેટનો ગુચ્છ આપ્યો. ઠાકોરશૈલી અને સૉનેટના પ્રથમ પુરસ્કર્તા ચંદ્રવદન મહેતા છે. સંદરમ્ *યમલ* વિશે કહે છે :-

'સંદિગ્ધતા વિનાની અને સુરેખ કાવ્યત્વવાળી રચનાઓ પ્રથમ વાર ચંદ્રવદન મહેતા પોતાના *યમલ* સૉનેટ-ગુચ્છમાં લઈ આવે છે. *યમલ*નાં સૉનેટોમાં બળવંતરાયની શૈલીનું પ્રાસ્તાવિકતા ભરેલું નવું સ્ફુરણ છે અને એ નાની પુસ્તિકા નવીન કવિતાના સૌથી પ્રથમ સ્પષ્ટ અને મધુર રણકાર જેવી છે.

*યમલ*માં વસ્તુ અને આવષ્કિરણ બન્નેની અપૂર્વતા છે. 'વિસર્જન' જેવા સૉનેટને કારણે ચંદ્રવદન મોભાદાર સૉનેટ કવિ તરીકે સિદ્ધ થાય છે. રુદ્રભાવ માટે શિખરિણીમાં આવી ઊંચા પ્રકારની ક્ષમતા છે તેની પ્રતીતિ આ સૉનેટ કરાવે છે. આ સૉનેટ ગુજરાતી ભાષાની કઠોર શક્તિને આહ્‌લાદક રીતે પ્રગટ કરે છે. રાષ્ટ્રપ્રીતિ, ભગિનીપ્રેમ, સમસામયિક જીવન સંદર્ભ, તદ્‌વિષયક ચિંતન આદિની અભિવ્યક્તિ માટે ચંદ્રવદન મહેતાએ સૉનેટને વારંવાર પ્રયોજ્યું છે.

રા. વિ. પાઠક 'શેષ'નો પ્રથમ કાવ્યસંગ્રહ *શેષનાં કાવ્યો* ઈ.સ. 1938માં પ્રગટ થાય છે. તેઓ કાવ્યજ્ઞ કવિ છે. રચનારીતિની સુઘડતાવાળાં અભિવ્યક્તિરૂપો પૈકી સૉનેટ સ્વરૂપ બહુ ઓછું પ્રયોજ્યું છે. તેમની પાસેથી ચાર સૉનેટ મળે છે. 'અભેદ' પેટ્રાર્કશાઈ સૉનેટ છે. આકાશ અને પૃથ્વીના દામ્પત્યની કલ્પનાને આધારે દામ્પત્ય સ્નેહમાં પરિણમતા અભેદનું ગૌરવપૂર્ણ સૉનેટ છે. 'છેલ્લું દર્શન' પૃથ્વી છંદમાં રચાયેલુ શેક્સપિયરીઅન સૉનેટ છે. એમાં વિગત પત્નીના આઘાતનું સંયમિત અને સ્વસ્થ આલેખન છે.

**મળ્યાં તુજ સમીપ અગ્નિ ! તુજ પાસ જુદાં થિંયે;**
**કહે, અધિક ભવ્ય મંગલ નથી શું એ સુન્દરી !**

વેદનાનું ગંભીર રૂપ સ્વસ્થરૂપે વ્યક્ત કરવામાં શેષની સર્જકતા રહેલી છે. 'માગું બસ રાતવાસો જ હું'માં શેક્સપિયરીઅન શૈલીમાં રચાયેલું, ભાવપરિણતિની પરાકાષ્ઠા સિદ્ધ ન કરતું સૉનેટ છે. 'લગ્ન' શાલિની-ઇન્દ્રવજ્રના મિશ્ર છંદમાં રચાયું છે. એમાંનું સંવેદન અતિમુખર હોવાથી અકાવ્યતા દેખાઈ આવે છે. અનિયમિત સ્વરૂપનું ત્રણ, ચાર, ચાર, ત્રણ પંક્તિ વિભાગમાં વિભાજિત 'લગ્ન' સૉનેટમાં વ્યંજનાનું સૌંદર્ય ઓછું- નહીંવત્ છે, એમણે સૉનેટમાં સ્વતંત્ર પ્રાસયોજના સ્વીકારી છે.

અનંતરાય રાવળે *શેષનાં કાવ્યો*ને પાઠકની 'પ્રયોગશાલા' તરીકે ઓળખાવ્યો છે તેમાં તથ્ય છે.

'છેલ્લું દર્શન' તો તેમનો અવિસ્મરણીય પ્રયોગ છે.

## 3.13 સુંદરમ્

ગાંધીયુગીન કવિતામાં સુંદરમ્ એક મોટું નામ છે. સંવેદનની કલાત્મક અભિવ્યક્તિ એમની કવિતામાં મળે છે. કવિની અનુભૂતિ વિવિધ વિષયક્ષેત્રોમાં ઘૂમી છે. સૉનેટ તો જાણે સુંદરમ્‌ને હાથવગું છે. ગાંધીયુગના સાહિત્યગુરુ રા. વિ. પાઠક પાસેથી છંદશિક્ષણ લઈને સુંદરમે પ્રતિભાબળે છંદનો વિનિયોગ સૉનેટમાં કર્યો છે. રાષ્ટ્રભક્તિ, પ્રણય, અધ્યાત્મભાવ, શ્રી અરવિંદ અને માતાજી પ્રત્યેનો ભક્તિભાવ વગેરે તેમનાં સૉનેટના વિષય છે.

**રાષ્ટ્રભક્તિ** - 'સાફલ્યટાણું', 'ત્રિમૂર્તિ', 'ઘણ ઉઠાવ'

**પ્રણય** - 'દશા ભાગ્યની', 'કાં ના ચહું ?', 'શશી ભૂલ્યો', 'કમલદલમાં', 'ઉષા ન્હોતી જાગી', 'જાવા પૂર્વે', 'ગઈ ભલે'.

**અધ્યાત્મ** - 'અહો પૃથ્વી મૈયા', 'પ્રતિપદા', 'ધસો ઊંચે', 'અહીં હું', 'તારી થાળે', 'તને લહું છું ને - '

'યાત્રા'ની કવિતામાં સુંદરમ્ ઊર્ધ્વ પ્રતિ અભિમુખ થયા છે. 'તારી થાળે' અસંબંધોના સંબંધનું સૉનેટ છે. અપરિચયમાંથી કેટલો મોટો પરિચય મળે છે. પ્રેમમાંથી ક્રમશઃ ભક્તિનું ઉજ્જવળ સ્વરૂપ પ્રગટે છે. પ્રેમ

પરસ્પરને ધન્ય બનાવે છે. અભિજાત નાયક ઉપકારભાવ દાખવવા ઇચ્છતો નથી. એ તો પૂજા સ્થળે જતી નાયિકાની ગતિને દઢ કરવા સાથે પોતાનો સ્વાર્થ પણ જણાવી દે છે.

**દઉં તારી થાળે મુજ મન ધર નીરમ સમ,**
**બને તારી યાત્રા સુદૃઢ, મન મારું ય કુસુમ.**

આ ઉપરાંત 'જઈએ', 'પૂર્ણમયંક', 'તુજ વિજય', 'ગઈ ભલે' જેવી રચનાઓમાં નિર્મળતા અનુભવાય છે. ઐહિકતાનો અંશ ક્રમશઃ ઘટતો ગયો છે. કવિનું ચિત્ત ઊર્ધ્વાભિમુખ થયું છે.

સુંદરમ્‌ની કવિતામાં પરમની અવિરત શોધની મથામણ અનુભવાય છે. અરવિંદતત્ત્વદર્શનથી પ્રભાવિત થયા પછી સુંદરમ્‌ની કવિતામાં શ્રદ્ધાનું જોર વધારે દેખાય છે. 'નમું'માં કવિને શ્રદ્ધાનું આસન મળે છે. 'પ્રતિપદા', 'વસો ઊંચે', 'રસ-ઉગ્રતા', 'નૌકા', 'પથવિભેદ', શ્રી અરવિંદ' જેવાં સૉનેટમાં પ્રાર્થના-શ્રદ્ધા અભીપ્સા વ્યક્ત થઈ છે.

'એક કિલ્લાને તોડી પડાતો જોઈને' એ સૉનેટ પંચકની અને 'સપ્તરાગ'માં સંગીતના સાત રાગ વિષયક વિશિષ્ટ અને પ્રથમ વાર જ ખેડાયેલા વિષયનાં સૉનેટસપ્તકની માળા છે. 'સપ્તરાગ'માં સ્વરૂપ અને પ્રાસયોજના સમાન છે, પરંતુ ત્રણમાં શિખરિણી, ત્રણમાં શાર્દૂલવિક્રીડિત અને એકમાં મંદાક્રાન્તા એમ છંદનું વૈવિધ્ય છે. સુંદરમે 'મિત્ર પત્નીને' અને 'એક મિત્ર યુગલને' આ બન્ને મૈત્રી વિષયક સૉનેટ આપ્યાં છે. સુંદરમ્‌નાં સૉનેટમાં શેક્સપિયરીઅન રીતિનાં વધારે છે. ઇટાલિયનનાં ઓછાં અને સ્વતંત્ર રીતિનાં સૉનેટની સંખ્યા ઘણી વધારે છે. ભાવવિકાસની અનિવાર્યતા મુજબ સુંદરમે સૉનેટ સ્વરૂપ પરત્વે પ્રયોગો કર્યા છે. તેમણે શેક્સપિયરીઅન સ્વરૂપમાં સત્તાવન સૉનેટ લખ્યાં છે. બાકીનાં સૉનેટ વિવિધ વિભાગો કરીને ભાવાનુકૂળ બનાવે છે. સુંદરમ્ સૉનેટમાં ભાવના વળાંક અને અંતની ચોટ વિશે સભાન હોય છે. પ્રાસની જાળવણીનો આગ્રહ સુંદરમમાં નથી. સહજ રીતે પ્રાસ જળવાય તો ઠીક, નહીંતર ઔચિત્ય દોષ વહોરી લઈને પ્રાસ જાળવતા નથી. કૃતિની અનિવાર્ય આવશ્યકતામાંથી જ પ્રાસ જન્મતા હોય છે. પેટ્રાર્ક કે અંગ્રેજી શૈલીની રૂઢ પ્રાસરચનાનું અનુસરણ જવલ્લે જ થયું છે. 'તારી થાળે' અને 'સુધા થીવી'માં abba cddc effe gg જેવી પ્રાસરચના છે. સૉનેટની અંતિમ પંક્તિઓનો પ્રાસ સુંદરમ્ મેળવે છે. અનિયમિત પ્રાસરચના સુંદરમ્‌ની શક્તિઓને પ્રગટ કરવામાં મદદરૂપ થાય છે.

સૉનેટમાં છંદ પ્રયોગમાં સુદરમ્‌નું છંદોપ્રભુત્વ છતું થાય છે. તેમણે પૃથ્વી, શિખરિણી, મંદાક્રાન્તા, શાર્દૂલવિક્રીડિત, સ્રગ્ધરા, હરિણી જેવા છંદો અગેય પ્રવાહી રીતે પ્રભુત્વપૂર્વક પ્રયોજ્યા છે. શિખરિણીનો પ્રયોગ વધારે થયો છે. 'સાફલ્યટાણું'માં સ્રગ્ધરા, 'સાંજે જ્યારે'માં હરિણી, 'ઘણ ઉઠાવ'માં પૃથ્વીની બાર પંક્તિ પછી સ્રગ્ધરાની પ્રથમ યતિના બે પંક્તિખંડો મૂકી અંતિમ પંક્તિઓમાં સ્રગ્ધરા યોજે છે. કવિએ ખંડ અને અભ્યસ્ત છંદોનો કવિતાની જરૂરિયાત મુજબ પ્રયોગ કર્યો છે.

સુંદરમે સૉનેટને વિવિધ રીતે તાગ્યું છે. ગુજરાતી સૉનેટ કવિતાને સુંદરમે પોતાની અભ્યાસપૂત સર્જકતાથી સંમાર્જી છે.

સુંદરમમાં એક સત્યશોધક બેઠેલો છે. સત્યશોધક અને કવિ વચ્ચે સંવાદ છે. એમની કૃતિઓમાં એમના માનસના વિકાસનું દર્શન મળે છે. વ્યક્તિથી આરંભેલી યાત્રા પરમના સાન્નિધ્યમાં શમતી હોવાનો અનુભવ છે. ગાંધીની અસર નીચે કેળવાયેલો માનવતા માટેનો પ્રેમ શ્રી અરવિંદની અસર નીચે દિવ્યતાની ઝંખનારૂપે વિકસે છે.

## 3.14 ઉમાશંકર જોશી

ગાંધીયુગની ચેતનાનો પ્રબળ અવાજ ઉમાશંકર જોશીની કવિતામાં સંભળાય છે . કુશાગ્ર બુદ્ધિપ્રતિભા, વૈશ્વિક ચિંતન, માનવપ્રેમ અને સૌંદર્યના ચાહક ઉમાશંકર બહુમુખી પ્રતિભા ધરાવનાર વ્યક્તિ છે. એમની સંવેદના માત્ર સમસામયિક નથી રહી. ઉમાશંકર જોશીએ દોઢસો જેટલાં સૉનેટ રચ્યાં છે.

**રાષ્ટ્રભક્તિ અને વૈશ્વિકતા** : ગાંધીયુગના રાષ્ટ્રભક્તિના સંસ્કારમાં પાંગરેલી ઉમાશંકરની કવિતામાં એક સ્વાતંત્ર્ય સેનાનીનો અવાજ સંભળાય છે. 'શૂરસંમેલન'માં સ્વતંત્રતા માટેની ખુમારી છે.

**મુખે સમરગાન હો ! પ્રિય સ્વતંત્રતા પ્રાણ હો !**

ઉપરાંત 'ધ્રુવતારલી', 'મોખરે', પંચહીણ પંથ', 'ઉરખાખ' જેવાં સ્વાતંત્ર્ય ભાવનાનાં સૉનેટ છે.

વિશ્વબંધુત્વની ભાવના 'વિશ્વતોમુખી', 'વિશ્વમાનવી', 'વિકલ્પ', 'ઓરતા' જેવાં સૉનેટમાં વ્યક્ત થઈ છે. કવિ તો અન્ય માટે ઘસાઈ જવા ઝંખે છે -

**પ્રભો મારે તાપે તપી, અવરની શાંતિ સૃજવી,**
**નિચોવી અંધારાં અમર રસજ્યોતિ જગવવી. ('વાંછા')**

**ઉકેલતો તારક શબ્દપોથી,**
**ને પ્રેમધારા વહું વિશ્વતોમુખી ('વિશ્વતોમુખી')**

દેશપ્રેમથી અને ગાંધીજીની અસરને કારણે કવિના ચિત્તમાં પ્રશ્ન જાગે છે. 'જઠરાગ્નિ'માં કવિનો રોષ છે. સમાજને ચેતવણી છે. જઠરાગ્નિના તાપને અને પરિણામને કવિ જાણે છે.

**ભૂખ્યા જનોનો જઠરાગ્નિ જાગશે;**
**ખંડેરની ભસ્મકણી ન લાધશે ! ('જઠરાગ્નિ')**

ઉમાશંકર જોશીની કવિ ચેતના એકમાર્ગી રહી નથી. *નિશીથ, વસંતવર્ષા, આતિથ્ય*માં તેઓએ પ્રકૃતિ, પ્રેમ, જીવનમર્મ, ચિંતન, વ્યક્તિવિશેષ વગેરે વિષયક્ષેત્રોમાં કલમ ચલાવી છે.
*વસંતવર્ષા*માં ગાંધીજીના અવસાનનો ઘેરો વિષાદ 'રડો ન મુજ મૃત્યુને' સૉનેટમાં છે.
વૈર પ્રતિ પ્રેમ, પ્રેમ ને પ્રેમ જ ધરાવનાર ગાંધીનું ઉદાત્ત ચરિત્ર ક્યારેય વિલય પામતું નથી. માટે

**અમે ન રડીએ, પિતા, મરણ આપનું પાવન,**
**કલંકમય દૈન્યનનું નિજ રડી રહ્યા જીવન.**

*અભિજ્ઞા*માં 'મહાકવિ દાન્તે', 'રવીન્દ્રનાથ', 'નર્મદ', 'ગોવર્ધન સ્મૃતિમંદિર', 'પાઠકસાહેબ' અને 'મહામના લિંકન' જેવાં વ્યક્તિવિશેષદર્શી સૉનેટોમાં કવિની ભાવનામયી સૂક્ષ્મ દૃષ્ટિ અનુભવાય છે.
**પ્રકૃતિ** : ઉમાશંકર પ્રકૃતિને આકંઠ પીને ગાનારા કવિ છે. 'નખી સરોવર ઉપર શરત્પૂર્ણિમા'માં કવિ ગાય છે :

**સૌંદર્યો પી, ઉરઝરણે ગાશે પછી આપમેળે**

'બીડમાં સાંજવેળા'માં

**તહીં, થરથરી, ટટાર થઈ ડોક ઊંચી કરી,**
**તૃણો ટચલી આંગળી ઉપર તોળતા આભને.**

'બળતાં પાણી' સૉનેટઘાટ ધરાવતી કૃતિ છે. કેટલીક વાર ઉમાશંકર પ્રકૃતિના સાન્નિધ્યમાં માનવપ્રેમને વ્યક્ત થવા દેતા હોય છે. 'બે પૂર્ણિમાઓ'માં અભેદ દર્શનનું સૌંદર્ય છે.

**નિરંતર સ્મરી રહું ઉભય પૂર્ણિમા એ સખી.**
**નિહાળી કવિતા તુંમા, વળી તનેય કવિતા મહીં.**

ઉપરાંત, 'મધ્યાહ્ન', 'મહાવડ', 'ગુરુશિખર', 'કાંકરિયા', 'હતો જલધિ શાંત' જેવાં પ્રકૃતિને અભિવ્યક્ત કરતાં સૉનેટોમાં કવિની નિજી મુદ્રા ઊપસી આવે છે.
**પ્રેમ** : કવિનાં પ્રણયભાવનાં સૉનેટોમાં પ્રસન્નતાનો ભાવ વ્યાપ્ત છે. સુંદરમ્‌ની કવિતામાં વિષાદની, નિષ્ફળતાની સંવેદના તારસ્વરે અનુભવાય છે. ઉમાશંકરમાં મિલનનું સુખ છે, સહોપસ્થિતિનો આનંદ છે. દામ્પત્યજીવનની મધુરતા છે. 'વહેવું જગે એકલ સાથમાં વા?'ની મીઠી મૂંઝવણ *ગંગોત્રી*ના કવિને થઈ છે. *નિશીથ*માં 'સખી મેં કલ્પી 'તી', 'મળી ન્હોતી ત્યારે', 'સ્પંદનો', 'બે પૂર્ણિમાઓ', 'રહસ્યો તારાં', 'પ્રણયરટણા', 'અમે ગાયાં ગીત', 'પ્રણયધબક' જેવાં સૉનેટોમાં પ્રણયની વિવિધ ભાવમુદ્રાઓ આકારિત થઈ છે. 'સખીમેં કલ્પી'તી'માં કલ્પના કરતાં મનુજ તત્ત્વને કવિ મહત્ત્વ આપે છે.

**મળી ત્યારે જાણ્યું : મનુજ મુજ શી, પૂર્ણ પણ ના,**
**છતાં કલ્પ્યાથી યે મધુરતર હૈયાની રચના.**

જેને માટે જગતમાં શોધ આદરી હતી તે પ્રિય પાત્ર મળતાં હવે તો તે પાત્રમાં જગતને શોધવાની ગતિ છે. ઉમાશંકરમાં આવા ચમકારા આવ્યા કરે છે.

**મળી ન્હોતી ત્યારે, પ્રિય જલસ્થલે ખોજી તુજને,**
**રહું શોધી આજે તુજ મહીં પદાર્થો સકલ એ.**

આવું જ 'બે પૂર્ણિમાઓ'માં બને છે.

**ચિંતન :** સૉનેટનું આયોજન ઉમાશંકરને સહજસિદ્ધ હોય એમ રચના વિનાવિઘ્ને પરિણામ તરફ ગતિ કરતી હોય છે. જીવનનો મર્મ રજૂ કરતી સૉનેટ કૃતિઓમાં ઉમાશંકરની આગવી ચેતના અભિવ્યક્ત થઈ છે. જીવન વિશેનું ગંભીર ચિંતન એમનો કવન વિશેષ બની રહે છે. આ પ્રકારનાં સૉનેટોમાં 'બળતાં પાણી', 'આત્મસંતોષ', 'વિજય', 'કવિધર્મ', 'ઈર્ષ્યા, અભિનય', 'વ્યક્તિત્વ', 'હિસાબો જીવ્યાના', 'ભલે શૃંગો ઊંચાં', 'ગયાં વર્ષો તેમાં', 'રહ્યાં વર્ષો તેમાં' વગેરે તો સર્વકાલીન બની શકવાની ક્ષમતાવાળાં છે.

'ભલે શૃંગો ઊંચાં' ઇટાલિયન શૈલીનું ઉત્તમ કોટિનું સૉનેટ છે. 'ગમે શૃંગો કિન્તુ જનરવભરી ખીણ મુજ હો' જેવો વળાંક સૉનેટને ઊચિત ચોટ આપે છે. 'રહ્યાં વર્ષો તેમાં' પણ દુનિયાને પલટવાનું મૂકીને બાકી રહેલાં વર્ષોમાં આ વિશ્વના સૌંદર્યને આકંઠ પી લેવાની અભીપ્સા છે.

'આત્માનાં ખંડેર' ચિંતનલક્ષી સૉનેટોની માળા છે. 'ઉષા ઊગી'થી 'યથાર્થ જ સુપથ્ય એક' સુધીનાં 17 સૉનેટો છે. ઇટાલિયન અને અનિયમિત શૈલીની આ રચનાઓમાં ચિંતક ઉમાશંકરનાં દર્શન થાય છે. કાવ્યનાયકને જીવનના ખાલીપણાની, ભંગુરતાની પ્રતીતિ થઈ જાય છે. નિર્ભ્રાન્તિનો અનુભવ મળે છે. પ્રાપ્તિ માટે નીકળી પડનારને અંતે સુંદર માનવોને બદલે 'આત્માનાં ખંડેર' જ જોવા મળે છે. નાયક આ યથાર્થનો સ્વીકાર કરે છે. આમ, મહત્ત્વાકાંક્ષા લઈને નીકળેલાના ભ્રમનિરસનના વિભિન્ન ચિંતન પ્રાણિત ભાવસ્પંદો આ સૉનેટમાળામાં સ્વતંત્ર ઘટકો તરીકે પણ આસ્વાદ્ય બને છે.

પંક્તિ વિભાજન અને પ્રાસનું આયોજન સ્વતંત્ર રીતિનું છે. કેટલીક વાર મિશ્રપ્રાસયોજના પણ હોય છે. તેઓ પ્રાસરચના પરત્વે પૂરતા સભાન છે.

છંદોલયનું વૈવિધ્ય ઉમાશંકરમાં મળે છે. બ. ક. ઠાકોરે પ્રબોધેલા પૃથ્વી છંદનો ઉપયોગ 'શૂર સંમેલન', 'રડો ન મુજ મૃત્યુને', 'વિકલ્પ', 'હૃદયસિન્ધુ' જેવાં અનેક સૉનેટમાં કર્યો છે. 'આત્માના ખંડેર'માં વસંતતિલકા, શિખરિણી, હરિણી, પૃથ્વી, મંદાક્રાન્તા જેવું છંદવૈવિધ્ય છે. 'જઠરાગ્નિ', 'વિશ્વમાનવી'માંનો મિશ્રોપજાતિ કથ્ય ભાવને બરાબર વ્યક્ત કરવામાં ટેકારૂપ બન્યો છે.

સ્વરૂપ દૃષ્ટિએ ઉમાશંકરમાં પેટ્રાર્કશાઈ રચનાઓ વિશેષ મળે છે. કોઈ પણ સ્વરૂપ હાથમાં લે પરંતુ એ સૉનેટની સંઘટનાની એકતા ઉમાશંકર સિદ્ધ કરી આપતા હોય છે.

ઉમાશંકર જોશીની સૉનેટરચનાઓમાં એક ચીવટ અને સફાઈ છે. કલ્પના, વ્યંજના, ચારુતા અને કાવ્યકલાની સૂઝ - આ બધા ગુણવિશેષો એમની સૉનેટરચનાઓમાં હાજર હોય છે. એ ઉમાશંકરની સિદ્ધિ છે.

## 3.15 ગાંધીયુગના અન્ય સૉનેટ સર્જકો

ગાંધીયુગમાં સૉનેટ સ્વરૂપ વધારે ને વધારે વિકસતું ગયું છે. સુંદરમ્- ઉમાશંકરના સમકાલીન કવિઓએ પણ યુગની જરૂરિયાત મુજબ પોતાની અનુભૂતિને વ્યક્ત કરવા સૉનેટ સ્વરૂપ સ્વીકાર્યું છે. ઊર્મિ અને ચિંતન માટે સૉનેટ વધુ કાર્યક્ષમ માધ્યમ બની રહ્યું. ગાંધીયુગમાં સુંદરમ્-ઉમાશંકર પછીના કવિઓએ પણ કેટલાંક અવિસ્મરણીય સૉનેટ સર્જ્યાં છે

**સ્નેહરશ્મિ :** સ્નેહરશ્મિના કાવ્યસંગ્રહો *અર્ધ્ય* અને *પનઘટ*માં સૉનેટ મળે છે. રાષ્ટ્રપ્રેમ, સ્વાતંત્ર્ય માટેની અતીવ ઝંખના, તિરસ્કૃતો પ્રત્યે સમભાવ, માનવ સંસ્કૃતિનું ચિંતન, પ્રેમ, પ્રકૃતિ વગેરે સ્નેહરશ્મિની કવિતાના વિષયો છે. *અર્ધ્ય*માં કથાનક આધારિત સૉનેટો છે. 'ઝંઝા' અને 'સૂની વિજનતા' જેવાં સૉનેટ સ્વરૂપ અને વિષયને કારણે નોંધપાત્ર બને છે. રાષ્ટ્રપ્રીતિનો આવિષ્કાર સ્નેહરશ્મિમાં છે. *પનઘટ* સંગ્રહમાં 'પનઘટ' સૉનેટ પંચક છે. એમાં પનઘટને કેન્દ્રમાં રાખી એની સાથે માનવસંદર્ભ છે. પાંચેય સૉનેટ શેક્સપિયર શૈલીનાં છે. 'વિશ્વરટણા' પેટ્રાકશાઈ અને 'વિરાટ લઘુતા' મિલ્ટન શૈલીનાં સૉનેટ છે. 'વિરાટ લઘુતા'માં તુણનું ગૌરવ અને માનવીની લઘુતાનો વિચાર છે. ઇટાલિયન શૈલીમાં રચાયેલું 'સંસ્કૃતિવૃક્ષ'માં દીનજનો પ્રત્યેની અભિમુખતા છે. આ ઉપરાંત 'ચપટી રાખ', 'ભદ્રતા', 'પડોશી', 'નીરવ' જેવી સૉનેટરચનાઓ નોંધપાત્ર ગણાય. જનતા જનાર્દન પ્રત્યે કવિનો સ્નેહ એમની ર ચનાઓમાં અભિનિવેશપૂર્વક પ્રગટે છે. સ્નેહરશ્મિનાં સૉનેટમાં વિચારતત્ત્વનું પ્રાધાન્ય વિશેષ હોવાને કારણે કલાઘાટ ઓછો રચાતો હોય છે. ક્યારેક એમનું ચિંતન સપાટી પરનું લાગે છે. એમની ભાવનાઓનું સંવદનમાં રૂપાન્તર થયું હોય છે. ત્યાં કવિની પ્રતિભા દેખાય છે.

સૉનેટક્ષેત્રે રામપ્રસાદ શુક્લનું પ્રદાન મહત્ત્વનું બને છે. યુગપ્રભાવ, જીવનનું ગહન ચિંતન, ઊર્મિ, છંદ પરની પકડ, લયની સૂઝ અને સૉનેટ સ્વરૂપની સભાન માવજત આવાં ગુણલક્ષણો *બિન્દુ* નામે સૉનેટસંગ્રહમાં મળે છે. 'વિનાશ અને વિકાસ'નાં પચીસ સૉનેટની માળામાં વિસર્જન તરફથી સર્જન પ્રતિની ગતિ છે. વિરોધમાંથી જ જીવનશક્તિ પ્રગટે છે એવું ચિંતનતત્ત્વ રહેલું છે. વિશ્વયુદ્ધના ભીષણ વર્ણનથી આરંભાયેલ સૉનેટમાળા, 'પ્રફુલ્લતર મૃત્યુથી પમરતી રહે જિંદગી' એવી આશા સાથે સમાપ્ત થાય છે. શુક્લનાં અવિસ્મરણીય સૉનેટોમાં 'ભોગાવાને કાંઠે', 'જુહાર', 'ઉપરપટમાં ચાંદની', 'લગ્નોન્મુખ બાલાને', 'આંધી', આદિને ગણાવી શકાય.

રામપ્રસાદે એકવીસ જેટલાં પેટ્રાર્કશાઈ, છવ્વીસ જેટલાં શેક્સપિયર શૈલીમાં અને તેર અનિયમિત સ્વરૂપમાં સૉનેટ રચ્યાં છે. તેઓ સ્વતંત્ર પ્રાસયોજના યોજે છે. છંદોલય પરનું પ્રભુત્વ અને સ્વરૂપની વ્યવસ્થાનું જ્ઞાન રામપ્રસાદનાં સૉનેટમાં દેખાય છે.

સુંદરજી બેટાઈ પાસેથી પચાસેક સૉનેટ મળે છે. તેમનાં જીવનના મંગલ સ્વરૂપને વ્યક્ત કરતાં સૉનેટ- 'જનની', 'જ્યોતિર્મયી જનની', 'કોણ આવ્યું?' યાદ કરવાં પડે. બેટાઈ શુદ્ધ કવિતાના આગ્રહી છે. 'સિન્ધુનું સ્મરણ' શેકસ્પિયરીઅન શૈલીનું મંદાક્રાન્તામાં રચાયેલું પ્રતીકાત્મક સૉનેટ છે. બેટાઈમાં ચિંતન બોલકું બને છે છતાં એમનાં સૉનેટમાં શિષ્ટતા અને શિસ્ત હોય છે. તેઓ સૉનેટના પરંપરિત સ્વરૂપને સ્વીકારીને ચાલે છે.

મનસુખલાલ ઝવેરી આત્મલક્ષી કવિ છે. વિશદ ભાવનિરૂપણ અને પ્રાસાદિક વર્ણનો એમની કવિતાનાં પ્રમુખ લક્ષણો છે. પ્રણય ભાવને વ્યક્ત કરતી સૉનેટ રચનાઓ આપે છે - 'તવ સ્મૃતિ', 'સ્મરે છે ?', 'હું તો ચહું', 'જવા ટાણે' આદિ. તેમના સૉનેટોમાં કશુંક અસ્વાભાવિક, આયાસરૂપ દેખાય છે.

પૂજાલાલ : સુંદરમ્‌ની પહેલાં શ્રી અરવિંદના પૂર્ણયોગભણી વળેલા પૂજાલાલે પ્રકૃતિ, દેશભક્તિ અને અધ્યાત્મભાવનાં કાવ્યો આપ્યાં છે, *ગુર્જરી* આખો સૉનેટસંગ્રહ છે. *પરિજાત*માં પણ કેટલાંક સૉનેટો છે. શ્રી અરવિંદ અને શ્રી માતાજી પ્રત્યેની ભક્તિનાં, ઊર્ધ્વની અભીપ્સાનાં સૉનેટ તેમણે રચ્યાં છે. પૂજાલાલે રચેલાં સૉનેટની સંખ્યા ચારસો જેટલી થાય છે, પરંતુ આ સૉનેટ ઇયત્તામાં વધુ છે. એમાં કાવ્યત્વની ગુણવત્તા ઓછી છે.

કૃષ્ણલાલ શ્રીધરાણી આ ગાળાના કવિઓમાં એક બુલંદ કવિ અવાજ છે. ઉમાશંકર જોશી નોંધે છે:'30ના ગાળાના અપૂર્વ ચેતનસ્પંદની સાથે ગુજરાતમાં અનેક કવિકંઠ ખીલ્યા, તેમાં સાચી કવિતાનો રણકો જેઓના અવાજમાં વરતાતો હતો તેઓમાંના એક હતા શ્રીધરાણી. સુભગ શબ્દવિન્યાસ, તાજગીભર્યો લયહિલ્લોલ, સુરેખ ચિત્ર ખડાં કરતાં ભાવપ્રતીકો આદિ દ્વારા શ્રીધરાણીની રચનાઓમાં જે અનાયાસ કલાસૂઝ પ્રગટ થતી હતી તે કદાચ અજોડ હતી.'

બ. ક. ઠાકોરે 'નવીન કવિતા' વિશેનાં એમનાં વ્યાખ્યાનોમાં શ્રીધરાણીની કવિતાને ઝીણી નજરે ઓળખી છે. શ્રીધરાણી પાસે સૉનેટ સ્વરૂપનો કસબ છે. ચિત્રાત્મકતા, કલ્પન અને પ્રતીકની યોજના એમનાં સૉનેટને તાજાં રાખે છે. 'ભરતી' અને 'અરબી રણ' બન્ને પૃથ્વી છંદમાં રચાયેલાં શેકસ્પિયર શૈલીનાં સૉનેટ છે. 'ભરતી'માં હૃદયમાં ઊમટતા જોમનું વસ્તુગત પ્રતિરૂપ ભરતી અને ભરતીનું પ્રતિરૂપ ઘોડલાં, એમ ત્રિવિધ ગૂંથણી દ્વારા કાવ્યનું પોત બળકટ પદાવલિ દ્વારા સુઘટ્ટ બને છે, 'અરબી રણ'માં રણની કરાળતાનું ચિત્રાત્મક આલેખન થયું છે. આ બન્ને ઉત્તમ સૉનેટ તરીકે સિદ્ધ થાય છે.

સમયદૃષ્ટિએ ગાંધીયુગના હોવા છતાં અભિવ્યક્તિની દૃષ્ટિએ અનુગાંધીયુગની કવિતાનાં લક્ષણો ધરાવતા બે સબળ કવિઓમાં હરિશ્ચન્દ્ર ભટ્ટ અને પ્રહ્લાદ પારેખ છે. સૌંદર્ય નિર્મિતિ પ્રધાન લક્ષ્ય છે.

હરિશ્ચિન્દ્ર સામે ઠાકોરનો કાવ્યાદર્શ છે. છતાં સૉનેટમાં એમનું નિજત્વ પ્રગટ થતું હોય છે. તેમનું કવિહૃદય બાહ્ય સ્વરૂપની સિદ્ધિ કરતાં ભાવાભિવ્યક્તિ પ્રત્યે વિશેષ સભાન રહ્યું છે.

'જોઈશ આ હૃદય ભીતર' શેક્સપિયરીઅન સૉનેટ છે.

'જીવનમંગલ તારું નિત્યે'માં પ્રણયનું ઉદાત્ત સ્વરૂપ વ્યક્ત થયું છે. પ્રણયને કવિ વાગોળતા નથી.

'તરલતા દગની'માં પ્રિયાને પ્રણયમાં અનુદાર ન થવા જણાવે છે. હવે તો કવિને 'સ્મરણશેષ થવાની ય શેં સ્પૃહા ?' એવી ઝંખના છે. 'અવિગુલાબ', 'હૃદય દ્વાર ઉઘાડી' બન્નેમાં પ્રણયનો ભાવ છે. 'મિલન સ્મૃતિ' પેટ્રાર્કશાઈ સૉનેટમાં મિલનની ક્ષણ અંતિમશ્વાસ સુધી વિસ્તરે છે.

નાયિકા – 'હૃદયની મુજ એ જ સરસ્વતી' હોવાથી કવિ નાયિકાને 'તું પ્રેર, પ્રેર જીવને કવિતા ફરીથી!' કહે છે. 'વસંત' ને કવિ દોષ દેતાં નથી માટે કવિ કહે છે : 'વિષાદની શેં ન વસંત માણવી!' એવો હકારાત્મક વિષાદ છે. 'વિષાદ' શેક્સપિયર શૈલીનું કવિની વિરસ હયાતીની વેદના વ્યક્ત કરતું સૉનેટ છે. 'શવ સમું જડ જીવન જીવવું ?' હોવાથી માત્ર 'ફરજની રસહીન કથા રહી' છે.

'પેગાસસ' ગ્રીક પુરાણ કથાનો આધાર લઈ રચાયેલું અનિયમિત શૈલીનું સૉનેટ છે. 'એકો અને નાર્સીસસ'માં એકોની પ્રેમને પામવા માટેની ઝંખના વેદના બનીને અટકી ગઈ તેનાં બે આત્યંતિક સ્વરૂપ વ્યક્ત થયાં છે. 'જ્યૂડીઆમાં સવાર' શેક્સપિયર શૈલીનું ઈસુની વેદના વ્યક્ત કરતું સૉનેટ છે. 'સ્વાધ્યાય' રથોદ્ધતા છંદમાં રચાયેલ ચૌદ રચનાઓની માળા છે. વ્યક્ત-અવ્યક્ત સંઘર્ષજનિત વેદના 'સ્વાધ્યાય'ની રચનાઓને એકસૂત્ર કરે છે. 'જીવન-મૃત્યુ' અંતર્ગત જીવન-મૃત્યુ, જય-પરાજય વિશે કવિની દૃષ્ટિ સાત ખંડમાં વિસ્તરી છે.

પ્રહ્લાદ પારેખની કવિતામાં ભાવ, ભાષા અને અભિવ્યક્તિની એકરૂપતા પમાય છે. શબ્દને સુંદર બનાવી મૂકવાની કળા એમની આંખ અને એમના કાન પાસે છે. શ્રીધરાણીની જેમ પ્રહ્લાદ પારેખની કવિતામાં અનુગાંધીયુગની કવિતાનાં લક્ષણો અંકુરિત થયેલાં જોઈ શકાય છે,

પ્રહ્લાદ પારેખ પાસેથી આઠેક સૉનેટ પ્રાપ્ત થાય છે. ભાવની અભિવ્યક્તિ સાધવામાં પ્રહ્લાદ સફળ રહ્યા છે. એમનાં સૉનેટમાં રહેલી સહજતા, સરળતા અને પારદર્શકતા એમને ઊંચા સૉનેટ કવિ તરીકે સિદ્ધ કરે છે.

'વિદાય'માં ઘેરા કરુણની અભિવ્યક્તિ છે. પોતાના સ્મરણનો ભાર પણ ન રાખી, અન્યની સાથમાં બધું ભૂલી જવા કહેતા કવિનું ગર્ભિત કરુણ સંવેદન તેની વિનમ્ર ક્ષમાયાચનાથી તીવ્રતર બને છે.

'વાતો' પ્રણયની મધુરતાનું કલાત્મક કાવ્ય છે. વાતોમાંથી અશબ્દતામાં સરતો ભાવ કવિત્વપૂર્વક રજૂઆત પામ્યો છે. નાયક-નાયિકા વચ્ચે જે તન્મયતા સધાઈ તે સોનેટની અંતિમ દ્વિપંક્તિમાં કવિએ પ્રત્યક્ષ કરી આપી છે.

'સૂર્યોદય' ચૈતન્યના કોઈ ગૂઢ અનુભવને પ્રકૃતિના અવલંબનથી પ્રગટ કરતું સૉનેટ છે.

ઓછાં પણ સત્ત્વશીલ સૉનેટ આપીને પ્રહલાદ પારેખે ઉત્તમ સૉનેટ કવિ તરીકેની એમની પ્રતિભા બતાવી આપી છે.

આ ગાળામાં અનેક કવિઓએ સૉનેટ સ્વરૂપમાં હાથ અજમાવ્યો છે. શ્રી કરસનદાસ માણેક 'જ્યોતિર્ધામ' અને 'એક પળ' જેવાં સૉનેટ આપે છે. 'એક પળ' મંદાક્રાન્તા છંદમાં રચાયેલું સ્વતંત્ર સૉનેટ સ્વરૂપનું સૉનેટ છે.

બાદરાયણમાં સૉનેટનો કલાઘાટ નથી. સપાટી પરનું ચિંતન કાવ્યત્વ સુધી પહોંચતું નથી. 'વિષાદ' પૃથ્વી છંદમાં, પેટ્રાર્કશાઈ સૉનેટ નિગૂઢ વિષાદની મનોદશાનું કાવ્ય છે. વેણીભાઈ પુરોહિતનું 'અધૂરપ' હરિણી છંદમાં રચાયેલું સ્વતંત્ર સ્વરૂપ ધરાવતું સૉનેટ માનવમનની અકળ ગતનિ અવસ્થાનું વર્ણન કરે છે. ઇન્દુલાલ ગાંધી ઉદંડ કલ્પનાવિહારમાં રાચનારા કવિ છે. છંદ, ભાષા, લય, આદિમાં અચોક્કસ ઇન્દુલાલે વિપુલ સંખ્યામાં સૉનેટ લખ્યાં છે. તેમનાં સૉનેટમાં સૉનેટસિદ્ધિ પમાતી નથી. આ ઉપરાંત પ્રજારામ રાવળ, હસિત બૂચ, નાથાલાલ દવે, નંદકુમાર પાઠક, દેવજી મોઢા, સ્વપ્નસ્થ, પારાશર્ય, દુર્ગેશ શુક્લ વગેરે કવિઓએ યુગપ્રભાવની અસર હેઠળ સૉનેટરચનાઓ કરી છે.

પ્રજારામ રાવળની કવિતામાં અધ્યાત્મનું સાતત્ય દેખાય છે. તેમણે પાંત્રીસ જેટલાં સૉનેટ રચ્યાં છે. 'ગગન અને પૃથ્વી', 'ખીલી છે સ્વચ્છ રાત્રિ', 'ઢળે દિન', સિન્ધુ, 'તિમિર વન' જેવાં સૉનેટમાં પ્રકૃતિ અને અધ્યાત્મની સમરસતા અનુભવાય છે. પ્રજારામની કવિતામાં સંસ્કૃત કવિતાની સઘનતા અને પ્રૌઢિ છે. દુર્ગેશ શુક્લે 'ઉર્વશી અને યાત્રા'માં એક કલ્પિત કથાને, એક એક સૉનેટમાં એક એક પ્રસંગ નિરૂપી આલેખી છે તે એક પ્રયોગ તરીકે ધ્યાનાર્હ છે. 'પ્રયાણ', 'કેડી', 'મજલ રજની', 'સાંધ્ય ભરતી' જેવાં સૉનેટ મહત્ત્વના ગણી શકાય.

રમણીક અરાલવાળા *પ્રતીક્ષા* કાવ્યસંગ્રહમાં સત્તાવીસ જેટલાં સ્પર્શક્ષમ સૉનેટ આપે છે. વતન અને વાત્સલ્યનો ભાવ વધારે ઘૂંટાયો છે. 'વિખૂટા મિત્રને'માં વિગત મિત્રને કારણે થયેલા આઘાતનું સંયત નિરૂપણ છે. આ સૉનેટ પૃથ્વી છંદમાં રચાયેલું સ્વતંત્ર સૉનેટસ્વરૂપ છે.

ગોવિંદ સ્વામી સૌંદર્યલુબ્ધ કવિ છે. ભાવની તીવ્રતા અને અભિવ્યક્તિની સુઘડતા જાળવે છે. તેમણે સ્વરૂપની

સૂઝથી રચેલાં સૉનેટ 'પાનખરમાં', 'સ્મૃતિ', 'વાસના', 'અમૂલ્ય પળ' આદિ આસ્વાદવાં ગમે એવાં છે. ગાંધીયુગના અંતિમ તબક્કામાં પતીલ, પ્રેમાશંકર ભટ્ટ, મુરલી ઠાકુર, હરિહર ભટ્ટ, રમણ વકીલ જેવા કેટલાક ગૌણ સૉનેટકારો મળે છે.

**'તમારી પ્રગતિ ચકાસો'-2**

(1) ગાંધીયુગની પૂર્વભૂમિકા જણાવો.
(2) ચંદ્રવદન મહેતા અને શેષનું સૉનેટમાં પ્રદાન જણાવો.
(3) સુંદરમ્‌ની સૉનેટકવિતાનું મહત્ત્વ બતાવો.
(4) ઉમાશંકર જોશીની સૉનેટસિદ્ધિ બતાવો.
(5) ગાંધીયુગના અન્ય સૉનેટસર્જકો વિશે લખો.

**જોડકાં જોડો**

| અ | બ |
|---|---|
| 1. ગજેન્દ્ર બૂચ | 1. કોડિયાં |
| 2. સુંદરમ્ | 2. બારી બહાર |
| 3. ઉમાશંકર જોશી | 3. યમલ |
| 4. ચં. ચી. મહેતા | 4. નિશીથ |
| 5. સ્નેહરશ્મિ | 5. સ્વપ્નપ્રયાણ |
| 6. હરિશ્ચન્દ્ર ભટ્ટ | 6. યાત્રા |
| 7. પ્રહ્લાદ પારેખ | 7. ગજેન્દ્ર મૌક્તિકો |
| 8. કૃષ્ણલાલ શ્રીધરાણી | 8. અર્ધ્ય |

## 3.16 અનુગાંધીયુગમાં સૉનેટ-ભૂમિકા

ગાંધીયુગથી અનુગાંધીયુગને જુદી પાડતી ધારા ઈ.સ. 1940ના અરસામાં આવેલા પ્રહ્લાદ પારેખ, હરિશ્ચન્દ્ર ભટ્ટ અને કૃષ્ણલાલ શ્રીધરાણીથી આરંભાઈ ચૂકી હતી. પ્રહ્લાદ પારેખના કાવ્યસંગ્રહ વિશે ઉશનસ્ નોંધે છે - '' 'બારી બહાર'(1940)થી ગાંધીયુગોત્તર ગુજરાતી કવિતાનું મંગલાચરણ થયું એમ કહેવાય.''
અનુગાંધીયુગની કવિતાનાં મુખ્ય લક્ષણોમાં બહિર્મુખી રાષ્ટ્રચેતનાને સ્થાને સૌંદર્યચેતના આવી. શ્રી ઉમાશંકર જોશી કહે છે તેમ.... 'જેમને હું નવીનતર કવિઓ કહું છે તેમનું લક્ષણ મને અવશ્ય એ લાગે છે કે તેઓ આગળનાઓ કરતાં સવિશેષણપણે સૌંદર્યાભિમુખ છે.' વળી પાશ્ચાત્ય અને બંગાળી કવિતાની અસર અનુગાંધીયુગની કવિતાના અંતરંગ પર થયેલી જોઈ શકાય છે.
બદલાયેલી કવિદૃષ્ટિ અનુભવને વ્યક્ત કરે છે. યાંત્રિક જીવન, નગરજીવને આપેલી ક્ષુબ્ધતા, માનવચિત્તની અકળ-સંકુલ ગતિવિધિ, જીવનમૂલ્યોનો હ્રાસ, અશ્રદ્ધા આદિ આ યુગના કવિઓની વેદના છે. કવિતાના અન્ય સ્વરૂપોની જેમ આ સમયગાળામાં સૉનેટસ્વરૂપ ખેડાતું રહ્યું છે.

## 3.17 રાજેન્દ્ર શાહ

રાજેન્દ્ર શાહ અનુગાંધી યુગના કસબી સૉનેટકાર છે. બ. ક. ઠાકોરથી રાજેન્દ્ર શાહ સુધી અનેક કવિઓને હાથે સૉનેટ ખેડાયું છે. રાજેન્દ્ર શાહ સૉનેટના સૌંદર્યને વ્યક્ત કરવામાં છંદ અને ભાષાને બરાબર કામે લગાડે છે. તેમને શેક્સપિયરશાઈ સૉનેટપ્રકાર પ્રત્યે વિશેષ પક્ષપાત છે. શેક્સપિયરશાઈ સૉનેટોમાં કવિએ 4, 4, 4, 2ના પંક્તિ વિભાગો જાળવ્યા છે પણ આ પ્રકારની નિશ્ચિત પ્રાસયોજના જાળવી નથી. મિલ્ટોનિક સૉનેટોમાં પંક્તિઘટકોના વિવિધ પ્રયોગો કર્યા છે. 'તમોસ મા..' (*ધ્વનિ*)માં 3, 4, 4, 3 અને 'સંધિકાળ'માં 5, 5, 4 એવા વિભાગો છે. *ધ્વનિ*ના 'આજે', 'રજની થકી યે' અને 'યામિનીને કિનાર'માં 6, 6, 2 જેવા પંક્તિવિભાગો છે. આ રીતે *શાંત કોલાહલ*ની 'પ્રશાંત'માં 3, 3, 3, 3, 2 અને *ક્ષણ જે ચિરંતન*ની 'શયને' રચનામાં 4, 4, 3, 3 જેવાં ઘટકો છે. કાવ્યની આંતરિક આવશ્યકતા અનુસાર યોજના તેઓ સ્વીકારે છે.

રાજેન્દ્ર શાહે સૉનેટોમાં અક્ષરમેળ અને સંખ્યામેળ છંદોનો વિનિયોગ કર્યો છે. વિયોગિની, ઇન્દ્રવજ્રા અને ઉપેન્દ્રવજ્રા, દ્રુતવિલંબિત, વસંતતિલકા, મંદાક્રાન્તા, પૃથ્વી, શિખરિણી, હરિણી, સ્રગ્ધરા જેવા છંદો કવિએ કુશળતાપૂર્વક યોજ્યા છે. 'આયુષ્યના અવશેષે'ના હરિણી વિશે બ. ક. ઠાકોરે કહ્યું હતું કે "ઘરડા માણસનું મન જે લયમાં વિચારે તે લયનો છંદ રાજેન્દ્રે આબાદ પકડ્યો છે.' કવિએ સંખ્યામેળ છંદોમાં 'વિષાદને સાદ' વનવેલીમાં લખ્યું છે. 'તપોભંગ'માં પણ આ છંદનો કુશળ-સફળ પ્રયોગ છે. રાજેન્દ્ર શાહની ભાષામાં સંસ્કૃત શબ્દોનું પ્રાચુર્ય મળે છે- 'સ્તિમિત', 'તમિસ્ર', 'ધ્વાન્ત', 'સ્થાણું', 'વિવર્ત' આદિ. ઉપરાંત હિન્દી ફારસી શબ્દો શમા, ધકડન, શબનમ અને બોલચાલની ભાષાના શબ્દો- 'અંબોળિયા', 'પછવાડે', 'ઝરડાઈ', 'ખખડ' આવે છે. રાજેન્દ્ર શાહ સૉનેટયુગ્મ, સૉનેટત્રયી અને સૉનેટમાળા આપે છે. 'વનખંડન' ચાર, 'આયુષ્યને અવશેષે' પાંચ અને 'રાગિણી' આઠ સૉનેટની માળાઓ છે. જીવનનું મંગલ અને વિધેયાત્મક દર્શન એમની કમનીય બાનીમાં વ્યક્ત થયું છે. કવિનું દર્શન સૉનેટને ચિંતનસમૃદ્ધ કરે છે. 'પૂર્ણિમા નિત્ય', 'શિરીષ ફૂલ શી', 'રજની થકી યે', 'તવ પ્રવેશે', 'ત્રિમૂર્તિ', 'મારું ઘર' જેવાં પ્રણયભાવનાં, 'હું દીપ જ્યોતિ', 'વિધાતાને'. જેવાં અધ્યાત્મભાવનાં અને 'એક સવાર', 'યામિનીને કિનાર', 'શાન્તિ', 'પ્રભાત', 'તરુ', 'બઢે ચલ' જેવાં પ્રકૃતિ સાથે અધ્યાત્મને વણી લેતાં સૉનેટ અવિસ્મરણીય છે.

## 3.18 નિરંજન ભગત

આ કવિ અનુગાંધીયુગના અભ્યાસુ કવિ છે. સ્વાતંત્ર્યોત્તર કાળની કવિતામાં કલ્પન અને પ્રતીકની સભાનતા આવી છે. માનવ અને સમાજનું બદલાયેલું સ્વરૂપ નિરંજન ભગતની કવિતામાં અસરકારક રીતે આવે છે. તેમણે સત્તરની વયે રચેલું 'હૃદયની ઋતુઓ' સૉનેટ સંપૂર્ણ સૉનેટ છે. વિષય, ભાવ, પ્રતીક- બધી જ બાબતે અતિ ચોક્કસ એવા કવિ છે.

નિરંજન ભગતે મિલ્ટોનિક પ્રકારનાં સૉનેટ વધુ રચ્યાં છે. તેઓ પ્રાસના આગ્રહી છે. સૉનેટોમાં પરંપરાગત પ્રકારો મુજબ પંક્તિઘટકો છે, પણ પરંપરા અનુસાર પ્રાસરચના કરી નથી. 11-12 અક્ષરના છંદથી માંડી 17-19 અક્ષરના છંદ- પૃથ્વી, શિખરિણી, મંદાક્રાન્તા, શાર્દૂલવિક્રીડિત પ્રયોજે છે. 'આધુનિક અરણ્ય'નો પૃથ્વી, 'કોલબા પર સૂર્યાસ્ત' અને 'એપોલો પર ચન્દ્રોદય'નો શાર્દૂલ વિક્રીડિત કવિનું છંદ પરનું પ્રભુત્વ બતાવે છે. 'મુંબઈ નગરી' સ્વકીય ભાત ઉપસાવતું સ્વતંત્ર સ્વરૂપરચનાનું સૉનેટ છે.

આત્મલક્ષી કે પરલક્ષી સૉનેટમાં કવિની તટસ્થતા રહેલી હોય છે. બલ્લુકાકા, ગાંધીજી, મિત્ર મડિયા, રિલ્કે જેવી વ્યક્તિવિશેષને આલેખતી રચનાઓ તે તે વ્યક્તિત્વને ઉપસાવી આપે છે. નગરજીવનની યાંત્રિકતા, વિરૂપતા, અને તેમાંથી જન્મતી વ્યથાનું દર્શન કરાવતાં સૉનેટમાં નિરંજન ભગતનું સામર્થ્ય પ્રગટ થાય છે. અલંકાર, કલ્પનો અને પ્રતીકોને શક્ય તેટલાં વ્યંજનાત્મક બનાવે છે. 'મોર' પૃથ્વીમાં રચાયેલું મિલ્ટોનિક સૉનેટ છે. 'આધુનિક અરણ્ય'(પૃથ્વી)માં નગરજીવનનાં નીરસતા, નિર્દયતા, જડતા, યાંત્રિકતા, કૃત્રિમતા, દાંભિકતા વગેરેએ સંસ્કૃતિને વિકૃત કરી છે તેથી કવિ નગરને આધુનિક અરણ્યરૂપે જુએ છે. 'કોલબા પર સૂર્યાસ્ત'(શાર્દૂલવિક્રીડિત છંદ)માં નગરની સાયંકાલીન સૃષ્ટિની ઝીણી વિગતોથી ખચિત ચિત્રમાં નગરજીવન વચ્ચે કવિજીવની ગૂંગળામણ વ્યક્ત થઈ છે. સ્વરૂપની સુદૃઢ વ્યવસ્થા અને બાનીની મંજુલતા નિરંજન ભગતને ઉત્તમ સૉનેટકવિ તરીકે સિદ્ધ કરે છે.

## 3.19 ઉશનસ્

સ્વાતંત્ર્યોત્તર સૉનેટકારોમાં ઉશનસ્ અને જયંત પાઠકનું આગમન એમની સૉનેટપ્રીતિને કારણે ધ્યાન ખેંચે છે. ઉશનસ્‌ને સૉનેટ સહજસિદ્ધ છે. પ્રકૃતિ, પ્રણય, કુટુમ્બભાવ, અધ્યાત્મ, સ્થળસૌંદર્ય, વતનપ્રેમ, વ્યક્તિવિશેષ, જીવનચિંતન, કાળવિષયક, ભારતદર્શન એક અનેકવિધ વિષય લઈને ઉશનસે સૉનેટસર્જન કર્યું છે. ઋતુઓ પ્રત્યેનો તેમનો અતિરાગ દર્શાવતાં ઉત્તમ સૉનેટો મળે છે

સૉનેટના સ્વરૂપ વિશે ઉશનસ્ ચોક્કસ આગ્રહી નથી. પંક્તિવિભાગ, સ્વરૂપસિદ્ધિ માટે સભાન પ્રયોગ નથી. ભાવવિકાસ અનુસાર પંક્તિવિભાજન ગોઠવે છે. તેમણે અનેક સૉનેટ-ગુચ્છ આપ્યાં છે. 'ભારત દર્શન', 'ડાંગ દર્શન', 'રસ્તો અને ચહેરા', 'મુંબઈ', 'વળી પાછા વતનમાં', 'વસંતાગમ', 'પૂ. બાપા જતાં'- જેવી સૉનેટમાળાઓ ભાવસભરતાવાળી બની છે. ઉશનસ્‌નાં ઉત્તમ નીવડેલાં સૉનેટ- 'વળાવી બા આવી', 'પ્રથમ

શિશુ', 'મધ્યાહ્ન ગ્રામ', 'શિશુ ઊછરતાં', 'હવે ઘર ભણી', 'સ્મશાનમાં', 'ઈસુની છબી દિંગાડતાં', 'પ્રશાન્ત ક્ષણ', 'હું જાણું', 'ભૂલ', 'કાળ-ડૂબકી,' 'ઘાસ અને કાળ' આદિ ગણાવી શકાય. 'વળાવી બા આવી' - પેટ્રાર્કશાઈ સૉનેટ છે. અહીં કુટુંબજીવનની માર્મિક ક્ષણ કવિએ પકડી છે. કુટુમ્બીજનોને ક્રમશઃ વિદાય આપતાં ગૃહવ્યાપી વિરહને જોઈ પગથિયે જ બેસી પડતી માતાના ચિત્રમાં આવતી પરાકાષ્ઠા આસ્વાદ્ય છે.

**વળાવી બા આવી નિજ સકલ સંતાન ક્રમશઃ**
**ગૃહવ્યાપી જોવો વિરહ, પડી બેસી પગથિયે.**

'હું જાણું'માં મૃત્યુની એકાધિકારતા સ્વીકારીને કવિ અશ્રુનો જ આશ્રય લે છે. 'મધુર નમણા ચહેરા' નારી-સૌંદર્યનું નિર્મળ કાવ્ય છે. પ્રકૃતિનાં ઇતર સુંદર સ્વરૂપોને ચાહી શકાય તેટલી સરળતાથી કવિએ મધુર નમણા ચહેરાઓને ચાહ્યા છે. 'પ્રથમ શિશુ'માં માનું સ્વરૂપ કેવું છે :

**પ્રથમ શિશુ સૌ કહાનો, માતા બધી જ યશોમતી,**
**મૃદમલિન મ્હોંમા બ્રહ્માંડો અનંત વિલોકતી?**

'મરણ નામની ઊંઘ' મૃત્યુની અનુભૂતિનું કાવ્ય છે. આ ઉપરાંત 'અશ્વત્થભાવ', 'પ્હાડોની પેલે પાર', 'થોડે સુધી જ', 'યથોન્મત્ત', 'અદ્વૈત', 'પ્રાતઃચકલીઓ' જેવાં સૉનેટોમાં વિષયનું અપાર વૈવિધ્ય મળે છે.

આ ગાળામાં બાલમુકુન્દ દવે પાસેથી સ્વરૂપરચનાનાં વૈવિધ્યવાળાં સૉનેટ મળે છે. તેમનું પંક્તિવિભાજન સૉનેટનું સૌષ્ઠવ જાળવી શકે છે. પ્રાસનો આગ્રહ નથી. 'ખંડેર પરનો પીપળો', 'ચણોઠીનું સ્વપ્ન', 'તીર્થોત્તમ', 'દાદીમાનો ઓરડો' અને 'જૂનું ઘર ખાલી કરતાં' જેવાં સૉનેટમાં માતૃપ્રેમ અને વિષાદને તીવ્ર રીતે વ્યક્ત કરે છે. 'જૂનું ઘર ખાલી કરતાં' કરુણની હૃદયવિદારક અભિવ્યક્તિ છે. બાલમુકુન્દ દવેમાં ઉત્તમ સૉનેટકાર તરીકેની ક્ષમતા પડેલી છે.

## 3.20 જયંત પાઠક

ઉશનસ્‌ની પંક્તિના જયંત પાઠક પાસેથી વિપુલ માત્રામાં સૉનેટ મળે છે. સૉનેટના સ્વરૂપ પરત્વે જયંત પાઠક વિશેષ સભાન છે. તેમણે શેક્સપિયર શૈલીનાં તેમ જ સ્વતંત્ર સ્વરૂપનાં સૉનેટ રચ્યાં છે. 'ગ્રીષ્મ' જેવાં સૉનેટમાં સાત યુગ્મનો પ્રયોગ છે. પ્રાસજાળવણી કરે છે. પૃથ્વી, હરિણી, વસંતતિલકા, શિખરિણી, અનુષ્ટુપ, રોળા જેવા છંદમાં સૉનેટ રચે છે.

'ઉનાળાનો દિવસ'માં ઉનાળાના દિવસની મંથર ગતિને કવિએ ચાક્ષુષ કરી છે.

**ઉનાળાનો લાંબો દિવસ વહતો મંથરગતિ :**
**રહ્યા જાણે વાંચી અપ્રિય કવિની નીરસ કૃતિ.**

આ દિવસની ક્ષણો કેમ પસાર થાય છે તેનું ચિત્ર -

**ઉનાળાના લાંબા દિવસની ક્ષણો એમ ખસતી**
**ભર્યા રસ્તે જેવી લગનવરઘોડા તણી ગતિ.**

'રેવા તટે મધ્યાહ્ન-સંધ્યા'. પેટ્રાર્કન પદ્ધતિના આ સૉનેટમાં પ્રથમ અષ્ટકમાં મધ્યાહ્નની 'મૂર્છાદશા'નું ચિત્ર અને ત્યાર પછી ષટ્કમાં સાંધ્યકાળે થતી ચહલપહલનું ચિત્ર આસ્વાદ્ય બન્યું છે. 'આદિમતાની એક અનુભૂતિ' વિશે વિનોદ જોશી લખે છે : 'કવિએ આ સૉનેટને આદિમતાની અનુભૂતિ ગણાવ્યું છે. નગરસંસ્કૃતિની સભ્ય ગણાતી વિભીષિકાથી વેગળો થઈ આદિમ આવેગોને મુક્તપણે અનુભવતો કવિ અહીં રતિમૂલક અધ્યાસો આપી મનુષ્યની આદિમ વૃત્તિને પ્રબોધી રહે છે. કવિની આ વિવક્ષા અહીં સૉનેટક્ષમ રીતે આકૃત થયેલી જોઈ શકાય છે.

**પુરાણું આ મારું વન ઘર નહીં છપ્પર ભીંતો**
**અહીં અંધારાથી, શરમ મૂકીને સૂર્ય રમતો.**

વતનપ્રેમ માટેનો ઝુરાપો 'વતનથી વિદાય થતાં' સૉનેટમાં છે. વતન અને વતન સાથે જોડાયેલા તમામ સંદર્ભો આજે પીડાકારી બન્યા છે.

**આઘે ખેતર જોઉં બે કર કરી ઉંચા મને વારતી**
**એ મારી ભ્રમણા ? રિસાળ શિશુને બોલાવતી બા હતી ?**

'ભીનું સમયવન' અતીતરાગની અનુભૂતિને વ્યક્ત કરતું સૉનેટ છે. કાવ્યના અંતે સ્મરણ અને સ્વપ્ન વચ્ચે

વહેંચાઈ ગયાની અનભૂતિ સૉનેટની અને ભાવની ઉચિત સાધી લે છે. 'મને થતું'માં ચાહવું એટલે શું ? રંગરૂપવિહીન પત્ની માતા બન્યા પછી બાળક જે દૃષ્ટિથી માને જુએ છે તે ક્ષણ કવિને પીડે છે.

મને થતું :

**તને અગર ચાહવા બની શકાય જો બાલક.**

કાવ્યના આરંભે આવેલી વિરૂપતા જ સૌંદર્ય બની ગઈ. યુવા મન બાળક થઈને પત્નીને ચાહવા ઝંખે છે. પણ એ શક્ય નથી. માટે તો વેદના તીવ્ર રીતે અનુભવાય છે.

એમના સૉનેટમાં વિચાર ભાવમાં રૂપાન્તરિત થઈ કાવ્યાનંદની કોટિએ પહોંચે છે. સૉનેટને અંતે સમીકરણમાં નહીં સરી પડતાં, સમીકરણોને અતિક્રમી જવાની કવિપ્રતિભા શ્રી જયંત પાઠકમાં છે. આ કવિ પાસેથી શેક્સપિયરીઅન સૉનેટો વધારે મળે છે. 'વળાવીને આવું' પેટ્રાર્કરીતિની રચના છે. પ્રાસરચનામાં abba cdde effe gg તથા aa, bb cc dd ee ff gg અને સ્વતંત્ર રીતિનો તેઓ પ્રયોગ કરે છે. છંદની અને લયની સૂઝ ચોખ્ખાઈપૂર્વક પ્રયોજે છે. 'વતનમાં'નો હરિણી, 'ગ્રીષ્મ'નો અનુષ્ટુપ ચીવટપૂર્વક યોજાયેલા છે. અલંકારો અને કલ્પન-પ્રતીકની નવીનતા એમનાં સૉનેટને અન્ય સૉનેટકારોનાં સૉનેટથી જુદાં પાડી આપે છે. એમનામાં કાવ્યજ્ઞતા છે.

જયંત પાઠક પછીના ગાળામાં જેમણે ઓછીવત્તી સંખ્યામાં સૉનેટરચનાઓ આપી છે તેવા કવિઓમાં પિનાકિન ઠાકોર, મકરન્દ દવે, હસિત બૂચ, પ્રિયકાન્ત મણિયાર, હસમુખ પાઠક, શ્રીકાન્ત માહુલીકર, વ્રજલાલ દવે, શશિશિવમ્, વિનોદ અધ્વર્યુ, હરીન્દ્ર દવે, સુરેશ દલાલ, ચુનીલાલ મડિયા, હેમન્ત દેસાઈ, નલિન રાવળ, ગીતા પરીખ, ચંદ્રકાન્ત શેઠ, ભરત ઠક્કર, ચન્દ્રકાન્ત ટોપીવાળા, યોસેફ મેકવાન વગેરેને મૂકી શકાય.

## 3.21 અન્ય સૉનેટ સર્જકો

વેણીભાઈ પુરોહિત મુખ્યત્વે ગીત કવિ છે. તેમણે 'મારી સંગ આવજે', 'શાંત હું', 'સંદેશ', 'ચક' જેવી સૉનેટ રચનાઓ આપી છે.

હસિત બૂચના 'સાન્નિધ્ય' સંગ્રહમાં કેટલીક સૉનેટ રચનાઓ મળે છે.

પિનાકિન ઠાકોરના 'આલાપ' સંગ્રહમાં શ્રી સુંદરમ્ નોંધે છે તેમ આંતરજીવનની ઊર્મિઓનો વિવિધ પટ આલેખતી વિચાર અને ઊર્મિનું સંતુલન સાધતી કેટલીક ઘટ્ટ અને પાસાદાર સૉનેટરચનાઓ છે.

મકરન્દ દવે પાસેથી 'મહામિલન' અને 'અશ્રો' અને *શિવદર્શન*માં કેટલાંક સૉનેટ મળે છે.

પ્રિયકાન્ત મણિયાર પાસેથી 'અબ્ધિ તટે', 'રાત્રિ', 'પારેવડું' જેવાં આસ્વાદ્ય સૉનેટ મળે છે.

નલિન રાવળે *ઉદ્‌ગાર*માં એક અને *અવકાશ*માં ચાર એમ પાંચેક સૉનેટ આપ્યાં છે. આ બધાં શેક્સપિયર શૈલીનાં સૉનેટ છે.

ચુનીલાલ મડિયાએ વીસ સૉનેટોનો સંગ્રહ *સૉનેટ* આપ્યો છે અને પોતાની સૉનેટ કલાનો પરિચય આપે છે. *નમેલી સાંજ* અને *સાયુજ્ય*ના કવિ હસમુખ પાઠક પાસેથી પરંપરાગત અર્થોમાં સૉનેટ કહી શકાય એવી રચનાઓ મળતી નથી. શ્રીકાન્ત માહુલીકરનું 'સમષ્ટિ વિનષ્ટિ', વિનોદ અધ્વર્યુનું 'મેઘલી રાત', શશિશિવમનાં 'હવે', 'સની ફૂલ', 'જિંદગી', વ્રજલાલ દવેનું 'પરમધામ' વગેરે સૉનેટવિકાસમાં પ્રતિનિધિત્વ કરે છે.

## 3.22 હરીન્દ્ર દવે, સુરેશ દલાલ અને બીજા સૉનેટકારો

હરીન્દ્ર દવે, સુરેશ દલાલ, હેમન્ત દેસાઈ, ગીતા પરીખ, ચન્દ્રકાન્ત શેઠ જેવા કવિઓએ સૉનેટને ખેડ્યું છે. હરીન્દ્ર દવેએ 'મુંબઈ એક દર્શન', 'આશ્લેષમાં', 'અરીસાને પૂછી લઉં', 'વિમાસી રે', 'તો કે' જેવાં કલાઘાટવાળાં સૉનેટનું સર્જન કર્યું છે. સૃષ્ટિની સમગ્રતા આશ્લેષમાં લીધાની અનુભૂતિ છે.

સુરેશ દલાલે 'ફરીને હું આવ્યો', 'લીલા તારી', 'સ્મરણ', 'ફરી આંખો સામે' જેવી સૉનેટકૃતિઓ રચી છે.

**'ત્હારું પહેલું રુદન સ્મિતની છોળ થઈને છવાયું'થી**
**ધીમે ધીમે ડગ લથડતા ધારતા સ્થૈર્ય તેમાં**
**જોઉં છું હું નજર ભરીને મ્હાલતું ભાવિ મારું!**

એવી ભવિષ્યની ક્ષણને કવિ જુએ છે.

ગીતા પરીખે *પૂર્વી* સંગ્રહમાં કેટલાંક સૉનેટ આપ્યાં છે. એમનાં સૉનેટમાં વાત્સલ્ય અને પ્રસન્નતાનો કવિત્વસભર ભાવ વ્યક્ત થયો છે.

હેમંત દેસાઈએ 'સ્મૃતિ', 'વિસ્મય', 'વિદાય', 'સ્વપ્ન' અને 'જોગ-ફૉલ્સ' જેવાં સૉનેટ રચ્યાં છે. 'પ્રસૂતિગૃહ જતાં-આવતાં' અનવદ્ય સૉનેટ છે.

ચંદ્રકાન્ત શેઠ 'કાશ્મીર-સુંદરી' અને 'રસ' જેવી સૉનેટરચનાઓ આપે છે.

## 3.23 લાભશંકર ઠાકર, ચિનુ મોદી અને બીજા સૉનેટકારો

લાભશંકર ઠાકર, આદિલ મન્સુરી, ચિનુ મોદી, રઘુવીર ચૌધરી, મણિલાલ દેસાઈ, રાવજી પટેલ આદિ કવિઓએ સૉનેટરચનાઓ કરી છે. લાભશંકર ઠાકરના *વહી જતી પાછળ રમ્ય ઘોષા* સંગ્રહમાં આવી રચનાઓ મળે છે.

આદિલ મન્સુરીનું 'બળેલા ખંડેરે' શિખરિણી છંદમાં સ્વતંત્ર સ્વરૂપનું સૉનેટ છે. આદિલ મન્સુરીનું આ સૉનેટ પ્રાસ, શબ્દયોજના અને કલ્પનોથી સમૃદ્ધ છે. ચિનુ મોદીએ *વાતાયન*માં સૉનેટો આપ્યાં છે. તેમનું 'શબદખંડમાં'માં આ સંસારને જ શબખંડ ગણતા કવિએ સાંપ્રત સંવેદના ધારદાર રીતે વ્યક્ત કરી છે.

રઘુવીર ચૌધરી 'પારિજાત' અને 'રત્નાવલીનો પત્ર' જેવાં સૉનેટો દ્વારા પરિપક્વ હથોટીનો પરિચય આપે છે.

મણિલાલ દેસાઈ પાસેથી 'પૂ. નાનાને' અને 'બાને' બે સારાં સૉનેટ મળે છે.

રાવજી પટેલ પાસેથી શુદ્ધ સૉનેટ એક જ જોવા મળે છે :

**'પરોઢે તાપણી પાસે બેઠેલ વૃદ્ધની સ્વગતોક્તિ'.**

## 3.24 છેલ્લા બે-અઢી દાયકા અને સૉનેટ

છેલ્લા બે-અઢી દાયકા દરમિયાન સૉનેટસર્જન થતું જ રહ્યું છે. આ ગાળાના કવિઓ માધવ રામાનુજ, ધીરુ પરીખ, રામચંદ્ર બ. પટેલ 'સુકીત', ભગવતીકુમાર શર્મા જેવા કવિઓએ સૉનેટનું નવું પરિમાણ સિદ્ધ કર્યું છે.

માધવ રામાનુજ 'તમે આવ્યા ને આ', 'આવો' તથા 'હવે' જેવાં સૉનેટ આપે છે.

*ઉઘાડ*ના કવિ ધીરુ પરીખ પાસેથી 'સવારી', 'સજા', 'જીતી ઊભો' આદિ સૉનેટો મળે છે. શ્રી રામચંદ્ર પટેલના *મારી અનાગતિ ઋતુ* સંગ્રહમાં કેટલીક સૉનેટરચનાઓ છે. *સંભવ*ના કવિ ભગવતીકુમાર શર્મા પાસેથી દસેક સૉનેટરચનાઓ પ્રાપ્ત થાય છે, જેમ કે 'દ્વૈત', 'જલલક્ષ્મી' અને 'કાળકળા', 'મિલન-કોલ' જેવી સૉનેટકૃતિઓમાં એક સૉનેટકાર તરીકે કૌશલ પ્રગટ થયું છે. શ્રી હરિકૃષ્ણ પાઠકની સૉનેટકૃતિઓ 'પરાયું કે લાગે', 'તું આજ' અને 'જીવમાં જીવ આવ્યો' વિશિષ્ટ બાનીમાં રચાયેલી છે.

શ્રી ભાનુપ્રસાદ પંડ્યાના સંગ્રહ *અજેઅજ*માં સૉનેટકૃતિઓ મળે છે.

## 3.25 મણિલાલ પટેલ, વિનોદ જોશી અને રમેશ પારેખ

મણિલાલ પટેલ *સાતમી ઋતુ*માં 'પોળોના પ્હાડોમાં' બાર સૉનેટનું ગુચ્છ આપે છે.

વિનોદ જોશી છલકાતી સર્જકતાના કવિ છે. તેમણે 'ભ્રૂણ', 'સિસૃક્ષા', 'ECSTASY', 'નાગરિક', 'હવા', 'ટાઇપિસ્ટ ગર્લ', 'REALIZATION', 'બટકણી પળે', 'પરિરંભન', 'બાળપણની એક સ્મૃતિ', 'એક રોમૅન્ટિક અનુભૂતિ', 'પ્રિયતમા સાથે હસ્તધનુનવેળા', 'આંખ', 'પગ', 'નાક', 'હાથ' જેવી આગવી સર્જકતાવાળી રચનાઓ આપી છે.

**સરર સરકતા ત્યાં ફર્શ પે રુન્ઝુનાટો,**
**સકળ કમળ ખૂલી જાય શાં ગુન્ગુનાટો.**

કમળ ખૂલી જતાં મુક્ત ભ્રમરોનો ગુંજારવ આસ્વાદ્ય બને છે. 'REALIZATION' જાલનું નિરીક્ષણ કરતું સૉનેટ છે.



વિનોદ જોશી ગીતોમાં ખીલે છે તેમ સૉનેટમાં પણ એમની લયની કરામત બતાવી આપે છે. લયનાં આવર્તનો

લેતી વાતચીત શૈલીની ભાષા કેટલી હદે સર્જનાત્મક બને છે એનો અનુભવ વિનોદ જોશીનાં સૉનેટોમાં મળે છે. સૉનેટમાં પ્રસરેલી સહજતા એના કવિની પરિપક્વ હથોટીનો પરિચય આપે છે.

રમેશ પારેખ *ખમ્મા, આલા બાપુને!* સંગ્રહમાં સૉનેટગુચ્છ આપે છે.

બ. ક. ઠાકોરથી આરંભાયેલી અને વિનોદ જોશી સુધીની સૉનેટયાત્રા વિવિધ સ્વરૂપે પ્રકટ થતી રહી છે. નવીન પ્રયોગશીલતા બતાવતું જયેન્દ્ર શેખડીવાળાનું 'સુમરણરતાડી' (સ્મરણચિત્ર) નામનું 'એક અપભ્રંશસૉનેટ' તથા આદમ ટંકારવીનું 'ભાષાભવન' ગઝલ-સૉનેટ અદ્યાપિ અવિરત રહેલી કવિઓની સૉનેટ પ્રીતિ દર્શાવે છે. સત્ત્વશીલ કવિઓને હાથે સૉનેટનાં નવાં નવાં રૂપ પ્રગટતાં રહેશે, કારણ કે સૉનેટે અભિવ્યક્તિના એક માધ્યમ તરીકે પોતાની અનિવાર્યતા સિદ્ધ કરી લીધી છે.

### 'તમારી પ્રગતિ ચકાસો' -3

(1) અનુગાંધીયુગની પૂર્વભૂમિકા જણાવો.
(2) રાજેન્દ્ર શાહની સૉનેટકવિતા વિશે લખો.
(3) નિરંજન ભગતની સૉનેટરચનાઓ વિશે લખો.
(4) ઉશનસ્‌નું સૉનેટવિકાસમાં પ્રદાન જણાવો.
(5) જયંત પાઠકનું સૉનેટવિકાસમાં મહત્ત્વ બતાવો.
(6) હરીન્દ્ર દવે અને સુરેશ દલાલનો સૉનેટવિકાસમાં ફાળો જણાવો.
(7) લાભશંકર ઠાકર અને ચિનુ મોદીનો સૉનેટવિકાસમાં ફાળો જણાવો.
(8) છેલ્લા બે દાયકાનાં સૉનેટ કવિઓનું પ્રદાન દર્શાવો.

**જોડકાં જોડો**

| | અ | | બ |
|---|---|---|---|
| 1. | રાજેન્દ્ર શાહ | 1. | વિસ્મય |
| 2. | નિરંજન ભગત | 2. | તૃણનો ગ્રહ |
| 3. | હસિત બૂચ | 3. | ઝાલર વાગે જૂઠડી |
| 4. | હસમુખ પાઠક | 4. | સાતમી ઋતુ |
| 5. | લાભશંકર ઠાકર | 5. | નમેલી સાંજ |
| 6. | ચિનુ મોદી | 6. | સાન્નિધ્ય |
| 7. | વિનોદ જોશી | 7. | વહી જતી પાછળ રમ્ય ઘોષા |
| 8. | મણિલાલ હ. પટેલ | 8. | વાતાયન |
| 9. | ઉશનસ્ | 9. | છંદોલય |
| 10. | જયંત પાઠક | 10. | ધ્વનિ |

## 3.26 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

### 'તમારી પ્રગતિ ચકાસો' - 1

(1) જુઓ 3.2
(2) જુઓ 3.3 અને 3.4
(3) જુઓ 3.5
(4) જુઓ 3.7
(5) જુઓ 3.6
(6) જુઓ 3.8 અને 3.9

**'તમારી પ્રગતિ ચકાસો' - 2**

(૧) જુઓ ૩.11
(2) જુઓ 3.12
(3) જુઓ 3.13
(4) જુઓ 3.14
(5) જુઓ 3.15

**જોડકાં**

| | |
|---|---|
| 1 - 7 | 5 - 8 |
| 2 - 6 | 6 - 5 |
| 3 - 4 | 7 - 2 |
| 4 - 3 | 8 - 1 |

**'તમારી પ્રગતિ ચકાસો'-3**

(1) જુઓ 3.16
(2) જુઓ 3.17
(3) જુઓ 3.18
(4) જુઓ 3.19
(5) જુઓ 3.20
(6) જુઓ 3.22
(7) જુઓ 3.23
(8) જુઓ 3.24

**જોડકાં**

| અ | બ | અ | બ |
|---|---|---|---|
| 1 | 10 | 6 | 8 |
| 2 | 9 | 7 | 3 |
| 3 | 6 | 8 | 4 |
| 4 | 5 | 9 | 2 |
| 5 | 7 | 10 | 1 |

## 3.27 સારાંશ

- સૉનેટનો ઉદ્ભવ અને ગુજરાતીમાં સૉનેટના અવતરણ સાથે બ. ક. ઠાકોરની સૉનેટ કવિતાનો અભ્યાસ મેળવ્યો.
- ગાંધીયુગની પૂર્વભૂમિકા અને સુંદરમ્-ઉમાશંકર આદિ ગાંધીયુગના સૉનેટકારોનું પ્રદાન અને વિકાસ પરિચય મેળવ્યો.
- અનુગાંધીયુગની ભૂમિકા અને ઉશનસ્-જયંત પાઠક આદિ આ યુગના મહત્ત્વના સૉનેટકવિઓનો સૉનેટવિકાસ સંદર્ભે અભ્યાસ થયો.

## 3.28 કેટલાંક ઉપયોગી પુસ્તકો

(1) *અર્વાચીન ગુજરાતી સાહિત્યનાં વહેણો*-રા. વિ. પાઠક
(2) *અર્વાચીન કવિતા*-સુંદરમ્
(3) *ગુજરાતી સાહિત્યમાં સૉનેટ*-સુંદરજી બેટાઈ
(4) *પ્રો. બ. ક. ઠાકોર અધ્યયન ગ્રંથ* - સં. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી.
(5) *આધુનિક કવિતાપ્રવાહ* - જયંત પાઠક
(6) *આપણાં સૉનેટ* - સં. ચન્દ્રશંકર ભટ્ટ
(7) *સૉનેટ* - વિનોદ જોશી
(8) *રાજેન્દ્ર - નિરંજન યુગની કવિતા* - પ્રસાદ બ્રહ્મભટ્ટ
(9) *નિરંજન ભગત*- સુમન શાહ
(10) *સૉનેટ : શિલ્પ અને સર્જન* - ભાનુપ્રસાદ પંડ્યા

## 3.28 ચાવીરૂપ શબ્દો (Key Words)

**અષ્ટક** - આઠનો સમૂહ, **ચતુષ્ક** - ચારનો સમૂહ, **યુગ્મ** - બે, **સર્ગશક્તિ** - સર્જન કરવાની શક્તિ, **પ્રબુદ્ધ** - પ્રજ્ઞાવાન, **ઋજુ** - કોમળ, **પ્રવાહિતા** - સરળ રીતે વહી જાય એવો ગુણ, **ધૂર્જટી** - શંકર, **પરિમાણ** - માપ, **આવૃત્ત** - ઢંકાયેલું, **વિમર્શ** - સમીક્ષા, **મુમુર્ષા** - મરવાની ઇચ્છા, **અકર્મણ્યતા** - નિષ્ક્રિયતા, **વાર્ધક્ય** - વૃદ્ધાવસ્થા, **ઉપહાર** - ભેટ, **અન્વેષણ** - ખોજ, **ધ્યાનાર્હ** - નોંધ લેવી પડે એવું.

**પંડિતયુગ** - ઈ. સ. 1886થી 1920 સુધી, **ગાંધીયુગ**- ઈ.સ. 1920-21થી 1938-39 સુધી, **અનુગાંધીયુગ** - ઈ.સ. 1940 પછીનો સમય. **તિમિરાવૃત્ત** - અંધારાથી ઘેરાયેલું, **વાતાયન** - બારી.

BAOU
Education for all

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

વિભાગ

# 2

## સૉનેટ - II


એકમ 1

'જૂનું પિયેરઘર' - બ. ક. ઠાકોર 7

એકમ 2

'છેલ્લું દર્શન' - રા. વિ. પાઠક 11

એકમ 3

'અમૃત લઈ આવ્યો અવનિનું' - ઉમાશંકર જોશી 16

એકમ 4

'ગઈ ભલે' - સુંદરમ્ 21

એકમ 5

'આધુનિક અરણ્ય' - નિરંજન ભગત 25

એકમ 6

'આદિમતાની એક અનુભૂતિ' - જયન્ત પાઠક 32

એકમ 7

'હું મુજ પિતા' - ઉશનસ્ 36

**લેખન :**

**પ્રો. આર. એલ. વેગડા**
**પ્રો. સરોજ જોષી**
**પ્રો. સતીષ વ્યાસ** — રીડર, ભાષાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-380 009

**પરામર્શ (વિષય) :**

**પ્રો. રમણલાલ જોશી** — ૨, અચલાયતન સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ

**પરામર્શ (ભાષા) :**

**પ્રો. રમણલાલ જોશી** — ૨, અચલાયતન સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ

**સંપાદન અને સંયોજન :**

**ડૉ. પી. કે. મહેતા** — નિયામક, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ-380 003

**સંયોજન સહાય :**

**શ્રી એસ. એચ. બારોટ** — મદદનીશ કુલસચિવ
**શ્રી ડી. આઈ. શાસ્ત્રી** — કાર્યાલય અધીક્ષક
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ-380 003

**: પ્રકાશક :**

કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
"જ્યોતિર્મય પરિસર", શ્રી બાલાજી મંદિરની સામે, સરખેજ-ગાંધીનગર હાઈવે,
અમદાવાદ-382481

©સર્વહક સ્વાધીન આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈપણ ભાગને
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર
મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈપણ રીતે પુનઃમુદ્રિત કરવાની મનાઈ છે.

# એકમ 1 'જૂનું પિયેરઘર' - બ. ક. ઠાકોર

રૂપરેખા

1.1 ઉદ્દેશો
1.2 પ્રસ્તાવના
1.3 કૃતિ
1.4 ક્રિયાત્મક સઘન અધ્યયન
1.5 સારાંશ
1.6 ચાવીરૂપ શબ્દો
1.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

## 1.1 ઉદ્દેશો

- કાવ્યનો સૉનેટપ્રકાર અને વિષયદષ્ટિએ અભ્યાસ કરી શકાશે.
- કાવ્યના છંદોલયનો પરિચય મેળવી શકાશે.
- કવિનું કવિત્વ માણી શકાશે.

## 1.2 પ્રસ્તાવના

શ્રી બ. ક. ઠાકોર પંડિતયુગના સમર્થ કવિ છે. ગુજરાતીમાં સૉનેટ અવતારવાનું શ્રેય શ્રી ઠાકોરને ફાળે જાય છે. અદ્‌ભુત શિસ્તના આગ્રહ સાથે સૉનેટક્ષેત્રે પોતાની પ્રતિભા દાખવીને તેમણે અનુગામીઓ માટે એક અઘરો પડકાર ઊભો કર્યો. શ્રી ઠાકોરે વિવિધ ભાવ વ્યક્ત કરતાં સૉનેટ રચ્યાં છે, તે પૈકી 'જૂનું પિયેરઘર' પતિસ્નેહ અનુભવતી નાયિકાનું મનોરમ ભાવચિત્ર રચતું સૉનેટ છે. હિન્દુ રિવાજ અનુસાર કન્યાનું બાળપણ પિતાને ત્યાં વીતે છે. લગ્ન પછી તે પતિનું ઘર સાચવે છે. પછી તો પિતાને ત્યાં અતિથિરૂપે જ જવાનું. પરંતુ જે સ્થળ સાથે બાળવયનો સંબંધ બંધાયેલો હોય તેની સ્મૃતિ ચિત્તમાં સચવાઈ રહેતી હોય છે. સાસરિયેથી પિતાના ઘરે આવતી દીકરીને અતીત તાજો થતો હોય છે, પણ એ તો બધું થોડી ક્ષણો પૂરતું જ, બાકી પછી તો એ પાછી પોતાના વર્તમાન જીવનમાં ગૂંથાઈ જાય છે. એનું કારણ નવું જીવન છે. પતિનો અકબંધ સ્નેહ છે. 'જૂનું પિયેરઘર'માં પિતાને ત્યાં આવેલી દીકરીનો અનુભવ કાવ્યાત્મક રીતે રજૂ થયો છે.

## 1.3 કૃતિ

### જૂનું પિયેરઘર

બેઠી ખાટે ફરિવળિ બધે મેડિયો ઓરડામાં,
દીઠાં હેતે સ્મૃતિપડ બધાં ઊકલ્યાં આપ રૂડાં.
માડી મીઠી, સ્મિત મધુર ને ભવ્ય મૂર્તી પિતાજી,
દાદી વાંકી રસિક કરતી ગોષ્ઠિથી બાળ રાજી;
સૂનાં સ્થાનો સજિવન થયાં, સાંભળું કંઠ જૂનાં,
આચારો કૈં વિવિધ ઢબના નેત્ર ઠારે સહુના :
ભાઢું ન્હાનાં; શિશુસમયના ખટમિઠાં સોબતીઓ
જ્યાં ત્યાં આવી વય બદલિ સંતાય જાણે પરીઓ.
તો યે એ સૌ સ્મૃતિછબિ વિશે વ્યાપિ લે ચક્ષુ ઘેરી,

ન્હાની મોટી બહુરૂપિ થતી એક મૂર્તી અનેરી :
ચૉરીથી આ દિવસ સુધિમાં એવિ જામી કલેજે
કે કૌમારે પણ મુજ સરે બાળવેશે સહેજે !
બેસી ખાટે પિયરઘરમાં ઝિંદગી જોઈ સારી,
ત્યારે જાણી અનહદ ગતી, નાથ મ્હારા, ત્હમારી.

- બ. ક. ઠાકોર

## 1.4 ક્રિયાત્મક સઘન અધ્યયન

'જૂનું પિયેરઘર' મંદાક્રાન્તા છંદમાં રચાયેલું પેટ્રાર્કન પદ્ધતિનું સૉનેટ છે. આ રચનામાં પતિગૃહેથી પિતૃગૃહે આવેલી નાયિકા શું-શું અને કેવું-કેવું અનુભવે છે, તેનું શબ્દચિત્ર આકારિત કરવામાં આવ્યું છે.

પતિના દીર્ઘ સહવાસ પછી નાયિકા પિતૃગૃહે આવી છે. કાવ્યના આરંભ માટે કવિએ એવી ક્ષણ પકડી છે.

'બેસી ખાટે ફરિવળિ બધે મેડિયો ઓરડામાં' સમાજની, ઘરની મર્યાદાના કારણે પતિના ઘરે વહુ ઇચ્છાનુસાર હરી-ફરી બેસી શકતી નથી. ત્યાં તો એને એક મર્યાદા નડે છે. ઘણો સમય પછી નાયિકા પિતાના ઘરે આવી છે. પતિના ઘરના વાતાવરણમાંથી પોતાના ચિરપરિચિત એવા વાતાવરણમાં આવી છે. એટલે એને હળવાશ અને મોકળાશનો અનુભવ થાય છે. પણ એને માટે તો પતિનું ઘર જ સર્વસ્વ બની ગયું હોવાથી પિતાને ત્યાં તો પ્રસંગોપાત્ત જ જવાનું બને છે. પિયરઘર અને આ ઘર સાથેના તમામ સંદર્ભો મૂકીને એણે નવું વાતાવરણ સ્વીકાર્યું છે. નવા જીવનનાં સુખ અનુભવતી આ કાવ્યની નાયિકા સાસરિયેથી પિતાને ત્યાં આવેલી છે. 'બેસી ખાટે'માં નાયિકા નિરાંત અનુભવે છે. મંદાક્રાન્તાના પ્રથમ ચાર ગુરુ વર્ણોમાં નાયિકાની નિર્ભાર ચિત્તસ્થિતિ વ્યક્ત થઈ છે. અહીં એને પેલી સાસરિયાની મર્યાદા અવરોધરૂપ બનતી નથી એટલે એ નિરાંતે ખાટે બેઠી છે. ખાટે બેસતાંની સાથે એનું મન આંદોલિત થાય છે. એ ઘણા દિવસો પછી પિતાને ત્યાં આવી છે એટલે એને બધું જ જોઈ લેવાની અધીરાઈ છે. એક વાર અનુભવેલા અનુભવોમાંથી પુનઃપસાર થવાનું માણસને ગમતું હોય છે. અધીરાઈની તીવ્રતા વધતી ગઈ અને 'ફરિવળિ બધે મેડિયો ઓરડામાં' પ્રથમ પંક્તિના ચાર ગુરુમાં આવેલી નિરાંત ન ટકી અને પછીના પાંચ લઘુ વર્ણોમાં નાયિકાની ફરી વળવાની ઝડપ છે. નાયિકાની આ ઝડપમાં અનુભૂત સમયને જીવતો જોવાની તીવ્રતા છે. પહેલા એ ઘરનાં જુદાં જુદાં સ્થળોમાં ફરી વળી, પછી મેડી અને ઓરડો. મેડી અને ઓરડો બન્ને પોતાનાં પૂર્વજીવનનાં સ્મરણો સાથે જોડાયેલાં હોવાથી નિરાંતે જોવાં છે. 'ઓરડામાં' એમ પંક્તિ પૂરી થતાં તો નાયિકાનું મન કેટલું બધું, કેટલી બધી ઝડપથી ફરી વળીને ઓરડામાં સ્થિર થયેલું છે ! અહીં નાયિકા એક પછી એક સ્મૃતિઓ ઉકેલાતી જુએ છે. ઉકેલાતા જતા સ્મૃતિપડને નાયિકા હેતથી નીરખે છે. 'દીઠાં હેતે'માં સ્મૃતિઓ સાથેની અભિન્ન આત્મીયતા છે. નાયિકાની હાજરીથી જ બધી જ સ્મૃતિઓ આપમેળે ઊકલવા માંડી છે. નાયિકા આ તમામ સ્મૃતિઓ સાથેનો ચિરપરિચય અનુભવે છે.

ત્રીજી પંક્તિથી કવિ સ્મરણોની વિગતો આપે છે. માતા-પિતા અને દાદીમા નાયિકાના મનમાં ત્રણેયનું નિશ્ચિત સ્થાન છે. માનું મીઠું, વાત્સલ્ય, અહોભાવ જન્માવનારું, કરડાકિયું નહીં એવું 'સ્મિત મધુર ભવ્ય મૂર્તી' એવું પિતાનું વ્યક્તિત્વ અને 'ગોષ્ઠિ'થી તરબોળ કરી મૂકતા દાદીમાની સ્મૃતિ તાજી થાય છે. કવિ આગળ વધે છે. 'સૂનાં સ્થાનો સજીવન થયાં, સાંભળું કંઠ જૂનાં', નિશ્ચેતન સ્થાનો નીરખવાથી સજીવન થતાં ગયાં. આ સ્થાનો સજીવન હોવાનો ભ્રમ એ સ્થાનો સાથે નાયિકાની આત્મીયતાની તીવ્રતમ સ્થિતિ સૂચવે છે. માટે જ વર્ષો પહેલાં ઉચ્ચારાયેલા ધ્વનિઓ આજે પુનઃ સંભળાઈ રહ્યા છે - 'સાંભળું કંઠ જૂના'. આ કંઠ તો નાયિકા માટે અજાણ્યા નથી. એ વર્ષો પહેલાં સાંભળેલા કંઠની સ્મૃતિ નાયિકાના ચિત્તમાં હજી અકબંધ સચવાઈ રહેલી છે. આ તો પુનઃશ્રવણ છે. સ્થાનો પણ જાણે નાયિકા વિના જ સૂનાં હતાં. નાયિકાની હાજરી સંજીવની બની ગઈ. ખરેખર તો નાયિકાના ચિત્તમાં પડેલી સ્મૃતિઓ સજીવન થઈ છે. સ્થાનો જ સ્મૃતિઓ દૃશ્ય બનાવવા માટે આલંબન બન્યાં.

અહીં ભૂતકાળનું વર્તમાનમાં થતું-અનુભવાતું રૂપાંતર છે. 'કંઠ જૂના'માં વીતી ગયેલો સમય અને વિગત એવાં સ્વજનો એમ બન્ને શકયતાઓ પડેલી જોઈ શકાય છે. હવે સૂનાં હતાં તે સ્થાનો સજીવન થયાં છે એટલે તે તે સ્થાનો સાથે જોડાયેલી આચારસ્મૃતિ નાયિકાના સ્મરણે ચડી. નાના ભાઈઓ, બાળપણનાં 'ખટમિઠાં સોબતીઓ' તો 'જ્યાં ત્યાં આવી વય બદલિ સંતાય જાણે પરીઓ.' અત્યારે તો નાના ભાઈઓ અને સાથીઓ પણ મોટાં થઈ ગયાં છે એટલે એ બધાં જાણે વય બદલીને આવ્યા હોય એવું દશ્ય નાયિકા જુએ છે. બાળમાનસમાં રહેલી પરીની પરિકલ્પનાનો સંદર્ભ નાયિકાને સૂઝે છે એવી કાવ્યાત્મક સૂઝ કવિએ દાખવી છે. નાયિકાને આ દશ્યસ્મૃતિનો અપાર આનંદ છે. પરંતુ અત્યારે તો નાયિકા જુદા જીવનમાં સ્થિર છે આ તો માત્ર પુનરાનુભવ છે. સ્મૃતિની સ્મૃતિ તરીકેની સભાનતા નાયિકાને દુ:ખ આપે છે. પછી નાયિકાના ચિત્તમાં એક નવો અનુભવ ફૂટવા માંડે છે.

'ન્હાની મોટી બહુરૂપિ થતી એક મૂર્તી અનેરી'

આ નવો અનુભવ 'જ્યાં ત્યાં આવી વય બદલિ....' પંક્તિના અનુભવ સાથે જોડાતો જાય છે. 'મૂર્તી' માટે કવિએ નાયિકાના મનમાં રહેલો અનન્વય સૂચવ્યો છે. 'ન્હાની મોટી' એ બે વિશેષણોમાં મૂર્તિનું સ્વરૂપ નાયિકા ભરી શકી નહીં એટલે મૂર્તિને 'બહુરૂપિ' કહી. મૂર્તિનું સ્વરૂપ એના ચિત્તમાં તો સ્પષ્ટ છે. મૂર્તિ જ એવી બહુરૂપી છે જે નાયિકાના ચિત્તને તરબોળ કરતી રહી છે. વળી મૂર્તિ માટે કવિએ 'અનેરી' વિશેષણ પણ યોજ્યું છે. અન્યો કરતાં જુદી પાડીને મૂર્તિની અસામાન્યતા બતાવી એનું નાયિકાચિત્તમાં રહેલું મહત્ત્વ સ્થાપિત કરી દીધું છે. પછીની બે પંક્તિમાં મૂર્તિ 'અનેરી' કેમ છે તેનું કારણ મળે છે. નાયિકા લગ્નથી આજના દિવસ સુધી મૂર્તિના-પતિના સતત સ્નેહમય સહવાસના કારણે પતિ સાથે એકરૂપ બની ગઈ છે. એ મૂર્તિ 'એવી જામી કલેજે' કે હવે એનાથી જ હૃદય ભરાઈ રહે છે. 'જામી' શબ્દમાં સ્નેહની ઘનતા અને એકરૂપતાની ગહનતા રહેલી છે. આ તદ્રૂપતા એટલી બધી છે કે એ મૂર્તિ તો બાળવયથી જ હૃદયમાં સરતી રહી હોય એવું નાયિકા અનુભવે છે. પતિની મૂર્તિનું સ્નેહસામ્રાજ્ય ચિત્તને ઘેરી વળ્યું છે, આ અસર તો બાળવયથી ચિત્તમાં જામતી જતી હતી અને આજે તો 'એવી જામી કલેજે' કે એની અસરમાં રમમાણ રહેવાનું નાયિકાને ગમે છે. એ ધન્યતા અનુભવે છે.

આ અનુભવમાંથી પસાર થતી નાયિકા ફરી ખાટે બેસે છે. પિયરઘરની જિંદગી પ્રત્યક્ષ જુએ છે. પિતાના ઘરમાં પોતાની બાળવયની જિંદગી જોઈ. બધું જોયું, ફરી અનુભવ્યું પણ છતાંય કંઈક ખૂટતું લાગ્યું. આ ખોટ 'નાથ'થી ભરાય છે.

'ત્યારે જાણી અનહદ ગતી, નાથ મ્હારા, ત્હમારી.'

પતિનો સ્નેહ બધી જ સ્મૃતિઓ કરતાં સર્વોપરી નીવડે છે. પતિસ્નેહનો ગહન અનુભવ તો હતો પણ એની જાણકારી પિયર આવ્યા પછી સમજાઈ. કવિએ જે 'અનહદ ગતી' કહી છે તેમાં નાથમાં દેવત્વ જોતી ભારતીય નારી છે. 'નાથ મ્હારા...'માં પતિસ્નેહના સામ્રાજ્યનો સ્વીકાર છે. નાયિકા પતિના પ્રેમમય સ્વામિત્વનું ગૌરવ કરે છે. કાવ્યના અંતે નાયિકા અનહદગતિનો અનહદ પરિતોષ અનુભવે છે. નાયિકાના ચિત્તમાં જન્મેલાં આંદોલનો પતિપ્રેમના કેન્દ્રમાં શમે છે.

કાવ્યમાં નાયિકા પતિના ઘરેથી પિયર આવે છે એટલે પ્રથમ વિરહભાવનું કાવ્ય લાગે. પરંતુ એ વિરહમાં ક્રમશઃ પતિ સાથેનું નાયિકાનું આંતરિક સાયુજ્ય વિકસતું રહ્યું છે. છેવટે કાવ્યના અંતે નાયિકા પતિથી વિભક્ત નથી જ એવા બિંદુએ કવિ આપણને લાવી મૂકે છે; એ દામ્પત્યસ્નેહની અને એને ગોચર કરી આપવાની સર્જકતા ધરાવતા કવિની ખૂબી છે.

કાવ્યને કવિએ 'જૂનું પિયેરઘર' શીર્ષક આપ્યું છે. નાયિકા માટે હવે પિતાનું - પિયરનું ઘર જૂનું છે. પતિનો સહવાસ એનું નવું જીવન છે. 'જૂનું' વિશેષણ નાયિકાએ 'પિયરઘર' છોડ્યાના દીર્ઘ સમયને સૂચવે છે, એટલે બધું સ્મૃતિરૂપે જ સચવાઈ રહ્યું છે. એ સ્મૃતિઓ ઉકેલાતી ઉકેલાતી નાયિકાને વર્તમાન સાથે જોડી દે છે. એને વર્તમાન જ સત્ય લાગે છે, એ જ નિત્ય નવીન હોવાનો અનુભવ થાય છે. માટે જ કવિએ 'પિયેરઘર' માટે 'જૂનું' વિશેષણ યોજ્યું છે. જૂના પિયરઘર નિમિત્તે નાયિકાને સ્મૃતિઓ અનુભવવા જોવા મળી અને એમાંથી જ નાથની અનહદ ગતિનો પરિચય મળ્યો. આમ, કાવ્યનું શીર્ષક કાવ્યાત્મક ઔચિત્ય ધરાવે છે.

'તમારી પ્રગતિ ચકાસો'

1. 'જૂનું પિયેરઘર' સૉનેટનો પ્રકાર અને છંદ જણાવો.
2. 'જૂનું પિયેરઘર' કાવ્યનો સારાંશ લખો.
3. કાવ્યનાયિકા પિયરઘરમાં શું શું જુએ છે ? સમજાવો.
4. 'ત્યારે જાણી અનહદ ગતી નાથ ત્હારા, ત્હમારી' પંક્તિ સમજાવો
5. 'જૂનું પિયેરઘર' શીર્ષકની યોગ્યતા વિશે લખો.

## 1.5 સારાંશ

'જૂનું પિયેરઘર' સૉનેટ રચનામાં પતિગૃહેથી પિતૃગૃહે આવેલી નાયિકા ભૂતકાળને સ્મરણ-પ્રત્યક્ષ થતો અનુભવે છે. આવીને ખાટે બેસે છે; તરત જ ઘરમાં બધે જ ફરી વળે છે. ઘણા સમય પછી આ બધું જોવાનું સુખ પ્રાપ્ત થયું છે એટલે જોઈ લેવાની ઉતાવળ, અધીરાઈ નાયિકાના મનમાં છે. પીતાના વિના સૂનાં થયેલાં સ્થાનો સજીવ બની જાય છે, અને નાયિકા છેક બાળવયનાં સ્મરણોમાં સરી જાય છે. હવે તો નાયિકા પતિગૃહે રહેતી હોવાથી પિતાના ઘર સાથેના સંદર્ભો કેવળ સ્મૃતિ બની ગયા છે. વળી, પતિની સ્નેહમૂર્તિ એના હૃદય પર એવી તો સ્થાપિત થઈ ચૂકી છે કે એ અનેરી મૂર્તિ બાળપણથી સાથે હોય એવો અનુભવ થાય છે. નાયિકા એના વર્તમાન જીવન તરફ જ ઢળે છે. પિતાનું ઘર અને પતિની હૃદયસ્થ હાજરી વચ્ચેની રમણીય ક્ષણોને કવિએ આ રચનામાં શબ્દબદ્ધ કરી છે.

## 1.6 ચાવીરૂપ શબ્દો (Key Words)

રમણીય - સુંદર
નિર્ભાર - ભાર વિનાનું
તદ્રૂપ - એકરૂપ
અનહદ - હદ વિનાનું
પરિતોષ - સંતોષ
ગોચર - જોઈ શકાય એવું
સાયુજ્ય - જોડાણ
હૃદયસ્થ - હૃદયમાં રહેલું, હૃદયમાં સ્થિર થયેલું
અનુભૂત - અનુભવેલું
પુનરાનુભવ - પુનઃ અનુભવ - ફરી અનુભવવું

## 1.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

1. જુઓ એકમ 1.5નો પ્રથમ પરિચ્છેદ
2. જુઓ એકમ 1.4
3. જુઓ એકમ 1.5નો ત્રીજો અને ચોથો પરિચ્છેદ
4. જુઓ એકમ 1.5નો પાંચમો અને છઠ્ઠો પરિચ્છેદ
5. જુઓ એકમ 1.5નો સાતમો પરિચ્છેદ

# એકમ 2 'છેલ્લું દર્શન' - રા. વિ. પાઠક

રૂપરેખા

2.0 ઉદ્દેશો
2.1 પ્રસ્તાવના
2.2 ગાંધીયુગ - ભૂમિકા, પરિબળો અને 'શેષ'ની કવિતા
2.3 રામનારાયણ વિ. પાઠક - જીવન અને કવન
2.4 'છેલ્લું દર્શન' - આસ્વાદ
2.5 સારાંશ
2.6 કેટલાંક ઉપયોગી પુસ્તકો
2.7 ચાવીરૂપ શબ્દો
2.8 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

## 2.0 ઉદ્દેશો

આ પહેલાં તમે ગાંધીયુગથી પરિચિત થયાં છો. અહીં તમે -

- ગાંધીયુગ અને રા. વિ. પાઠક - 'શેષ'ની કવિતાથી પરિચિત થશો.
- રા. વિ. પાઠકના જીવન અને કવનથી પરિચિત થશો.

## 2.1 પ્રસ્તાવના

નર્મદયુગ, પંડિતયુગ, ગાંધીયુગ અને ગાંધીયુગની કવિતાથી પણ પરિચિત થયા છો. આપણે જોયું તેમ ગાંધીયુગના સાહિત્યમાં નવનવોન્મેષ જોવા મળે છે. વિષય, નિરૂપણ, કાવ્યપ્રકારોમાં વૈવિધ્ય, પશ્ચિમ સાહિત્યનો પ્રભાવ, અને વિશેષ તો આદર્શપરાયણતાનો ત્યાગ અને વાસ્તવનાં મંડાણ તે આ યુગનાં પ્રધાન લક્ષણો, જે તે યુગની કવિતામાં પણ દેખાય છે. જેમનામાં પંડિતયુગ અને ગાંધીયુગનો સમન્વય સધાયેલો છે તેવા કવિ શ્રી રા. વિ. પાઠકના જીવન-કવનથી પરિચિત થશો.

## 2.2 ગાંધીયુગ - ભૂમિકા, પરિબળો અને 'શેષ'ની કવિતા

જે યુગમાં ગુજરાતની રાજકીય, સામાજિક, સાહિત્યિક, સાંસ્કૃતિક ચેતનામાં અનેક ફેરફારો આવ્યા તે ગાંધીયુગમાં કવિ શ્રી સુંદરમ્, ઉમાશંકરની હરોળમાં 'શેષ' પણ નવીન કવિતા આપે છે. 'શેષ'ની કાવ્યપ્રવૃત્તિ ગંભીરપણે આરંભાઈ ત્યારે ગુજરાતી કવિતામાં સાક્ષરયુગના કવિઓનું મહત્ત્વનું અર્પણ સમાપ્ત થઈ ચૂક્યું હતું. ગાંધીયુગના કવિઓની આલબેલ કંઈક અંશે ગજેન્દ્ર બૂચ, ઝવેરચંદ મેઘાણી ચંદ્રવદન મહેતા, સ્નેહરશ્મિ, દેશળજી પરમાર આદિ કવિઓથી થઈ તેમાં 'શેષ' પણ લગભગ સાથે જ રહ્યા છે. શ્રી મનસુખલાલ ઝવેરી કહે છે, 'પાશ્ચાત્ય સાહિત્યની પ્રયોગશીલતા અને દૃષ્ટિની નવીનતા 'શેષ'ને સિદ્ધ હોવા છતાં પિતૃકુળ તો સંસ્કૃત કવિઓ જ શોભાવી રહ્યા છે.' કાન્તની વર્ણસંવાદિતા અને મંજુલતા અને ઠાકોરની અર્થઘનતા અને પ્રયોગશીલતાનાં તત્ત્વો શેષનાં કાવ્યોમાં સાદ્યન્ત દેખાઈ આવે છે.

'તમારી પ્રગતિ ચકાસો' - 1

1. ગાંધીયુગની કવિતાનાં લક્ષણો વર્ણવો.
2. 'શેષ'ના સમકાલીન કવિઓનાં નામ આપો.
3. 'શેષ'ની કવિતાએ કોનો પ્રભાવ ઝીલ્યો છે ?
4. 'શેષ'ની કવિતાઓ ગાંધીયુગ અને પંડિતયુગના સંધિકાળે ઊભેલી છે - સમજાવો.

## 2.3 રામનારાયણ વિ. પાઠક - જીવન અને કવન

ગાંધીયુગના એક અગ્રગણ્ય વિદ્વાન, વિવેચક અને સર્જક-સાહિત્યકાર એવા શ્રી રા. વિ. પાઠકનો જન્મ ઈ.સ. 1887ની એપ્રિલની 8મી તારીખે પ્રશ્નોરા નાગર કુટુંબમાં ધોળકા તાલુકાના ગાણોલ ગામે થયો. શિક્ષક-પિતાનો વારસો પૂર્ણપણે રામનારાયણના વ્યક્તિત્વમાં જોઈ શકાય છે. શરૂઆતનું શિક્ષણ રાજકોટમાં, ત્યાર બાદ ભાવનગરની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાંથી મૅટ્રિક થયા 1905માં. વિલ્સન કૉલેજમાં જોડાઈને 1908માં તર્કશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન સાથે પ્રથમ વર્ગમાં બી.એ. થયા, અને તે જ કૉલેજમાં દક્ષિણા ફેલો નિમાયા. 1911માં એલએલ.બી. થયા આ સમય દરમ્યાન તેઓ મહાદેવભાઈ અને નરહરિ પરીખના ઘનિષ્ઠ સંપર્કમાં આવ્યા. 16 વર્ષની ઉંમરે ઈ.સ. 1903માં મણિબહેન સાથે લગ્ન થયું. સાહિત્ય, સંગીત અને છંદના સંસ્કાર વિદ્યાર્થી-અવસ્થામાં જ પ્રાપ્ત થયેલા. મુંબઈથી અમદાવાદ આવી સાદરામાં વકીલાત શરૂ કરી. 1918માં પત્નીનું અવસાન થયું. 1920માં અમદાવાદની ન્યૂ ઈંગ્લિશ સ્કૂલનો વહીવટ સાંભળી લીધો. ત્યાર બાદ ગુજરાત વિદ્યાપીઠના અધ્યાપક - જે આજીવન રહ્યા, તે દરમ્યાન અસહકાર આંદોલનની અસર ઝીલવા માંડી અને સાથે સાથે એમની સંપાદન-લેખનપ્રવૃત્તિ શરૂ થઈ. વિદ્યાપીઠ સેવા અને વિદ્વાન અધ્યાપકોના સંપર્કે તેમની સાહિત્યિક પ્રવૃતિનાં બીજ મજબૂત કર્યાં છે. 'યુગધર્મ'નું સંપાદન સ્વીકાર્યું. 'પ્રસ્થાન' દ્વારા લેખન વધ્યું. 1928માં વિદ્યાપીઠમાંથી રાજીનામું આપ્યું. ત્યાર પછીની સાહિત્ય-આરાધના જીવનના અંત સુધી અવિરતપણે ચાલી. શ્રી ઉમાશંકરે તેમને 'ગાંધીયુગના સાહિત્યગુરુ' તરીકે ઓળખાવ્યા છે. 1930માં સત્યાગ્રહ દરમ્યાન ધરપકડ થઈ. 1950માં વિદ્યાપીઠમાં અધ્યાપક તરીકે. 1952માં મુંબઈ ભારતીય વિદ્યાભવનમાં અધ્યાપક. 1955ની 21મી ઑગસ્ટે તેમનું અવસાન થયું. જૂન 1945માં મુંબઈમાં હીરાબેન સાથે બીજું લગ્ન થયું. રામનારાયણ પાઠકમાં ભારતીય પરંપરાના ઉચ્ચ સંસ્કારો અને ગાંધીયુગીન ભાવનાઓનો સુભગ સમન્વય થયો હતો : આચાર-વિચારશુદ્ધિ, સંયમિત અને શાંત જીવન, મિતભાષી અને નિયતાચારી સ્વભાવ, નિરાગ્રહી અને નિરભિમાની.

તેમના જીવનની કેટલીક ઘટનાઓ તેમની સાહિત્યસેવામાં ઉપયોગી નીવડી છે. પ્રથમ પત્નીના અવસાને તેમના હૃદય પર ઘેરી અસર કરી હતી. પછીનાં વર્ષોમાં આત્મલક્ષી પ્રણયકાવ્યો મળ્યાં. 'ઉમા-મહેશ્વર' 'એક સંધ્યા' અને 'છેલ્લુ દર્શન' જેવાં ઉત્તમ કોટિનાં કાવ્યો અને 'વિશેષ કાવ્યો'માંનાં કાવ્યો પ્રસન્ન દામ્પત્યની નીપજ છે. ગુજરાત વિદ્યાપીઠમાંથી સંપાદન અને અનુવાદપ્રવૃત્તિ અહીંથી શરૂ થઈ. 'ગોવિંદગમન', 'કાવ્યસમુચ્ચય', 'કાવ્યપરિચય' એનાં ફળ છે. 'કાવ્યપ્રકાશ' અને 'ધમ્મપદ'નો અનુવાદ એમની પાસેથી મળ્યાં. 'યુગધર્મ'ની સાથે સાથે વિવેચન, કાવ્ય અને વાર્તાપ્રવૃત્તિની શરૂઆત થઈ. વધુ વાર્તાઓ, કાવ્યો, નાટકો અને 'સ્વૈરવિહાર'નાં લખાણો મળ્યાં તે 'પ્રસ્થાન'ને કારણે. રા. વિ. ગુજરાતી છંદક્ષેત્રે ગણનાપાત્ર 'પ્રાચીન ગુજરાતી છંદો' અને 'બૃહદ પિંગલ' જેવા શાસ્ત્રીય છંદો લખી શક્યા. નિબંધસંગ્રહ 'મનોવિહાર', કાવ્યસંગ્રહ 'વિશેષ કાવ્યો', નાટ્યસંગ્રહ 'કુલાંગાર' અને બીજી કૃતિઓ, ગુજરાતી કવિતાસાહિત્યનું વિહંગાવલોકન કરાવતો 'નભોવિહાર' અને વિવેચનસંગ્રહ 'આકલન' જેવાં પુસ્તકો પ્રાપ્ત થયાં છે.

### કવિ - 'શેષ'

એમની પ્રથમ કાવ્યકૃતિ 1921માં અને અંતિમ કૃતિ 1955માં આપણા પ્રાચીન રાસ, દુહા, અને ભજનોનો ફાળો પણ 'શેષ' ઘડતરમાં ઓછો નથી. તેમનાં કાવ્યોમાં રાસ જેવાં ઊર્મિગીતો પણ છે. તેમનાં પ્રણય, પ્રકૃતિ અને પ્રાર્થનાકાવ્યોમાં તેમનું વિશેષ વ્યક્તિત્વ ઉભરાય છે. તેમનાં કાવ્યોનો બાહ્ય સ્વરૂપથી વિચાર કરીએ તો તેના ઘણા વિભાગો પડે તેમ છે. એમાં

ઊર્મિગીતો, સૉનેટો, ભજનો, રાસ, ગરબા, ગરબી, ખંડકાવ્યો, દુહા, મુક્તકો અને પ્રાસંગિક રચનાઓનો સમાવેશ કરી શકાય. 'વિશેષ કાવ્યો'માં ભક્તિનાં, પ્રકૃતિનાં, હર્ષ-વિષાદ ભાવોનાં, માનવસ્વભાવનાં, નર્મ-અર્મનાં, ઈતિહાસવિષયક, ગંભીર મનોભાવ અને ચિંતન વ્યક્ત કરતાં તેમજ સામાજિક વિચારો આલેખતાં કાવ્યો લખ્યાં છે. પ્રકૃતિકાવ્યોમાં ચંદ્રનો ઉલ્લેખ વિશેષ આવે છે. 'ડુંગરની કોરે'માં પ્રકૃતિનું ભીષણ દશ્ય છે. પ્રણય એ માનવીની કવિતાના વિશેષ ખંડ સ્વરૂપે આવે છે. ક્યાંક લોકગીતોનો ઢાળ અને લય છે. ઓછા શબ્દો પાસેથી વધારે કામ લેવાની સિદ્ધિ તેમને વરેલી છે. કવિતામાં ચિંતનાત્મક વિષયો જેવા કે મનુષ્યજીવન, માનવહૃદયમાં સ્પંદિત થતા ભાવો, આત્મા, વ્યાપક સમાજજીવન અને પરમાત્માની અકળ સૃષ્ટિલીલા છે. શેષે પ્રસંગોપાત્ત પાદપૂર્તિકાવ્યો, અર્પણપંક્તિઓ, દુહા-મુક્તકો અને ગઝલો લખ્યાં છે. નવા શબ્દપ્રયોગો, નવીન રચનાકૌશલ, નવીન કલ્પનાચિત્રણ અને પોતાની એક ઊંડી લાક્ષણિક ભાવસર્જકતાથી 'શેષનાં કાવ્યો' એક નવી તાઝગી, નવી કુમાશ અને નવી સુન્દરતા કવિતામાં ઉમેરે છે." તેમની કવિતા ભલે સંખ્યાની બાબતમાં વિપુલ નહિ, પણ સત્ત્વમાં મૂલ્યવાન અને પંડિતયુગ તેમ ગાંધીયુગ એ બેઉ યુગના કવિઓની પંગતમાં આગલી હરોળમાં માનભર્યું સ્થાન અપાવે તેવી છે.

**'તમારી પ્રગતિ ચકાસો' - 2**

1. રા. વિ. પાઠકના જીવનનો પરિચય આપો.
2. રા. વિ. પાઠકના સાહિત્યિક વ્યક્તિત્વનો પરિચય આપો.
3. 'શેષ'ની કવિતાનો પરિચય કરાવો.
4. 'શેષ'નો કવિપરિચય આપો.
5. 'શેષ'ની કવિતામાં પ્રણય - પ્રકૃતિ ઉપરાંત ચિંતનનું નિરૂપણ પણ દેખાય છે - સમજાવો.

### છેલ્લું દર્શન

ધમાલ ન કરો - જરાય નહિ નૈન ભીનાં થાશે
ઘડી બ ઘડી જે મળી - નયનવારિ થંભો જરા -
કૃતાર્થ થઈ લો, ફરી નહિ મળે જ સૌંદર્ય આ,
સદા જગત જે વડે હતું હસન્તું માંગલ્ય કો !
ધમાલ ન કરો, ધરો બધી સમૃદ્ધિ માંગલ્યની,
ધરો અગરુ દીપ ચંદન ગુલાબ ને કુંકુમ
ધરો કુસુમ શ્રીફળો, ન ફરી જીવને આ થવો
સુયોગ અણમૂલ સુંદર સુહાગી માંગલ્યનો !
ધમાલ ન કરો, ન લો સ્મરણ કાજ ચિહ્નને કશું
રહ્યું વિકસતું જ અન્ત સુધી જેહ સૌંદર્ય તે
અખંડ જ ભલે રહ્યું, હૃદયસ્થાન તેનું હવે
ન સંસ્મરણ વા ન કો સ્વજન એ કદી પૂરશે.
મળ્યાં તુજ સમીપ અગ્નિ ! તુજ પાસ જુદાં થિયેં
કહે, અધિક ભવ્ય મંગલ નથી શું એ, સુંદરી ?

- રા. વિ. પાઠક

## 2.4 'છેલ્લું દર્શન' - આસ્વાદ

શ્રી પાઠકનાં પ્રથમ પત્નીના અવસાન નિમિત્તે 1930માં આ કાવ્ય રચાયું છે. એમના અંગત જીવનનું મર્મસ્પર્શી કાવ્ય છે, એટલે મૃત્યુનિમિત્ત છે પણ મંગલ જીવનરસથી છલકતું કાવ્ય છે. શેષનાં પ્રણયને લગતાં આત્મલક્ષી કાવ્યોમાં શિરોમણિ કાવ્ય છે. કાવ્યની અંતિમ પંક્તિ 'સુંદરી' સંબોધનને બાદ કરતાં ક્યાંય વ્યક્તિનિર્દેશ નથી. સૌંદર્ય અને માંગલ્યનો અમૂર્ત ભાવ વ્યક્ત થયો છે.

મૃત્યુનો પ્રસંગ છે પણ તત્ત્વચિંતક રા. વિ. પાઠક વ્યક્તિવિશેષ રાગમાં અટવાય નહીં. જે નષ્ટ થયું તેનો શોક નહીં, પણ જે પ્રાપ્ત થયું તેની ધન્યતા તે કાવ્યનો પ્રધાન સૂર છે. છેલ્લી ક્ષણ સુધી તેનું દર્શન એ જ કર્તવ્ય. માનવીય લાગણીઓથી કવિ દૂર નથી તેથી મૃત્યુ સમયે સહજતાથી આંખમાં આંસુ-તેને રોકવાનો મિથ્યા પ્રયત્ન - જે 'ધમાલ ન કરો' .... એક વાર નહીં ત્રણ-ત્રણ વાર પુનરુચ્ચારણ પામે છે. તેમાં જ અસ્વસ્થતા પ્રગટ થઈ છે, જે આ ઘટનાને નવી વિધાયક દૃષ્ટિથી જોઈને દૂર કરે છે. સૌંદર્યના પૂજનનું 'છેલ્લું દર્શન' છે. દર્શન શબ્દમાં આદર, ભક્તિ, પૂજા સમાયેલાં છે, જે શાશ્વત સ્મરણ હૃદયમાં સ્થિત છે એને બાહ્ય સ્મરણચિહ્નની જરૂર નથી જ. સૉનેટના છેલ્લા યુગ્મકમાં અગ્નિની સાક્ષી એ મંગલનું સૂચક છે. સાક્ષિત્વનું આરોપણ ઘટનાને વધારે મહિમાવંત બનાવે છે. સમગ્ર કાવ્ય ભાવમય છે. કાવ્યમાં ભાવ અને વિચારનું અદ્ભુત રસાયન સિદ્ધ થયેલું છે. સૉનેટના સ્વરૂપમાં ત્રણ ચતુષ્ક અને છેલ્લું યુગ્મક ભાવ અને વિચારની સળંગસૂત્રતા પરાકાષ્ઠા પર મૂકી આપે છે. સંબોધનો બદલાયાં છે. પત્ની, અગ્નિ... પણ બાધારૂપ નથી. વિચારપરિવર્તન સાથે કાવ્ય અધ્યાત્મ-અનુભવના પ્રદેશમાં પ્રવેશે છે.

કાવ્યનિરૂપણ-ભાષા સંબંધે બિલકુલ સ્વસ્થ અને સહજ છે. સંસ્કૃત, ગ્રામ્ય કે તળપદને બદલે 'ઘડી બ ઘડી' કે 'થિએ' જેવા પ્રયોગોથી સ્વાભાવિકતા વધી છે.

બહુ ઓછાં કાવ્યોમાં મૃત્યુ ભયાનકતા ઊભી કર્યા વિના આવ્યું છે. મૃત્યુના સાંનિધ્યમાં હૃદય વિદારાઈ જવાને બદલે ઊંડું આશ્વાસન અનુભવે તેવું ભાગ્યે જ બને. અહીં મૃત્યુનું માંગલ્ય, સૌભાગ્યવતી પ્રણયની પત્નીના મૃત્યુનું માંગલ્ય કે તેની સાથેના પ્રણયની એ જીવનની કૃતાર્થતા અને કરુણતા એમ બધા ભાવો સંમિશ્ર છે, તેમાં તત્ત્વજ્ઞાનીની તટસ્થતાને બદલે સંયમથી વેદના વધુ કરુણગર્ભ બને છે. સૂક્ષ્મ ભાવોને વિષાદના ભાર વિનાના વાતાવરણમાં મૂકી આપ્યા છે. ગુજરાતી સાહિત્યનાં વ્યક્તિલક્ષી પ્રણયકાવ્યોમાં ઉત્તમ કાવ્ય તરીકે ચિરંજીવ છાપ ઊપસાવી ગયું છે.

## 2.5 સારાંશ

— ગુજરાતી સાહિત્યના અભ્યાસક્રમની રૂપરેખા અનુસાર અહીં ગાંધીયુગ, ભૂમિકા, પરિબળો અને ગાંધીયુગની કવિતાનો પરિચય મેળવ્યો.
— રા. વિ. પાઠક - પંડિતયુગ અને ગાંધીયુગના સંધિકાળના કવિ.
— તેમની કવિતામાં બધાં જ સ્વરૂપો - વિષય - ચિંતનમાં નાવીન્ય.
— રા. વિ. પાઠકના જીવન-કવનનો પરિચય.
— 'છેલ્લું દર્શન' કાવ્યનો આસ્વાદ.

## 2.6 કેટલાંક ઉપયોગી પુસ્તકો

1. *રા.વિ. પાઠક - વાઙ્મય પ્રતિભા* - ડૉ. કાન્તિલાલ કાલાણી
2. *રા.વિ. પાઠક* - ચંદ્રકાન્ત શેઠ
3. *આસ્વાદ અષ્ટાદશી* - જયંત કોઠારી
4. *અર્વાચીન ગુજરતી સાહિત્યનો ઇતિહાસ* - લે. ડૉ. ધીરુભાઈ ઠાકર

## 2.7 ચાવીરૂપ શબ્દો (Key Words)

**વિધાયક** - હકારાત્મક
**ભીષણ** - ભયાનક
**મીતભાષી** - ઓછું બોલનાર

## 2.8 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

### 'તમારી પ્રગતિ ચકાસો' - 1

1. જુઓ - 1.1નો પ્રથમ પરિચ્છેદ.
2. જુઓ - 1.3નો પ્રથમ પરિચ્છેદ.
3. જુઓ - 1.3નો પરિચ્છેદનો અંત.
4. જુઓ - 1.1નો પ્રથમ પરિચ્છેદ.

### 'તમારી પ્રગતિ ચકાસો' - 2

1. જુઓ - 1.4નો પ્રથમ પરિચ્છેદ.
2. જુઓ - 1.4નો બીજો પરિચ્છેદ.
3. જુઓ - 1.4નો છેલ્લો પરિચ્છેદ.
4. જુઓ - 1.4નો છેલ્લો પરિચ્છેદ.
5. જુઓ - 1.4નો છેલ્લો પરિચ્છેદ.

# એકમ 3 'અમૃત લઈ આવ્યો અવનિનું'

**- ઉમાશંકર જોશી**

રૂપરેખા

3.0 ઉદ્દેશો
3.1 પ્રસ્તાવના
3.2 પૂર્વભૂમિકા
3.3 ગાંધીયુગ - ભૂમિકા અને પરિબળો
3.4 ઉમાશંકર જોશી - જીવન અને કવન
3.5 'અમૃત લઈ આવ્યો અવનિનું' - આસ્વાદ
3.6 સારાંશ
3.7 કેટલાંક ઉપયોગી પુસ્તકો
3.8 ચાવીરૂપ શબ્દો
3.9 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

## 3.0 ઉદ્દેશો

આ એકમ 'ગાંધીયુગ'ની કવિતાનો પ્રથમ એકમ છે. આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે -

- ગાંધીયુગની પરિચિત થશો.
- ગાંધીયુગની કવિતા અને પરિબળોથી પરિચિત થશો.
- ઉમાશંકર જોશીના જીવન અને કવનથી પરિચિત થશો.

## 3.1 પ્રસ્તાવના

નર્મદયુગ, પંડિતયુગ, અને ગાંધીયુગનો પરિચય તમે ગુજરાતી સાહિત્યના અભ્યાસક્રમમાં મેળવ્યો, હવે ગાંધીયુગની કવિતાથી પરિચિત થશો.

ગાંધીયુગના કવિઓનું દષ્ટિબિંદુ બદલાયું છે. ઉમાશંકર અને સુંદરમ્ ત્રીશીના પ્રમુખ કવિઓ છે. બંનેની કવિતા વિશેષ કાવ્યતત્ત્વવાળી છે. ગાંધીયુગનો કવિ માત્ર પ્રેમનાં, પ્રકૃતિનાં કે પરમાત્માનાં જ ગીતો ગાવાને બદલે જીવનની કઠોર વાસ્તવિકતા પ્રત્યે અભિમુખ બન્યો. એ માત્ર કવિ જ ન રહેતાં માનવી બનવાને મથ્યો. વિશ્વૈક્ય અને વિશ્વબંધુત્વની ભાવનાનાં ગાન એ ગાવા લાગ્યો. એણે મૃત્યુને મંગલ માન્યું અને જગતની યોજનામાં સુંદરતા સાથે કરુણતા અને ભીષણતાનું સ્થાન પણ એણે જોયું. કવિતા મહાન અને ભવ્ય વિષયો પર જ લખાય - તેવા 1914ના આદર્શને બદલે ભંગડી, દરજી, ઉકરડો, રૂડકી, ચુસાયેલો ગોટલો વગેરે વિષયો પર કાવ્યો લખાવા લાગ્યાં. આ કાવ્યો અંગે ગાંધીયુગના પ્રમુખ કવિશ્રી 'ઉમાશંકર જોશીના જીવન-કવન'થી પરિચિત થશો.

## 3.2 પૂર્વભૂમિકા

આપ જાણો છો તે મુજબ દલપતરામની કવિતા 'બાપાની પીંપર'થી અર્વાચીન કવિતાનો પ્રારંભ થયો ગણાય. ગાંધીજી આફ્રિકાથી આવ્યા અને ગુજરાતી કવિતામાં નવોન્મેષોનો પ્રારંભ થયો. એટલે કે લગભગ 1920થી 1948ની ગાંધીયુગની કવિતાને અહીં તપાસીશું.

## 3.3 ગાંધીયુગ - ભૂમિકા અને પરિબળો

ગાંધીયુગ એ અર્વાચીન ગુજરાતનો જાગૃતિયુગ જ નથી, સુવર્ણયુગ પણ છે. એ યુગમાં ગુજરાતની માત્ર રાજકીય નહિ પણ સામાજિક, સાંસ્કૃતિક અને સાહિત્યિક ચેતના પણ સ્ફુરાયમાન થઈ. બ. ક. ઠા.નું મહત્ત્વનું કાર્ય એ યુગમાં થયું. સુન્દરમ્, ઉમાશંકર જેવા કવિઓ, મુનશી, રમણલાલ, પન્નાલાલ જેવા નવલકથાકારો, ધૂમકેતુ અને દ્વિરેફ જેવા નવલિકાલેખકો, રા. વિ. પાઠક અને વિષ્ણુપ્રસાદ ત્રિવેદી જેવા વિવેચકો, કાલેલકર જેવા ગદ્યશિલ્પી આપણને આ યુગમાં મળ્યા. ઉમાશંકર જોશી આ યુગના અગ્રણી કવિ છે. એટલે ગાંધીયુગની બધી જ પ્રધાનભાવનાઓ દીનજનવાત્સલ્ય અને સમાનતાવાદ, યુદ્ધવિરોધ અને વિશ્વબંધુત્વ - એમના પ્રથમ કાવ્યસંગ્રહ 'ગંગોત્રી'માં આલેખાઈ છે. વિદેશી શાસનની ધુરામાંથી મુક્ત થવા માટે ભારત જે પુરુષાર્થ કરી રહ્યું હતું તેને પરિણામે જ દષ્ટિલાભ થયો તે 'ગંગોત્રી'માં સાદ્યન્ત દેખાયા કરે છે. ઘરે ઘરે ગાંધી ને બારણે બારણે બુદ્ધને જગાડવા તે ઝંખે છે, તે પણ માત્ર ભારતને માટે નહિ પણ યુદ્ધોથી ત્રાસેલી સમગ્ર માનવજાત માટે. ઉમાશંકરનો રાષ્ટ્રવાદ ભારતની ચતુઃસીમાઓ પૂરતો મર્યાદિત નથી રહ્યો, માનવતાવાદ સુધી જ વિકસીને થંભી નથી ગયો, વિશ્વબંધુત્વવાદ સુધી વિસ્તર્યો છે. ઉમાશંકર પ્રેમના અને સૌંદર્યના ગાયક છે. એ પ્રેમ એટલે, અલબત્ત વ્યક્તિનિષ્ઠ પ્રેમ નહિ, સ્થૂલ આકર્ષણ કે આવેશ તો નહિ જ. ઉમાશંકર જોશી માંગલ્યના ગાયક છે. જીવનની વિષમતા એમને અજાણી નથી. આવા બહુવિધ પ્રતિભા ધરાવનાર અને વૈશ્વિક પ્રેમથી છલકાતા એવા કવિ શ્રી ઉમાશંકર જોશીનો વિશેષ પરિચય મેળવવો જોઈએ.

## 3.4 ઉમાશંકર જોશી - જીવન અને કવન

જન્મ : 19 જુલાઈ, 1911

મૃત્યુ : 19 ડિસેમ્બર,1988

ગુજરાતી શીલ, સંસ્કારિતા અને સર્જકતાના સર્વોત્તમ પ્રતિનિધિ કવિ શ્રી ઉમાશંકર જેઠાલાલ જોશીનો જન્મ ઈડર તાલુકાના બામણા ગામે 21 જુલાઈ, 1911ના રોજ થયો. પ્રાથમિક શિક્ષણ બામણાની સ્કૂલમાં, પછી દસ ધોરણ સુધી ઈડરમાં અને અમદાવાદની પ્રોપરાઈટરી સ્કૂલમાં મૅટ્રિક થયા. 1930 સુધી ગુજરાત કૉલેજમાં અભ્યાસ. 1930થી 34માં અભ્યાસ છોડીને સ્વાતંત્ર્ય ચળવળમાં સામેલ. 1931માં ગુજરાત વિદ્યાપીઠમાં જોડાયા. ત્યાં કાલેલકર અને કવિ સુંદરમ્‌નો પરિચય થયો. 1936માં અર્થશાસ્ત્ર સાથે બી.એ. થયા. 1939થી 1946 સુધી વિદ્યાસભામાં અધ્યાપક. 1940માં 'ગંગોત્રી' માટે રણજિતરામ સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયો. 1937માં શરૂ થયેલું દામ્પત્ય, 1964માં જ્યોત્સ્નાબહેનના અવસાન બાદ પડી ભાંગ્યું અને સમગ્રપણે સાહિત્યસાધનામાં જોડાયા. 1932થી 1988 સુધી સતત સર્જન. ગુજરાતી સાહિત્યનાં બધાં જ સ્વરૂપો - જેવાં કે ટૂંકી વાર્તા, નાટક, કવિતા, વિવેચન, પ્રવાસસાહિત્ય ખેડ્યાં, જેમાં કવિ ઉમાશંકર શિરમોર રહ્યા છે. તેમની પાસેથી નીચે મુજબ દસ કાવ્યસંગ્રહો મળ્યા છે. 'વિશ્વશાંતિ', 'ગંગોત્રી', 'નિશીથ', 'પ્રાચીના', 'આતિથ્ય', 'વસંતવર્ષા', 'મહાપ્રસ્થાન', 'અભિજ્ઞા', 'ધારાવસ્ત્ર', 'સપ્તપદી' ઈડરિયા ડુંગરના ઝરણેથી પ્રથમ પંક્તિ પંદર વર્ષના કિશોરને મળી 'જનતાતટે કુદરતપટે સૌંદર્યનિકેતન હતું' અને એમની છેલ્લી કવિતા ૨૩ ઑક્ટોબર, '88ની 'સાસણ ગીરમાં સિંહમય રાત્રી' આ બન્ને વચ્ચે 'વિશ્વશાંતિ' થી 'સપ્તપદી' સુધીની ઉમાશંકરની સમગ્ર કવિતાની યાત્રા એક ઉત્તમ કવિ તરીકે એમણે સ્થાપી આપે છે. તેમની કવિતાના વિષયોમાં વૈવિધ્ય રહ્યું છે. ગાંધીયુગીન ભાવનાઓને આવકાર છે. વિશેષ તો પ્રકૃતિ, પ્રણય, ચિંતન અને માનવતા તેમની કવિતામાં વિશેષભાવે નિરૂપાયાં છે. તરુણવયે કવિતામાં પદાર્પણ કરનાર કવિ વિશ્વશાંતિ લઈને આવે છે. સ્વભાવે વિશ્વનાગરિક હોવાથી માણસને ચાહ્યા વિના રહી શકતા નથી.

'સૌંદર્યોથી ઉરઝરણ ગાશે પછી આપમેળે' આમ આ પ્રકૃતિ - સંસ્કૃતિધર્મની સાધના દ્વારા કવિએ 'શીલભદ્ર સારસ્વતે' કાવ્ય માટેની સૌંદર્યદીક્ષા પ્રાપ્ત કરી. ઉમાશંકરને તેમની પૂર્વકાલીન, સમકાલીન તેમજ અનુકાલીન પેઢીઓનો સમાદર સાંપડ્યો અને તેઓ સમકાલીન તેમજ અનુકાલીન કવિપેઢીઓના પ્રેરક અને પ્રભાવક થઈ રહ્યા.

**'તમારી પ્રગતિ ચકાસો' - 2**

1. ઉમાશંકર જોશીના જીવનનો પરિચય આપો.
2. ઉમાશંકર જોશીની બહુવિધ સાહિત્યિક પ્રતિભાનો પરિચય આપો.
3. ઉમાશંકર જોશીની કવિપ્રતિભાનો પરિચય આપો.
4. ઉમાશંકર જોશીની કવિતાની વિશેષતાઓ વર્ણવો.
5. ઉમાશંકરની કવિતા 'વિશ્વશાંતિ'થી 'આત્મશાંતિ'માં પરિણમે છે - સમજાવો.

### અમૃત લઈ આવ્યો અવનિનું

રહ્યાં વર્ષો તેમાં હૃદયભર સૌંદર્યજગનું
ભલા પી લે, વ્હીલે મુખે કર રમે સાત ડગનું
કદી લાધે જે જે મધુર રચી લે સખ્ય અહીંયાં
નથી તારે માટે થઈ જ, નિરખી 'દુષ્ટ' દુનિયા
- અહો નાનારંગી અજબ દુનિયા ! શે સમજવી ?
તને ભોળા ભાવે કરું પલટવા, જાઉં પલટી,
અહંગર્તામાં હા પગ, ઉપરથી, જાય લપટી;
વિસારી હું ને જો વરતું, વરતે તું મધુરવી
મને આમંત્રે ઓ મૃદુલ તડકો, દક્ષિણ હવા
દિશાઓનાં હાસો, ગિરિવર તણાં શૃંગ ગરવાં,
નિશાખૂણે હૈયે શશિકિરણનો આસવ ઝમે,
જનોત્કર્ષે - હ્રાસે ગરમ ઋતલીલા અભિરમે
- બધો પી આકંઠ પ્રણયભુવનોને કહીશ હું;
મળ્યાં વર્ષો તેમાં અમૃત લઈ આવ્યો અવનિનું.

- ઉમાશંકર જોશી

## 3.5 'અમૃત લઈ આવ્યો અવનિનું' - આસ્વાદ

બ. ક. ઠા.નું 'ભણકારા' આપણા સાહિત્યનું પ્રથમ સૉનેટ. ગાંધીયુગનો ભાગ્યે જ કોઈ કવિ એવો હશે જેણે એકાદ પણ સૉનેટ ન રચ્યું હોય. ઉમાશંકરના કાવ્યોદ્યાનમાં અનેક સૉનેટકુસુમો પાંગર્યાં છે. પોતાને અભિવ્યક્ત કરતા કવિની પ્રથમ રચના પણ સૉનેટ છે, એમની સૉનેટસર્જનની પ્રવૃત્તિ 1928થી 1979 સુધી સતત ચાલુ રહી છે. એમનાં મોટા ભાગનાં સૉનેટ પેટ્રાર્કશાઈ અને શેક્સપિયરશાઈ ઢાંચામાં ઢળેલાં છે. થોડાં મિલ્ટનશાઈ સૉનેટો પણ મળે છે. તેમની રચનાઓમાં 'સ્વ'થી 'સર્વ' સુધીનો, સ્થૂળથી સૂક્ષ્મ સુધીનો, ભૌતિકથી આધ્યાત્મિક સુધીનો વિકાસતંતુ જોવા મળે છે.

'વ્યક્તિ મટીને બનું વિશ્વમાનવી
માથે ધરું ધૂળ વસુન્ધરાની.'

1963માં લખાયેલા સૉનેટ 'ભલે શૃંગો ઊંચાં'માં વ્યક્ત થયેલી

'ભલે શૃંગો ઊંચાં, અવનિતલ વાસો મુજ રહો !
વાત જરા ઘૂંટાઈને 'રહ્યાં વર્ષો તેમાં'...
'-બધો પી આકંઠ પ્રણયભુવનોને કહીશ હું;
મળ્યાં વર્ષો તેમાં અમૃત લઈ આવ્યો અવનિનું.'

માં ઓળખાઈ છે. અવનિના અમૃતના-માનવના અમૃતના તેઓ આશિક છે.

'ગયાં વર્ષો -' અને 'રહ્યાં વર્ષો તેમાં -' ઉમાશંકર જોશીના એમની જન્મતિથિએ એક જ દિવસે લખાયેલાં બે સૉનેટ છે. આ બે સૉનેટને કવિએ 'અડધે રસ્તે કાઢેલા જીવનના સરવૈયારૂપ સૉનેટ' તરીકે ઓળખાવ્યાં છે. આ સૉનેટોમાં ગયેલા સમયનું મૂલ્યાંકન અને રહેલા સમય અંગેનો સંકલ્પ છે. જીવનમાં પસાર થતું જીવન વહી ગયા પછી જ ખબર પડે છે, ત્યારે ઘણું મોડું થયું હોય છે. કવિને તો વિશ્વ સમસ્તમાં અમૃત છે તે જ લેવું

છે. નાનકડા સૉનેટમાં જીવનનું ચિંતન દર્શાવી દીધું છે. શબ્દના ઉપાસકે થોડામાં ઘણું-નું સામર્થ્ય દાખવ્યું છે. અહંકાર અળગો કરીને મૈત્રીને ઓળે બેસી સકામ કંઈ પણ પામવાનું છે. પ્રણયને ખપમાં લઈ કવિ દુષ્ટ દુનિયાનું કવચ શોધે છે.

'અહંગર્તામાં હા પગ, ઉપરથી જાય લપટી !
વિસારી હું ને જો વરતું, વરતે તું મધુરવી'

અહં ગાળ્યા પછી આખું વિશ્વ કવિમાં સમાય છે. પેટ્રાર્કશાઈ આ સૉનેટના અષ્ટકમાં કવિએ બાકી રહેલાં વર્ષોમાં સૌંદર્યનું પાન કરી, માણસો સાથે સખ્ય રચી વિશ્વની બધી મધુરતાનું પાન કરવાની વાત કરી છે. ષટકમાં વિવરણ છે. મૃદુલ તડકો, દક્ષિણ હવા, દિશાઓનાં હાસ્ય, પર્વત-શિખરો, ચાંદની રાત - આ જડ તત્ત્વો નથી - ચૈતન્યથી સભર તત્ત્વો છે. પ્રકૃતિતત્ત્વો માનવીને પ્રસન્નતા બક્ષી જીવનને ચિંતાનાત્મક અભિગમથી જીવવાની દિશા સૂચવે છે. દિવસથી રાત્રિના ગહન પ્રદેશ જ્યાં

'નિશાખૂણે હૈયે શશિકિરણનો આસવ ઝમે'

પ્રકૃતિથી માનવ એ યાત્રાને અંતે અમૃત એટલે કે પ્રેમ જે પૃથ્વી ઉપર છે, સ્વર્ગમાં નથી. પ્રત્યેક મનુષ્ય તેનું પાન કરી શકે છે. તેનું આકંઠ પાન કરનાર મનુષ્યનું જીવન સાર્થક છે. અહીં કવિએ અષ્ટકમાં માંડણી અને ષટ્કમાં ભાવપલટો અને છેલ્લે ચોટ સાધી છે. બાર પંક્તિનો સળંગ પ્રાસ છેલ્લી પંક્તિઓમાં નથી શિખરિણી છંદની પસંદગી પણ ભાવને અનુરૂપ છે.

'બધો પી આકંઠ પ્રણયભુવનોને કહીશ હું;
મળ્યાં વર્ષો તેમાં અમૃત લઈ આવ્યો અવનિનું'

કદાચ અહીં આકંઠ પ્રણય તે અમૃત નથી પણ ત્યાર પછી જન્મતી કવિતા તે અમૃત છે. અહીં અવનિના અમૃતનું માહાત્મ્ય છે. આકંઠ પ્રણય....માં કવિકૌશલ સ્પષ્ટ દેખાય છે. પોતાની ભૂમિકાએથી તેમણે ઉપાધિ અને સમાધિ શબ્દ અને મૌન સ્થૂળજગત અને ઈશાવાસ્યમિદં સર્વમ્ જેવાં સામસામે છેડે ઊભેલાં સ્થાનો નિહાળ્યાં હતાં. જીવનના અને જગતના સમવિષમ અનુભવોમાંથી કેવળ અમૃતની પોટલી બાંધી જવાની ઝંખના વ્યક્ત કરતાં કવિ છેલ્લે કહે છે :

'મળ્યાં વર્ષો તેમાં અમૃત લઈ આવ્યો અવનિનું.'

## 3.6 સારાંશ

— ગુજરાતી સાહિત્યની રૂપરેખાના અભ્યાક્રમ અનુસાર અર્વાચીન ગુજરાતી સાહિત્યવિષયક ખંડના ગાંધીયુગના ચોથા વિભાગનો આ પ્રથમ એકમ છે. જેમાં ગાંધીયુગનાં લક્ષણો, તેની ભૂમિકા, પરિબળો, ગાંધીયુગની કવિતાનો ખ્યાલ મેળવ્યો.
— ઉમાશંકર ગાંધીયુગના પ્રમુખ કવિ.
— તેમની કવિતામાં વિષય, સ્વરૂપ, ગીત, છંદ, પ્રકારો બધી દૃષ્ટિએ નવોન્મેષ
— કવિના જીવન-કવનનો પરિચય
— 'અમૃત લઈ આવ્યો અવનિનું' - આસ્વાદ - સ્વરૂપ દૃષ્ટિએ

## 3.7 કેટલાંક ઉપયોગી પુસ્તકો


1. *ઉમાશંકર જોશી* - મનસુખલાલ ઝવેરી
2. *કવિનો શબ્દ* - સુરેશ દલાલ (સંપાદક)
3. *સમગ્ર કવિતા* - ઉમાશંકર જોશી
4. *યુગદ્રષ્ટા ઉમાશંકર* - સંપા. ચંદ્રકાન્ત શેઠ/રઘુવીર ચૌધરી
5. *'ગયાં વર્ષો-રહ્યાં વર્ષો તેમાં-'* - રમણલાલ જોશી, 'શબ્દસેતુ' પ્રકા. વોરા ઍન્ડ કં.

## 3.8 ચાવીરૂપ શબ્દો (Key Words)

વિશ્વૈક્ય - સમગ્ર વિશ્વની એકતા
રાષ્ટ્રવાદ - રાષ્ટ્રભાવના - દેશહિત
પૂર્વકાલીન - પહેલાંના સમયના
સમકાલીન - તે (વર્તમાન) સમયના
અનુકાલીન - પાછળના સમયના
પ્રભાવક - પ્રભાવ પાડનાર

## 3.9 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**'તમારી પ્રગતિ ચકાસો' - 1**

1. જુઓ 1.1નો પ્રથમ પરિચ્છેદ.
2. જુઓ 1.3નો પ્રથમ પરિચ્છેદ.
3. જુઓ 1.3નો પ્રથમ પરિચ્છેદ.
4. જુઓ 1.3નો પ્રથમ પરિચ્છેદ.
5. જુઓ 1.3નો પ્રથમ પરિચ્છેદ.

**'તમારી પ્રગતિ ચકાસો' - 2**

1. જુઓ 1.4નો પ્રથમ પરિચ્છેદ.
2. જુઓ 1.4નો બીજો પરિચ્છેદ.
3. જુઓ 1.4નો ત્રીજો પરિચ્છેદ.
4. જુઓ 1.4નો બીજો પરિચ્છેદ.
5. જુઓ 1.4ના બીજા પરિચ્છેદનો અંત.

# એકમ 4 'ગઈ ભલે' - સુંદરમ્

## રૂપરેખા

4.1 ઉદ્દેશો
4.2 પ્રસ્તાવના
4.3 કૃતિ
4.4 ક્રિયાત્મક સઘન અધ્યયન
   ખણ્ડ : 1
   ખણ્ડ : 2
   ખણ્ડ : 3
   ખણ્ડ : 4
4.5 સારાંશ
4.6 કેટલાંક ઉપયોગી પુસ્તકો
4.7 ચાવીરૂપ શબ્દો
4.8 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

## 4.1 ઉદ્દેશો

આ એકમના અભ્યાસ દ્વારા તમે -

- આ સૉનેટમાં નિરૂપિત પ્રણયવિભાવનાની માહિતી મેળવશો.
- સુન્દરમ્‌ની પ્રણયસંવેદના કેવી ઉત્કટ છે એની ખ્યાલ મેળવશો.
- સૉનેટપ્રકારની વિલક્ષણતા જાણશો.
- કવિશ્રી સુન્દરમ્‌ની સૉનેટકલાથી પરિચિત થશો.
- કાવ્યમાંનાં છંદ, અલંકાર, ભાષાસંયોજનાથી પરિચિત થશો.

## 4.2 પ્રસ્તાવના

પ્રણય કવિતા માટેનો સનાતન વિષય છે. વેણીભાઈ પુરોહિતે પણ 'ગીત ગાવું તો પ્રેમનું ગાવું' એવું કહ્યું છે. મીરાં પણ પોતાની જાત માટે 'એ રી મૈં તો પ્રેમદીવાની' કહે છે. સંસ્કૃત સાહિત્યમાં શૃંગારને 'રસરાજ' કહેવાયો છે. શૃંગારના બે પ્રકાર છે : સમ્ભોગ શૃંગાર અને વિપ્રલમ્ભ શૃંગાર. વિયોગની કવિતા સાચે જ વિશેષ સંવેદનતીવ્ર હોય છે. પ્રસ્તુત કાવ્યમાં પણ કવિ શ્રી સુન્દરમે વિયોગની અનુભૂતિને સંવેદનની તીવ્રતા સાથે આલેખી છે. વિપ્રલમ્ભ શૃંગારનું આ એક નોંધપાત્ર સૉનેટ છે.

## 4.3 કૃતિ

### ગઈ ભલે

સરોવરતટે તદા અજબ સાન્ધ્ય રંગો તણી
કમાનશિખરે ચઢ્યાં નયન આપણાં જોડમાં,
અને ઉચરિયાં 'અહા !' ઉભય સાથમાં આપણે :
પ્રવી સરખી કાં ગિસ ભટકતાં અજાણ્યાં તણી ?

અને ઘડીક એકમેક નિરખી રહ્યાં આપણે,
હઠાવી દગ તેં લીધાં, હું દગ ઢાળી ચિંતી રહ્યો :
'અહો; ઊજવી સાથમાં ક્ષણિક સાંજ તેવી જ જો
ઉજાવી શકીએ કદી ઉભય જિન્દગી સાંજ, તો -'

વળ્યાં કદમ તાહરાં, કદમ માહરાં યે વળ્યાં,
અને હૃદયની નિશીથમહીં શોચતો પ્રાર્થું હું :
ગઈ ! ગઈ ભલે, અને સકળ સાર જીવ્યા તણો
લઈ જ ગઈ સાથ, તોય કરતી જજે આટલું :

મૂક્યું મિલનનું ભલે સ્મરણ ના, જજે મૂકી તો
ચિરન્તન વિદાયના સ્મરણહીન ઝંકાર કો.

- સુન્દરમ્

## 4.4 ક્રિયાત્મક સઘન અધ્યયન

અભ્યાસની સરળતા ખાતર આ સૉનેટને આપણે ચાર ખણ્ડોમાં વહેંચી નાખીશું. ચાર પંક્તિઓના એક-એક ખણ્ડકમાં કવિએ પોતાની અનુભૂતિનો વિસ્તાર કરી છેવટની બે પંક્તિઓમાં એનું સમાપન કર્યું છે. આથી ત્રણ ચતુષ્કના ત્રણ અને એક યુગ્મનો એક એમ કુલ ચાર ખણ્ડોમાં આ કાવ્યને વિભક્ત કરીને સમજીશું.

**ખણ્ડ : 1**

સુરમ્ય સરોવરનો કિનારો છે, આકાશમાં સલૂણી સન્ધ્યાની રંગપ્રપૂર્ણ કમાન વિસ્તરી છે અને એ સૌન્દર્ય નિહાળતાં નિહાળતાં કાવ્યનાયક અને નાયિકાથી એકસાથે જ મુગ્ધતાપૂર્ણ 'અહો' ઉદ્ગાર થઈ જાય છે. બન્ને પરસ્પરને માટે અજાણ્યાં છે. પરન્તુ પ્રકૃતિનું આ સૌન્દર્ય બન્નેને એકસરખું, એકસાથે વશીભૂત કરે છે. કાવ્યનાયકને આ અકસ્માતનું આશ્ચર્ય થાય છે કે આમ બન્નેના મુખમાંથી એકસરખી જ વાણી શા માટે નીસરી ! શું કશોક દૈવી સંકેત હશે મોંમાં ? આ સૌન્દર્યાનુભૂતિએ બન્ને વચ્ચે જાણે કે કશુંક અગમ્ય, અકથ્ય આકર્ષણ ઊભું કરી દીધું. વિશેષે તો નાયકના ચિત્તમાં આ આકર્ષણનો પ્રભાવ વધારે છે. પૃથ્વી છન્દની પ્રથમ ચાર પંક્તિઓમાં આવી ભાવપરિસ્થિતિનું ઉઘાડલક્ષી નિરૂપણ કવિએ કર્યું છે. અહીં માત્ર પ્રથમ અને ચતુર્થ પંક્તિઓના જ પ્રાસ મળે છે. બીજી અને ત્રીજી પંક્તિને કવિએ પ્રાસમુક્ત રાખી છે અને એમ પ્રાસની દૃષ્ટિએ એમણે અનિયમિત એટલે કે મિલ્ટોનિક પ્રકારને અનુસરવાનું પસંદ કર્યું છે.

**ખણ્ડ : 2**

પ્રથમ ખણ્ડકમાં પ્રકૃતિદર્શનથી વિસ્મિત બનેલાં નાયક-નાયિકા આ દ્વિતીય ખણ્ડકમાં હવે પરસ્પરને નીરખવા માંડે છે. આ નયનમૈત્રક ક્ષણ-બે-ક્ષણ ટક્યું-ન ટક્યું ને બન્ને નજરો ઢાળી દે છે. નાયકના ચિત્તમાં એવો ભાવ થાય છે કે, આ જે ક્ષણ થોડી વાર માટે પ્રાપ્ત થઈ એ જિન્દગીની સાંજ સુધી, આયુષ્યભર ટકતો કેટલું સારું ! કવિ હવે પ્રકૃતિના બિન-અંગત અનુભવવર્ણનમાંથી ક્રમશઃ અંગત અનુભૂતિના નિરૂપણ પ્રતિ ગતિ કરે છે. ઊર્મિકાવ્યમાં હમેશાં આવી અંગતતાને પ્રગટ થવાનો અવકાશ રહેતો હોય છે અને આથી જ સૉનેટને ઊર્મિકાવ્યનો એક પ્રકાર ગણવામાં આવ્યું છે. પ્રસ્તુત ખણ્ડક આમ કાવ્યનાયકની અંગત સંવેદનાને પ્રગટ કરે છે. અહીં બીજી, ત્રીજી અને ચોથી પંક્તિ વચ્ચે પ્રાસ સચવાયો છે.

**ખણ્ડ : 3**

કાવ્યનાયકની કાવ્યનાયિકા સાથે ચિરકાલીન સંગ કરવાની ઇચ્છા સાકાર થાય એ પૂર્વે તો બન્ને છૂટાં પણ પડી ગયાં. કવિએ 'વળ્યાં કદમ તાહરાં, કદમ માહરાં યે વળ્યાં' પંક્તિ દ્વારા અત્યન્ત સંક્ષેપમાં આ દૂરતા ઉપસાવી આપી છે. આ ક્ષણિક, આકસ્મિક મિલન જ હતું અને નાયિકાના ચિત્તમાં તો કદાચ નાયક માટે આવો ભાવ જાગ્યો પણ નહીં હોય. કવિએ કેવળ નાયકચિત્તનાં સંચલનો જ દર્શાવ્યાં છે. નાયિકાથી છૂટા પડ્યા બાદ હૃદયમાં અન્ધકાર છવાઈ જાય છે અને એ અંધકારમય રાત્રિમાં કાવ્યનાયક માત્ર એક જ ઉચ્ચાર કરી શકે છે : 'ગઈ !' પણ તુરત જ એમનું ચિત્ત સમાધાન શોધી લે છે અને વળતો ઉચ્ચાર કરે છે કે, 'ગઈ ભલે'. નાયિકા કેવળ ખાલી હાથે નથી ગઈ, પરન્તુ નાયકના જીવનનું સઘળું છીનવી ગઈ છે. એનો પણ નાયકને કશો રંજ નથી. નાયકનો પ્રેમભાવ એને સમુદાર બનાવે છે. એ જતી (રહેલી) નાયિકાને આજીજી, વિનુવણી કરે છે કે તું

જતાં જતાં મારા માટે એક નાની શી કૃપા પણ કરતી જજે. નાયક જાણે કે પોતાનો બધો અધિકારભાવ ત્યાગી દે છે. એમને નાયિકા સાથેના સ્થૂળ મિલનમાં, દૈહિક મિલનમાં રસ નથી અને આથી જ એમની માગણીનું સ્વરૂપ જુદું છે. અહીં બીજી અને ચોથી પંક્તિનો પ્રાસ સચવાયો છે.

**ખણ્ડ : 4**

કાવ્યનું આ અંતિમ ચરણ છે. એમાં ચોટ સાથેનો વળાંક છે. શેક્સપિયરીઅન સૉનેટની શિસ્ત આ યુગ્મક પૂરતી તો કવિએ બખૂબીથી નિભાવી છે. કાવ્યનાયકના ચિત્તનો પ્રણય-વિસ્તાર આ પંક્તિઓમાં સરસ રીતે પ્રગટ થયો છે. કવિ અધિકારમાં નહીં પણ ત્યાગમાં પ્રેમનો મહિમા છે એ પ્રગટ કરે છે. આથી જ એ મિલનના સ્મરણ 'કરતાં' વિદાયના 'ઝંકાર'ને વિશેષ મૂલ્ય આપે છે. આ સ્મરણ નાયકચિત્તમાંથી કદાપિ વિલુપ્ત ન થાય એવી એની ઝંખના છે. ઝંખના જ ચિરન્તન રહે તો યે એમાંથી એમને પ્રણયાનંદ પ્રાપ્ત થશે. આ સંવેદનામાં સ્થૂળ દેહલાલસા કે મિલનસુખની અપેક્ષા નથી પણ નિરપેક્ષ સાત્ત્વિક સ્નેહની અભીપ્સા છે. કાવ્યનાયકનો પ્રણયભાવ આમ ઉચ્ચ કોટિનો છે, એમાં વિશુદ્ધિ છે, એની પ્રતીતિ આ છેવટની બે પંક્તિઓ કરાવે છે. અહીં બન્ને પંક્તિઓ વચ્ચે પ્રાસ સચવાયેલો છે.

**'તમારી પ્રગતિ ચકાસો' - 1**

નીચેના પ્રશ્નોના જવાબો આપો :

1. કાવ્યનાયક અને નાયિકા કયા સંજોગોમાં ભેગાં થઈ જાય છે ?
2. કાવ્યનાયિકાને નિરખતાં કાવ્યનાયકના ચિત્તમાં કેવી ઇચ્છા આકાર લે છે ?
3. આ મુલાકાતનું પરિણામ કેવું આવે છે ? મુલાકાતને અન્તે કાવ્યનાયકના મનમાં કયા વિચારો આવે છે ?
4. કવિ નાયિકા પાસે, કાવ્યાન્તે, કઈ અપેક્ષા વ્યક્ત કરે છે ?

**'તમારી પ્રગતિ ચકાસો' - 2**

1. કાવ્યમાં સૉનેટનો કયો પ્રકાર છે ?
2. પ્રાસયોજનામાં કયા કાવ્યપ્રકારની શિસ્ત કવિએ અપનાવી છે ?
3. કાવ્યનો છન્દ કયો છે ?
4. કાવ્યમાં નિરૂપિત સંવેદના પુરુષના ભાવોને પ્રગટ કરે છે કે સ્ત્રીના ?

## 4.5 સારાંશ

પ્રકૃતિસૌન્દર્ય નિરખતાં નિરખતાં કાવ્યનાયક અને નાયિકા એકસાથે જ પ્રસન્નતા અનુભવતા ઉદ્‌ગારો કરી બેસે છે. એ પછી અન્યોન્યને નિરખ્યા કરે છે અને આ ક્ષણિક સંગ ચિરકાલીન બની રહે તો કેવું સારું એવું નાયક વિચારે છે, પરન્તુ વાસ્તવ તદ્દન વિપરીત છે. બન્ને છૂટાં પડી જાય છે. કાવ્યનાયક એને દૂર રહ્યો રહ્યો પ્રાર્થે છે કે મિલનનું સ્મરણ ભલે એ મૂકી નથી ગઈ પરન્તુ વિદાયનું કોઈ સ્મૃતિચિહ્ન અચૂક અંકિત કરી જાય, જેથી એની ચિરકાલીન સ્મૃતિ ટકી રહે.

## 4.6 કેટલાંક ઉપયોગી પુસ્તકો

'કોયા ભગતની કડવી વાણી', 'વસુધા',' કાવ્યમંગલા', 'યાત્રા', 'વરદા', 'અભીપ્સા' આદિ સુન્દરમ્‌ના કાવ્યસંગ્રહો જોઈ જાઓ. આ ઉપરાન્ત સુન્દરમ્‌ની પ્રતિભાનું મૂલ્યાંકન કરતા 'તપોવન' (સં. સુરેશ દલાલ) અને 'સુન્દરમ્ : વ્યક્તિ અને સર્જક' (સં. મફત ઓઝા, સુધા પંડ્યા) તથા 'સુન્દરમ્ એટલે સુન્દર' (સં. રામજીભાઈ કડિયા) ગ્રન્થોનો અભ્યાસ કરો.

## 4.7 ચાવીરૂપ શબ્દો (Key Words)

વિપ્રલમ્ભ - વિયોગ
તટે - કિનારે
સાન્ધ્ય - સન્ધ્યાના
ઉભય - બન્ને
સ્રવી - નીકળી
ગિરા - વાણી
દ્રગ - નજર
નિશીથ - રાત્રિ
સલૂણી - સુન્દર
પ્રપૂર્ણ - ભરપૂર
દ્વિતીય - બીજું,
નયનમૈત્રક - આંખો વડે થતી મૈત્રી
બિનંગત - અંગત નહીં એવું
સમુદાર - સરખી રીતે ઉદાર
સ્થૂળ - ભૌતિક

## 4.8 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

(1) 1. જુઓ ખણ્ડ : 1
2. જુઓ ખણ્ડ : 2
3. જુઓ ખણ્ડ : 3
4. જુઓ ખણ્ડ : 4

(2) શેક્સપિયરીઅન, મિલ્ટોનિક, પૃથ્વી, પુરુષના ભાવો.

# એકમ 5 'આધુનિક અરણ્ય' - નિરંજન ભગત

રૂપરેખા

5.0 ઉદ્દેશો
5.1 પ્રસ્તાવના
5.2 પૂર્વભૂમિકા
5.3 અનુગાંધીયુગ : ભૂમિકા - પરિબળો
5.4 નિરંજન ભગત : જીવન અને કવન
5.5 'આધુનિક અરણ્ય' - આસ્વાદ
5.6 સારાંશ
5.7 કેટલાંક ઉપયોગી પુસ્તકો
5.8 ચાવીરૂપ શબ્દો
5.9 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

## 5.0 ઉદ્દેશો

આ એકમ 'રાજેન્દ્ર - નિરંજન યુગ'ની કવિતાનો પહેલો એકમ છે. આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે

- 'રાજેન્દ્ર - નિરંજનયુગ'થી - અનુગાંધીયુગથી પરિચિત થશો.
- 'રાજેન્દ્ર નિરંજનયુગ'ની ભૂમિકા - કવિતા - પરિબળોથી પરિચિત થશો.
- નિરંજન ભગતના જીવન-કવનથી પરિચિત થશો.

## 5.1 પ્રસ્તાવના

ગુજરાતી સાહિત્યના અભ્યાસક્રમમાં તમે અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં નર્મદયુગ, પંડિતયુગ અને ગાંધીયુગના સાહિત્યથી વાકેફ થયા છો, હવે 1942 પછીના સાહિત્યનો અભ્યાસ કરીશું. પુરોગામી સાહિત્ય કરતાં ઘણી બાબતોમાં નવોન્મેષોનો અનુભવ કરાવતું આ સાહિત્ય પશ્ચિમ સાહિત્યના સંપર્કથી વધુ વિસ્તાર પામ્યું છે. વિષય-નિરૂપણમાં નવી ક્ષિતિજો વિસ્તારી છે. વૈશ્વિક પ્રવાહોથી સાહિત્યકાર પરિચિત થતો રહ્યો છે. ગ્રામીણ સંસ્કૃતિથી શહેરી સંસ્કૃતિ તરફની આંધળી દોટ - અને નગરમાં ખોવાયેલા માનવ અને માનવતાની શોધ તેને નગરકવિતાના વિશ્વમાં ખેંચી જાય છે. આ એકમમાં રાજેન્દ્ર -નિરંજનયુગનાં પરિબળો, તેમની કવિતા અને તે અંગે વિશેષ પ્રદાનકર્તા કવિશ્રી નિરંજન ભગતના જીવન-કવનથી પરિચિત થશો અને સ્વાધ્યાયના ઉત્તરો આપી શકશો.

## 5.2 પૂર્વભૂમિકા

અગાઉ અભ્યાસમાં જોયા અનુસાર આપ જાણો છો કે 'બાપાની પીંપર' દલપતરામથી અર્વાચીન કવિતાનો પ્રારંભ ગણાય - પણ નર્મદથી શુદ્ધ અર્વાચીનતાનો પ્રારંભ વિવેચકોએ સ્વીકારેલો છે. ગુજરાતી સાહિત્યમાં

નર્મદયુગ - 1845થી 1885
પંડિતયુગ - 1885થી 1920
ગાંધીયુગ - 1920થી 1948

લગભગ 1940થી ગુજરાતી સાહિત્યમાં ભારતીય સાહિત્ય અને પાશ્ચાત્ય સાહિત્યના ભણકારા વિશેષ સંભળાયા જેને આપણે અનુ-ગાંધીયુગ કે રાજેન્દ્ર-નિરંજનયુગથી ઓળખીશું.

## 5.3 અનુગાંધીયુગ : ભૂમિકા - પરિબળો

ગુજરાતી સાહિત્યમાં નર્મદયુગ, પંડિતયુગ અને ગાંધીયુગથી આપ પરિચિત રહ્યા છો. હવે અનુગાંધીયુગ જેમાં સાહિત્યસર્જનક્ષેત્રે ઘણાંબધાં પરિબળો પ્રભાવક નીવડ્યાં. જેમ કે, રાજકીય-સ્વાતંત્ર્ય ચળવળ, સામાજિક-નગરચેતના એટલે તત્કાલીન સાહિત્યમાં વસ્તુ, નિરૂપણ, અભિવ્યક્તિ બાબતે વિલક્ષણતાઓ જોવા મળે છે, જેને ધ્યાનમાં લઈને અનુગાંધીયુગને શ્રી ઉશનસ્ તેમના 'નૂતન કવિતાની નાન્દી' નામના લેખમાં 'રાજેન્દ્ર-નિરંજનયુગ' એવું નામ આપતાં લખે છે : "આમ ગુજરાતી કવિતા વળી પાછી રાજેન્દ્ર-નિરંજનને ખભે ચડીને ચાલે છે કહેવો હોય તો આ રાજેન્દ્ર-નિરંજનયુગ છે." શ્રી ભોળાભાઈ પટેલે પણ આ યુગને રાજેન્દ્ર-નિરજંનયુગ તરીકે ઓળખાવ્યો છે (અધુના પૃ. 51-52). ટૂંકમાં, હવે અનુગાંધીયુગ વધારે ને વધારે 'રાજેન્દ્ર -નિરંજનયુગ'થી ઓળખાવા લાગે છે, કારણ આ સમયગાળાના સર્જનમાં આ બને પ્રધાન કવિઓએ ઘણો મોટો ફાળો નોંધાવેલો છે.

આમ તો અનુગાંધીયુગની શરૂઆત 'બારીબહાર'માં જોઈ શકાય છે, જેમાં ગાંધીયુગ કરતાં કવિતા સૌંદર્યાભિમુખ વધારે બની છે. સૌંદર્યાભિમુખતાને લીધે આ યુગની કવિતા કૌતુકરાગી બની છે. સાથે ને સાથે રાજેન્દ્ર-નિરંજનયુગની કવિતામાં સમાજભિમુખતાના અંશો પણ વધે છે. કોઈ પણ સર્જક તે તે યુગનો ગુલામ હોય છે. પોતાની આસપાસનાં વૈશ્વિક પ્રવાહોથી અને ઘટતી ઘટનાઓથી મુક્ત રહી શકે નહીં. દેશ અને દુનિયાનું ચિત્ર બીજા વિશ્વયુદ્ધને લીધે ડામાડોળ હતું. પ્રશ્નોની વચ્ચે સબડતો માનવી સર્જનમાં શું બાદબાકી કરી શકે ? એટલે જ કદાચ આ બન્ને કવિઓ પર વિશેષ પશ્ચિમ અને બંગાળની અસર જોવા મળે છે. રાજેન્દ્ર-નિરંજન પહેલાં હરિશ્ચંદ્ર અને પ્રહ્લાદે સૌંદર્યાભિમુખ કવિતાનો પાયો મજબૂત કરી દીધો છે. સમાજાભિમુખતા ભળતાં પશ્ચિમ અને બંગાળી અસર પ્રમાણમાં અનુગામી નિરંજન ભગતમાં વિશેષ દેખાય છે. ઉપરાંત, પશ્ચિમના કવિઓ જહૉન ડન, ટી. એસ. એલિયટ, એઝરા પાઉન્ડનો પ્રભાવ પણ નોંધનીય છે. સમગ્ર યુગનિર્માણમાં જેમનો ફાળો છે તેવા શ્રી નિરંજન ભગતનો વિશેષ પરિચય મેળવવો જોઈએ. તેમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'છંદોલય' છે.

**'તમારી પ્રગતિ ચકાસો' - 1**

1. યુગવિભાજનનું આધારભૂત પરિબળ કયું છે ?
2. અનુગાંધીયુગને બીજા કયા નામે કોણે ઓળખાવ્યો ?
3. નિરંજન ભગતનો પ્રથમ કાવ્યસંગ્રહ કયો ?
4. 'રાજેન્દ્ર-નિરંજનયુગ'માં સમાજાભિમુખતાનાં પ્રેરક પરિબળો કયાં ?
5. રાજેન્દ્ર-નિરંજનયુગની કવિતા પર અન્ય કઈ ભાષા અને કવિની અસર છે ?
6. નર્મદયુગ, ગોવર્ધનયુગ (પંડિત), ગાંધીયુગની સમયમર્યાદા દર્શાવો.

## 5.4 નિરંજન ભગત : જીવન અને કવન

જન્મ - 1926 પ્રથમ સંગ્રહ : 1949 'છંદોલય'

અમદાવાદ, ખાડિયાની લાખા પટેલની પોળમાં 1926માં જન્મ (જેનું તેમને ગૌરવ "હું એક ઔદ્યોગિક નગરનું સંતાન છું."), આસપાસ નરસિંહરાવ, આનંદશંકર જેવાં નાગર કુટુંબોનું વાતાવરણ. રહેઠાણ કાલુપુરમાં. બાજુમાં જ વૈષ્ણવમંદિર અને ઘરમાં ભક્તિના વાતાવરણે તેમનામાં સંસ્કારસીંચન શિક્ષણ અમદાવાદમાં જ. 1948માં ગ્રેજ્યુંએટ. વ્યવસાયે અંગ્રેજી વિષયના અધ્યાપક, તેમના જીવન અને કવન પર બ. ક. ઠા, રવીન્દ્રનાથ, ટી.એસ. એલિયટની પ્રબળ અસર છે. વાચનની ભૂખ અવિરત - સત્તર વર્ષે તો કાવ્યસર્જન. સ્વાભાવિકપણે યુવાનીની કવિતામાં પ્રણય-સ્વપ્નકલ્પના ભરપૂર હોય જ. 1943થી 1957 સુધી સતત કાવ્ય-પ્રવૃત્તિ ચાલે છે. 1957માં 'છંદોલય' સંગ્રહ મળે છે, જેમાં 'છંદોલય', 'કિન્નરી', અને 'અલ્પવિરામ'માંથી ચૂંટેલાં પ્રતિનિધિ કાવ્યો છે. 1958માં પ્રકાશિત '33 કાવ્યો'માં 'પ્રવાલદ્વીપ'

પછીની બદલાયેલી કાવ્યપ્રવૃત્તિનું પ્રતિબિંબ છે.

તેમણે પોતે જ પોતાની કવિતાને યોગ્ય રીતે જ બે વિભાગમાં વહેંચી છે : (1) 1943થી 1948 રોમૅન્ટિક કવિતા અને (2) 1948થી 1958 આધુનિક કવિતા.

કાવ્યસર્જન પ્રારંભનો રોમૅન્ટિક કવિ છેવટે નગરસંસ્કૃતિની વિનાશકતાને સ્વીકારી માનવ-સંબંધોની શાશ્વતતા સુધીની યાત્રા કરાવે છે. તેમની રચનાની પ્રથમ પંક્તિ

'મારી પાંપણને પલકારે
હો રાજ ! મેં તો દીઠું'તું સોણલું.'

ત્યાર પછી એ જ વર્ષે 'હૃદયની ઋતુઓ' સ્વચ્છ શિખરિણી અને સૉનેટ સ્વરૂપે એક ધસમતો કવિ-અવાજ આવે છે.

'છકેલી ફાલ્ગુની છલબલ છટા શી પૃથિવીની !
દિશાઓ મૂકીને મન ખિલખિલાટે મલકતી...

અને પછી વર્ષાની વાત કરતાં લય તૂટક બને છે, જેમ કે-

'અને પેલી વર્ષા, ઝરમર નહીં, ધોધ વરસી
બધી સીમા લોપે...' વગેરે.

પ્રેમ અને પ્રકૃતિ અવિરત કાવ્યોમાં વહે છે. શરૂઆતમાં રોમૅન્ટિક કવિ, પછી ઉત્સાહ, ઉન્માદ, પછી વિફળતા, ઉપેક્ષા અને ઉદાસીનતા એમ કાવ્યપ્રવાહ ચઢાવ-ઉતારમાં વહે છે, જેમ કે - 'એકલો'માં

કોને કહું ? છું એકલો !
રૂપની રંગત બધી જોઈ રહું છું એકલો
સ્નેહની આ સ્વપ્નલીલા હું લહું છું એકલો
આભ જેવા આભનો રે ભાર વહું છું એકલો !

હવે પરિસ્થિતિ અને વાસ્તવનો સ્વીકાર તેમની કવિતામાં ભળે છે -

ક્ષણ હસવું, ક્ષણ રડવું,
પૃથ્વી વિણ ક્યાં જડવું ?

તેમની પ્રિયા, પ્રકૃતિ અને પ્રેમ વિશેની રોમૅન્ટિક કવિતા મોટે ભાગે સૉનેટ, મુક્તક કે ડુપ્લેટ જેવા રૂઢ કાવ્યપ્રકારોમાં વ્યક્ત થઈ છે. ગીતને પણ તેમણે કાવ્યપ્રકાર તરીકે સ્વીકાર્યું છે. 1947માં સ્વાતંત્ર્ય ભારતના ભાગલા, ગાંધીજીની હત્યા ત્યારે માનવજીવન, શબ્દ-મૌન, કરુણા - એ બધામાંથી તેમની કવિતાએ 'હું'માંથી 'અમે' - નોંધનીય ફેરફાર સહિત

આવે હે મુક્તિદિન !
આજ તું જોઈ લે ભગ્ન અમ સ્વપ્નબીન !

મૌનનો સાક્ષાત્ અનુભવ રાષ્ટ્રીય સ્તરે

આજ શી સંસ્મૃતિ ! .... સંસ્મૃતિ.... સંસ્મૃતિ
ત્યાં કશી તાહરી ક્ષણિક પણ ઝંકૃતિ ?

'પ્રવાલદ્વીપ'ની કવિતા માત્ર નિરંજનની જ નહીં ગુજરાતી કવિતાની પણ એક સિદ્ધિ છે. પશ્ચિમમાં નગરજીવનની નાટકીયતાનું ચિત્રણ કરતી કવિતા બોદલેર, રિલ્કે, લોર્કા, એલિયટ વગેરે કવિઓ પાસેથી મળે છે. ગુજરાતીમાં એ પ્રકારની ઉત્તમ કવિતા પ્રથમ લઈ આવે છે. નિરંજન ભગત 'પ્રવાલદ્વીપ'માં મુંબઈ નગરીનું જ વર્ણન હોવા છતાં તે દ્વારા કવિ આધુનિક નગરસંસ્કૃતિની વિરૂપતા, વક્રતા, કૃત્રિમતા અનૈતિકતાને પ્રગટ કરે છે. આ ગુચ્છની બે કૃતિઓ 'પાત્રો' અને 'ગાયત્રી'માં કવિની સર્ગશક્તિનો પ્રબળ ઉન્મેષ અનુભવવા મળે છે. નગરકવિતા પછી માનવ-માનવ વચ્ચેના સંબંધ-સંવાદને 'હાથ મેળવવાની' વાતને શ્રદ્ધા સમાધાન સૂરમાં વ્યક્ત કરે છે. તેમનાં કાવ્યો - સર્જન

— પ્રેમકાવ્યો
— પ્રકૃતિકાવ્યો
— નગરકાવ્યો
— ચિંતનપ્રવણ - પ્રકીર્ણ
— અનુવાદ

અંગ્રેજી અને બંગાળીમાં મળે છે. દા.ત. કવિ ગટેનું 'The Wanderer's Night Song'નો 'શાંતિ' નામે પદ્યાનુવાદ.

બંગાળીમાં રવીન્દ્રનાથનાં ઉત્તમ કાવ્યોનો અઘરો કહી શકાય તેવો ગદ્યાનુવાદ - તેમના અનુવાદો શુષ્ક નહીં પણ કાવ્યના ભાવાલયને જાળવીને કરેલા સર્જનાત્મક અનુવાદો છે. તેમણે આપેલી કવિતાના સ્વરૂપનો વિચાર કરીએ તો ગીત, સૉનેટ (કુલ 225 કૃતિમાંથી 38 સૉનેટ), મુક્તક, લઘુકાવ્ય, દીર્ઘકાવ્ય મળે છે.

'છંદોલય'માં તેમની છંદ, લય અને પ્રાસ વિશેની જે સૂઝ, સમજ અને ચોકસાઈ વ્યક્ત થઈ છે તે ગુજરાતી કાવ્ય સાહિત્યમાં ઉલ્લેખનીય ઘટના કહી શકાય તેવી છે. અક્ષરમેળ અને માત્રામેળ બંને પ્રકારના છંદો પ્રયોજ્યા છે. કવિતા ઉપરાંત પ્રકીર્ણ લેખો પણ અસંખ્ય મળે છે.

તેમના વિવેચનમાં કલાપરક દષ્ટિબિંદુ અપનાવાયેલું છે. વિવેચક તરીકે કશી પરંપરાગત પરિભાષાને વળગી રહેલા રૂઢ વિવેચક નથી. કાવ્યપ્રવૃત્તિ તેમને મન કોઈ મિશનનું સાધન નથી. કવિકર્મ એ જ કવિધર્મ. તેમની વિવેચનશૈલીમાં વાગ્મિતા એક વિલક્ષણ તત્ત્વ છે. કાવ્યકલ્પના ઊંચા મૂલ્યનું તેઓ ગૌરવ કરે છે. તેમનામાં સર્જન - વિવેચનકલા અને જીવન સમાન્તરે ચાલે છે. નર્મદ સુવર્ણચંદ્રક વિજેતા આ કવિ તેમની બહુવિધ અભ્યાસુ પ્રતિભાનો પરિચય કરાવી જાય છે. જ્ઞાનના સીમાડાને આંબવા બેઠેલા આ સાહિત્યપિપાસુને કોઈ પણ વિષય પર સાંભળવા તે લ્હાવો છે. શ્રી ચંદ્રકાન્ત શેઠે (ગુજરાત વિદ્યાપીઠ ૧૯૯૦) કહેલું યથાર્થ છે : 'નિરંજન સાહિત્ય પીધેલા માણસ છે.'

**'તમારી પ્રગતિ ચકાસો' - 2**

1. નિરંજન ભગતના જીવનનો આછો પરિચય આપો.
2. નિરંજન ભગતના સર્જનનો પરિચય આપો.
3. નિરંજન ભગતની કવિતાનાં કાવ્યસ્વરૂપો દર્શાવો.
4. નિરંજન ભગતની કવિતાનો ટૂંકમાં પરિચય આપો.
5. નિરંજન ભગતની કવિતાની વિશેષતાઓ દર્શાવો.

### આધુનિક અરણ્ય

અરણ્ય, જન જ્યાં અગણ્ય પશુ હિંસ્ર શા ઘૂમતા
શિલા શત, સિમેન્ટ, કાચ વળી કાંકરેટે રચ્યું,
ધરાતલ પરે ન ઇન્દ્રધનુ લોહનું હો લચ્યું !
વનસ્પતિ નહીં, ન વેલ નહિ વૃક્ષ જ્યાં ઝૂમતાં,
વિહંગ નહિ, રેડિયો ટહુકતો પૂરે વોલ્યુમે,
નહીં ઝરણ, શી સરે સડક સ્નિગ્ધ આસ્ફાલ્ટની
ન પ્રેત, પણ આ ઇમારત વિચિત્ર કૈં ઘાટની
પરીગણ ન, ટ્રામકાર દિનરાત અહીંતહીં ઘૂમે
સર્યા અતલથી નર્યા સજડ આમ થીજ્યા ઠર્યા
અહીં નરકનીકળ્યા મલિન ઉષ્ણ નિઃશ્વાસ ? કે
કદીક નિજ સ્વપ્નબીજ અહીં વાવિયાં રાક્ષસે
વિશાલ પરિપક્વ આ સ્વરૂપમાં શું ફાલ્યાંફૂલ્યાં ?
અરણ્ય ? છલ આ ! રહસ્ય ? ભ્રમણે અટૂલો ચડ્યો
પુરંદર સ્વયં અહીં નહિ શું હોય ભૂલો પડ્યો ?

- નિરંજન ભગત

## 5.5 'આધુનિક અરણ્ય' - આસ્વાદ

આપણે પ્રારંભે જોયું તેમ 'છંદોલય' 'કિન્નરી' પછી નિરંજનની કવિતા કરવટ બદલે છે. પ્રવાલદ્વીપની સોળ રચનાઓ નગરકવિતા છે. નગરકવિતા ગ્રીસ જેટલી જૂની છે. વિશ્વકવિતાના ઊંડા અભ્યાસી નિરંજન ભગતે વિશ્વકવિતાના સંસ્કાર ઝીલ્યા છે, આત્મસાત્ કર્યા છે. રીલ્કે, બોદલેર, એલિયટ ઉપરાંત ગુજરાતી કવિઓની અસર પણ દેખાય છે. પ્રવાલદ્વીપ

શીર્ષક એલિયટના 'The Wast Land' જેવું પ્રતીકાત્મક છે. તેમની પ્રથમ કૃતિ 'મુંબઈ નગરી'માં જોઈ શકાય છે.

ચલ મન મુંબઈ નગરી,
જોવા પુચ્છ વિનાની નગરી !

કાવ્યના અંતે વિનાશની ઘોષણા પણ કરે છે. આવા તીર્થની કવિ યાત્રા કરાવે છે, જેનું બીજું નામ છે 'આધુનિક અરણ્ય' - કેવું ?

'અરણ્ય, જન જ્યાં અગણ્ય પશુ હિંસ્ર શાં ઘૂમતાં.' શહેરમાં મનુષ્યો ભક્ષ્ય-ભક્ષકના સંબંધથી જીવે છે. તેથી હિંસ્ર પશુથી જરા પણ ઊતરતાં નથી, પરંતુ આ હકીકત અભિધાથી પ્રગટ કરી તેના બદલે વ્યંજનાથી પ્રગટ થઈ હોત તો વધુ આસ્વાદ્ય બની શકી હોત. 'પ્રવાલ-દ્વીપ'માં આ નગરવાસી માનવીને બરોબર સમજવાનો પ્રયત્ન રહ્યો છે. શ્રી ભગતના ઉપરના કાવ્ય પર રિલ્કેના કાવ્ય 'The Panther'નો પ્રભાવ છે. એક્વેરિયમની માછલીની જેમ આજનો નગરવાસી પણ પાર વિનાની ગતિ કરે છે. નલિન રાવળનું વિધાન યથાર્થ છે : 'નિરંજન અને બોદલેરનાં નગરો તો ભિન્ન છે જ.' બોદલેરની જેમ ભગતનાં નગરકાવ્યો આજના નગરે કરેલા પ્રશ્નોને ખાસ સ્પર્શતાં નથી. માનવચિત્તનાં સૂક્ષ્મ સંચલનો નિરૂપવા કરતાં કવિનું લક્ષ્ય બાહ્ય વર્ણન પર વિશેષ છે. આધુનિક નગરસંસ્કૃતિનું પોકળ સ્વરૂપ સમજતાં કવિ કહે છે કે સવારનું સ્વપ્ન સાંજે ભગ્ન ખંડિત થાય છે.

આ તો સૌ નિત્ય જન્મે ને પાછાં નિત્ય જ જે મરે ! નગરજીવનની આ વિડંબના, કરુણતા માત્ર મુંબઈમાં નથી, બોદલેરના પેરિસમાં પણ છે. પશ્ચિમમાં નગરકવિતા જૂની છે પણ ગુજરાતીમાં સાચા અર્થમાં નગરકવિતાનો પ્રારંભ નિરંજન ભગતથી જ થાય છે. રાજેન્દ્ર - નિરંજનયુગ પછી ગુજરાતી કવિતા અદ્યતન યુગમાં સુરેશ જોશી, ગુલામ મહંમદ શેખ, રાવજી પટેલ, લાભશંકર ઠાકર જેવા કવિઓથી પણ નગરકવિતા વિકસે છે.

'આધુનિક અરણ્ય' કવિતામાં પણ 'આ આ નથી, પણ આ છે.' એનો એકસરખો રણકાર આપણા કાનમાં વાગે છે. અહીં, અપહ્નુતિ છે એમ કહેવા કરતાં અપહ્નુતિની વિડંબના છે એમ કહેવુ ઉચિત છે. રોમૅન્ટિક કવિજનો જેની ભ્રાંતિમાં રાચતા તે પરી, ઝરણ, વિહંગ-ને નકારે છે - અહીં ભ્રાંતિયુક્ત થયા પછી જે છે તેને તે રૂપે જોવાનો કવિનો આગ્રહ છે. અરણ્યસમ બની રહેલા આધુનિક નગરની વાત કરે છે. શહેરના મનુષ્યો ભક્ષ્યભક્ષકના સંબંધથી જીવે છે. તે વધારે મુખર થઈ ગયું છે. 'વિહંગ'થી આકાશના વિસ્તારનું ને મોકળાશનું પણ સૂચન થયું. રેડિયો હવાનાં મોજાં સાથે વહી આવતાં ધ્વનિ આંદોલનને ઝીલે છે પણ એની સાથે આકાશનો અભ્યાસ નથી. પંખી ડાળે લપાઈને ટહુકે, એનો ટહુકાર વિક્ષેપરૂપ ન બનતાં જીવનમાં વણાઈ જાય. ઝરણ નથી પણ સ્નિગ્ધ આસ્ફાલ્ટની સડક છે એમ કહીને ઝરણની સંગીતમય સજીવ પ્રવાહિતાને આસ્ફાલ્ટની જડ સડક જોડે બળપૂર્વક વિરોધાવી છે. લયસૂઝ તેમનાં કાવ્યોનું જમાપાસું છે. પછીની પંક્તિ છે :

પરીગણ ન ટ્રામકાર દિનરાત અહીંતહીં ઘૂમે, અહીં પૃથ્વીછંદની આ પંક્તિના ઉત્તરાર્ધને ત્વરિત ઉચ્ચારણથી બોલી લેવો પડે છે. 17ને બદલે 19 અક્ષરથી છંદોભંગ લાગે પણ સાભિપ્રાય કર્યો હોય તેમ લાગે છે. ટ્રામકારની દોડાદોડમાં રહેલી કર્કશ ત્વરિતતાનો ખ્યાલ છંદોભંગથી આપવો હશે. આગળ 'સર્યા' 'નર્યા' 'ફર્યા' 'ભિજાયા' 'નીકળ્યા' પણ સાભિપ્રાય યોજ્યું છે.

અરણ્યરૂપે નગરનું વર્ણન કરીને, નગરવાસીઓની હિંસકતા, એમના જીવનની યાંત્રિકતા, નિરાનંદતા બતાવ્યા પછી કવિ પ્રશ્ન કરે છે : આને અરણ્ય કહેવાય ખરું ? એય એક ભ્રાન્તિ નથી ? છેલ્લે મૂકેલો પુરંદર શબ્દ કવિએ સહેતુ જ પ્રયોજ્યો, જ્યાં નગરનો નાશ કરવામાં પુરંદર પણ પાછો પડ્યો તો આવાં નગરોનો નાશ કોણ કરશે ? એવી ચિંતા સેવી છે. સ્વરૂપ બાબતે વિચારીએ તો આઠ પંક્તિ આગળ અપહ્નુતિમાળા પૂરી થાય છે. એટલે એક ખંડ પૂરો થયો એમ કહી શકાય પણ ત્યાં સૉનેટનો જરૂરી એવો અર્થવળાંક નથી, પણ ચૌદ પંક્તિ સળંગ છાપીને કવિએ એ પરત્વે પોતાની ઉદાસીનતા બતાવી છે એટલે ચૌદપંક્તિક કાવ્ય કહી શકાય.

આમ, મુંબઈ નગરીના - આધુનિક અરણ્યના બાહ્ય વર્ણનથી શરૂ થયેલી આ કવિતા તેમાં

પશુ-પ્રાણીઓ તથા મનુષ્યોના અંતરંગ-બહિરંગનો સંતર્પક પરિચય કરાવી તેમના જીવનની નિરર્થકતા, શૂન્યતા, વ્યથા-વેદનાને દર્શાવી અંતે તેમાંથી મુક્તિ મળે તે માટેની પ્રાર્થનામાં વિરમે છે. કાવ્યના અંતરંગ-બહિરંગ પર આપણે જોયું તેમ અનેક કવિઓની અસર છે, પરંતુ એ અસરને આત્મસાત્ કરી કવિએ એક બલિષ્ઠ કલાકૃતિનું નિર્માણ કર્યું છે. સુરેશ દલાલે સાચું જ કહ્યું છે : "નિરંજને ક્યારેક પશ્ચિમ પાસેથી ઉછીનું લીધું છે પણ એમની આ ઉછી-ઉધારીની ફરિયાદ આપણે કરી શકીએ તેમ નથી, કારણ કે એમણે કલા અને કસબથી એ લેણું બેવડું ચૂકવી આપ્યું છે."

કવિની કથયિતવ્યની એક વિશિષ્ટ લઢણ 'વિહંગ નહીં રેડિયો ટહુકતો પૂરે વોલ્યુમે' - નકારાત્મક વિધાનથી કથયિતવ્ય શરૂ થાય છે અને પછી 'પરંતુ', 'કિંતુ', 'છતાંય' કહીને જે કહેવું છે તે કહી દે છે.

તેમની કવિતામાં સંવેદના જ આધુનિક છે તેવું નથી, ઇબારત પણ આધુનિક છે. 'આધુનિક અરણ્ય'માં જે ઇબારત પ્રયોજી છે તેનાથી આધુનિક સંવેદના સરળતાથી અનુભવાય છે. રઘુવીર ચૌધરી યથાર્થ કહે છે : "નિરંજન આપણા યુદ્ધોત્તર કવિઓમાં અનુભૂતિ અને ઇબારત બેઉમાં એક સાથે આધુનિક છે... અદ્યતન ઇબારતની દૃષ્ટિએ નિરંજનનું કવિકર્મ અપૂર્વ છે."

## 5.6 સારાંશ

— ગુજરાતી સાહિત્યની રૂપરેખાના અભ્યાસક્રમ અનુસાર અર્વાચીન ગુજરાતી સાહિત્યવિષયક ખંડના રાજેન્દ્ર - નિરંજનયુગના ચોથા વિભાગનો આ પ્રથમ એકમ છે.' જેમાં રાજેન્દ્ર-નિરંજનયુગનાં લક્ષણો, નગરકવિતા, તેની ભૂમિકા અને પરિબળોનો ખ્યાલ મેળવ્યો.

— નિરંજન ભગત - ગુજરાતી કવિતામાં નગરચેતનાના પ્રથમ કવિ.

— તેમની કવિતામાં સંવેદના, ઇબારત, છંદ, બધી દૃષ્ટિએ આધુનિક.

— નિરંજન ભગતના જીવન-કવનનો પરિચય.

— 'આધુનિક અરણ્ય' - આસ્વાદ સ્વરૂપદૃષ્ટિએ.

## 5.7 કેટલાંક ઉપયોગી પુસ્તકો

1. *રાજેન્દ્ર-નિરંજન યુગની કવિતા* - ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ
2. *નિરંજન ભગત ગ્રંથકાર શ્રેણી ૨૬* - ડૉ. સુમન શાહ
3. *ગુજરાતી કવિતાનો આસ્વાદ* - ડૉ. સુરેશ જોશી
4. *મારી આસપાસનો રસ્તો* - ડૉ. સુરેશ દલાલ

## 5.8 ચાવીરૂપ શબ્દો (Key Words)

**લય** - સાર્થ શબ્દોની ઉચિત અન્વિતિથી લય રચાય છે. ડૉ. ભાયાણી કહે છે- "લય એટલે શ્રાવ્ય ભાતનું નિયમિત આવર્તન - અમુક શ્રાવ્ય ઘટકોની અમુક ગોઠવણીનું નિયમિત આવર્તન.

**પશ્ચિમ** - યુરોપ-અમેરિકાનું.

**રોમૅન્ટિક** - જીવનના ઉલ્લાસથી સભર.

**વિવેચક** - સાહિત્યનો અભ્યાસ કરી તેનું મૂલ્યાંકન કરનાર અને સાહિત્યના સિદ્ધાંતો તારવનાર સાહિત્યના અભ્યાસીને વિવેચક કે સમીક્ષક કહે છે.

## 5.9 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**'તમારી પ્રગતિ ચકાસો' - 1**

1. જુઓ 1.1નો બીજો પરિચ્છેદ.
2. જુઓ 1.3નો પ્રથમ પરિચ્છેદ.

3. જુઓ 1.3નો છેલ્લો પરિચ્છેદ.
4. જુઓ 1.3નો છેલ્લો પરિચ્છેદ.
5. જુઓ 1.3નો અંત. પરિચ્છેદ.
6. જુઓ 1.2નો પ્રથમ પરિચ્છેદ.

**'તમારી પ્રગતિ ચકાસો' - 2**

1. જુઓ 1.4નો પ્રથમ પરિચ્છેદ.
2. જુઓ 1.4નો બીજો પરિચ્છેદ.
3. જુઓ 1.4નો ત્રીજો પરિચ્છેદ.
4. જુઓ 1.4નો છેલ્લો પરિચ્છેદ.

# એકમ 6 'આદિમતાની એક અનુભૂતિ'

**- જયન્ત પાઠક**

## રૂપરેખા


6.1 ઉદ્દેશો
6.2 પ્રસ્તાવના
6.3 કૃતિ
6.4 ક્રિયાત્મક સઘન અધ્યયન
  ખણ્ડ : 1
  ખણ્ડ : 2
  ખણ્ડ : 3
  ખણ્ડ : 4
6.5 સારાંશ
6.6 કેટલાંક ઉપયોગી પુસ્તકો
6.7 ચાવીરૂપ શબ્દો
6.8 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો


## 6.1 ઉદ્દેશો

આ એકમના અભ્યાસ દ્વારા તમે -

- આ સૉનેટમાંની આદિમતાવિષયક વિચારસામગ્રીથી પરિચિત થશો.
- સૉનેટ પ્રકારની વિલક્ષણતાઓ જાણશો.
- કવિશ્રી જયન્ત પાઠકની સૉનેટસિદ્ધિનો ખ્યાલ મેળવશો.
- કાવ્યમાં પ્રયોજાતાં લય અને ભાષાનો પરિચય મેળવશો.

## 6.2 પ્રસ્તાવના

સભ્યતાએ આપણા જીવન ઉપર કરેલા આક્રમણને કારણે આપણને ઘણી વાર એ અંચળો ફગાવી દેવાની ઇચ્છા થાય છે. આપણું મૂળનું સહજ જીવન કેવું નિરાડમ્બરી હતું ? એમાં ક્યાંય કશાં છળકપટ - બનાવટ નહોતાં, કશો દંભ નહોતો. આજે તો આપણે કૃત્રિમ વ્યવહારોમાં ખરડાઈ ગયાં છીએ અને નગરસંસ્કૃતિએ તો આપણને આપણી મૂળ પ્રકૃતિથી ઘણાં વિખૂટાં પાડી દીધાં છે. એક વાર એ આદિમ પ્રકૃતિ તરફ પાછાં ફરીએ તો લાગશે કે એમાં કેવો આકણ્ઠ આનંદ ભરેલો હતો. કવિ પ્રસ્તુત સૉનેટ દ્વારા એ આદિમતાનો આહ્‌લાદ પ્રગટ કરે છે.

## 6.3 કૃતિ

### આદિમતાની એક અનુભૂતિ

હું આવું છું પાછો, બહુ દિન પછી, ઘેરઃ વનમાં,
ઉતારી નાખું છું વસન પુરના સભ્ય જનનાં;
પહેરી લૌં લીલું પટ ઊડતું વાતા પવનમાં,
હું આદિવાસી શો ફરું અસલ વાતાવરણમાં.

ફૂલોમાં ઊંડેરો ઊતરી મધુ પીતો ચશચશી,
રજોટાતો, પાવા વિહગગણ કેરા બજવતો;

મહેકી માટીમાં વૃષભ મદીલો શૃંગ ઘસતો;
હું તાડોમાં ડોલું અસલિયતનો આસવ ઢીંચી
સ્તનો શી ઘાટીલી અહીંતહીં ફૂટી ટેકરી પરે,
તૃણોના રોમાંચે તરવરતી, મારા કર ફરે,
સુંવાળી ને લીસી દ્રુત ઝરણજંઘાગીતલયે
ખીણોમાં ઊંડેરી ઊતરું રતિના ગૂઢ નિલયે.
પુરાણું આ મારું વન-ઘર, નહીં છપ્પર-ભીંતો;
અહીં અંધારાથી, શરમ મૂકીને, સૂર્ય રમતો.

– જયન્ત પાઠક

## 6.4 ક્રિયાત્મક સઘન અધ્યયન

અભ્યાસની સરળતા ખાતર આ સૉનેટને આપણે ચાર ખણ્ડોમાં વહેંચી નાખીશું. ચાર પંક્તિઓના એક-એક ખણ્ડકમાં કવિએ પોતાની અનુભૂતિનો વિસ્તાર કરી છેવટેની બે પંક્તિઓમાં એનું સમાપન કર્યું છે. આથી ત્રણ ચતુષ્કના ત્રણ અને એક યુગ્મનો એક એમ કુલ ચાર ખણ્ડોમાં આ કાવ્યને વિભક્ત કરીને સમજીશું.

### ખણ્ડ : 1

કાવ્યનો પ્રારંભ કાવ્યનાયકના પુનર્ગૃહાગમન સાથે થાય છે. શહેરી સભ્યતાના તનાવ વચ્ચેથી છૂટીને નાયક વનપ્રદેશમાં આવેલા પોતાના વતનમાં આવે છે અને આવતાંની સાથે શહેરી સભ્યતાનાં બધાં જ આવરણો ઉતારી નાખે છે. વનનો, પ્રકૃતિનો આનંદ લેવો હોય તો આવી મુક્તિથી જ લઈ શકાય. એ જાણે કે માતા ગાન્ધારી છે અને એની સામે પેલા દુર્યોધનની જેમ કૌપિન સાથે નહીં પણ તદન નિરાવૃત બનીને ખડા થઈ જવાનું છે. હવે વાયુનો લીલો પારદર્શક પટ જ શરીર ઉપર ધારણ કરવાનો છે. આ જ છે અસલિયત. પેલી શહેરી આબોહવા તો કૃત્રિમ હતી, આવરણોનાં પડ ઉપર પડ રચતી હતી. હવે જ નાયક આદિવાસી, મૂળ માનવ, હોવાનો-બનવાનો આનન્દ લઈ શકે છે.
પ્રથમ ચતુષ્કના અંત્યાનુપ્રાસ 'વનમાં', 'જનનાં', 'પવનમાં' અને 'વાતાવરણમાં' શબ્દોથી સંકળાયા છે. શિખરિણી છંદના ઉતાર-ચઢાવ આદિમતાની અનુભૂતિના લયહિલ્લોળ સાથે સંવાદિતા રચતા જાય છે.

### ખણ્ડ : 2

બીજા ચતુષ્કમાં કાવ્યનાયકનું પ્રકૃતિ સાથેના સંવનન-સંયોગનું નિરૂપણ છે. એ ઉન્મત્ત ભ્રમરની જેમ પુષ્પોના રસને ચૂસે છે. 'ચશચશી' ક્રિયારૂપમાં ચૂસવાની ઉત્કટતા સુપેરે પ્રગટ થઈ છે. પરાગરજમાં એ જાણે કે રજોટાય છે, ખરડાય છે. પક્ષીઓના સૂર પણ જાણે કે કાવ્યનાયકની આ મુક્તિફૂંકે છેડાયા છે. કાવ્યનાયક પોતાના ઉન્માદને સરખાવવા અહીં મદીલા વૃષભની માટી સાથેની શૃંગ ઘસવાની ક્રિયાને ઉપમાન તરીકે લઈ આવે છે. વૃષભ કામાતુરતાનું પ્રતીક છે. માટી જોઈને વૃષભ ઉન્માદી બનતો હોય છે. અહીં કાવ્યનાયકના એ મદાક્રમક મિજાજને ઉપસાવવામાં આ રૂપક કાર્યસાધક નીવડે છે. અહીં પણ છેલ્લી પંક્તિમાં 'અસલિયત' શબ્દ પ્રયોજી પ્રથમ ચતુષ્કની છેલ્લી પંક્તિના 'અસલ' શબ્દ સાથે કવિએ સંવાદિતા રચી અને પોતાના કથયિતવ્યને ઘૂંટ્યું. અહીં પહેલી અને ચોથી તથા બીજી અને ત્રીજી પંક્તિ વચ્ચે અન્ત્યાનુપ્રાસી સંબંધ રચાયો છે. તાડ સાથે તાડી (આસવ) જોડીને કવિએ દેશી નાડી જોડી આપી છે.

### ખણ્ડ : 3

સમગ્ર કવિતાની પરિભાષા ક્રમશઃ સંવનનમાંથી સમ્ભોગ તરફ, રતિક્રીડા તરફ આગળ વધતી જાય છે. આદિમતા સાથે આવી મુક્ત કેલિ સંકળાયેલી છે. અહીં ટેકરીઓને કવિએ સ્તનોના ઘાટ સાથે સરખાવી નજાકત નિરમી છે. વળી, નારીદેહની રોમાવલિ સાથે એ ટેકરીઓ પરની તૃણાવલિનું સાદૃશ્ય રચ્યું છે. ટેકરીઓ પરથી વહેતાં ઝરણાંને, એના ગીત

લયને નારીજઘન સાથે સરખાવ્યાં છે અને એ જંઘાની ઊંડેરી ખીણોમાં રતિનો ગૂઢ નિલય પામવાની કામના પ્રગટ કરી છે. અહીં જાણે કે રતિક્રીડાનું એક પૂર્ણ ચિત્ર પૂરું થાય છે. કવિએ રૂપક દ્વારા વાણીનો સંયમ પ્રગટ કર્યો છે. સમગ્ર પ્રકૃતિખણ્ડને અપાયેલું નારીદેહનું રૂપક આસ્વાદ્ય બને છે. અહીં 'પરે', 'ફરે', 'લયે' અને નિલયે'ના પ્રાસ સચવાયા છે.

**ખણ્ડ : 4**

સૉનેટનું આ અન્તિમ યુગ્મ છે. કવિના આસ્મિતાપ્રેમે, શૈશવરાગે માણેલા છાકનું હવે શમન થઈ રહ્યું છે. અહીં શહેરી-નાગરી શરમ ઓસરી ચૂકી છે. હવે સૂર્ય અન્ધારા સાથે રમણા કરી રહ્યો છે. અહીં કોઈ જ છાપરાં-ભીંતો રૂપી બન્ધનો, નિષેધો રહ્યાં નથી. આદિમતા એટલે મુક્તિ, વનરાગ, શૈશવરાગ. આ જ છે જીવનનો આનન્દ માણવાની સાચી રીત. નિરાવૃત હળવાશથી જ જીવનને રોમાંચિત કરી શકાય એ મર્મ કવિ સમજાવે છે. 'ભીંતો' અને 'રમતો'નો પ્રાસ અહીં રચાયો છે. આખા કાવ્યમાં ક ક ક ક, ખ ગ ગ ખ, ઘ ઘ ઘ ઘ અને ચ ચ ની પ્રાસયોજના છે. કાવ્ય ત્રણ ચતુષ્કમાં ક્રમશઃ વિકસ્યા પછી છેવટના યુગ્મમાં આવીને શમે છે. શેક્સપિયરીઅન સૉનેટની શિસ્ત અહીં સચવાયેલી અનુભવી શકાય છે.

**'તમારી પ્રગતિ ચકાસો' - 1**

1. કાવ્યનાયક વતનમાં આવતાં પોતાની જાતને આદિવાસી સાથે શા માટે સરખાવે છે ?
2. કાવ્યનાયકના પ્રકૃતિ સાથેના સંવનનનું નિરૂપણ કવિએ કઈ રીતે કર્યું છે ?
3. કવિએ પ્રકૃતિની નારીદેહ સાથે કરેલી સરખામણીમાં રહેલા કાવ્યસૌન્દર્યનો પરિચય કરાવો.
4. કાવ્યમાં નિરૂપિત આદિમતાની અનુભૂતિ વિશે પચ્ચીસેક વાક્યમાં, તમારા શબ્દોમાં, નિબન્ધાત્મક ઉત્તર લખો.

**'તમારી પ્રગતિ ચકાસો' - 2**

કૌંસમાંનો કોઈ પણ એક શબ્દ વાપરી ખાલી જગા પૂરો :

1. કાવ્યનો છંદ ............. છે. (પૃથ્વી, મંદાક્રાન્ત, શિખરિણી)
2. કાવ્યનો પ્રકાર ............. છે. (પેટ્રાર્કશાઈ, શેક્સપિયરીઅન, મિલ્ટોનિક)
3. 'મહેકી માટીમાં વૃષભ મદીલો શૃંગ ઘસતો' પંક્તિમાં ............... અલંકાર છે. (ઉત્પ્રેક્ષા, અતિશયોક્તિ, રૂપક)
4. 'સ્તનો શી ઘાટીલી અહીં તહીં ફૂટી ટેકરી પરે' પંક્તિમાં ............ અલંકાર છે. (ઉપમા, રૂપક, ઉત્પ્રેક્ષા)

## 6.5 સારાંશ

કવિ નગરના સભ્યતાયુક્ત વાતાવરણમાંથી પોતાના વતનના વનઘરમાં પાછા આવે છે ત્યારે આદિવાસીની અસલી વિમુક્તિનો અનુભવ કરે છે. પ્રકૃતિના નિરાવૃત ઉન્મુક્ત સૌન્દર્યનો એ નશો અનુભવે છે, જાણે કે પ્રકૃતિ સાથે એ સંયોગરમણા કરે છે.

## 6.6 કેટલાંક ઉપયોગી પુસ્તકો

'મર્મર', 'સર્ગ', 'વિસ્મય', 'મૃગયા', 'અનુનય', 'અન્તરીક્ષ', 'શૂળી ઉપર સેજે' જેવા કવિશ્રી જયન્ત પાઠકના કાવ્યસંગ્રહો અને ડૉ. દિનેશ પંડ્યા લિખિત 'જયન્ત પાઠક : વ્યક્તિત્વ અને વાઙ્મય' ગ્રન્થ ગ્રન્થાલયમાંથી મેળવીને વાંચો.

## 6.7 ચાવીરૂપ શબ્દો (Key Words)

**વસન** - વસ્ત્ર
**પુર** - નગર, શહેર
**મધુ** - મધ
**રજોટાતો** - ખરડાતો
**વિહગ** - પક્ષી
**વૃષભ** - આખલો
**મદીલો** - મત્ત
**શૃંગ** - શીંગડાં
**આસવ** - દારૂ, મદિરા
**તૃણ** - ઘાસ
**દ્રુત** - ઝડપી
**જંઘા** - જાંઘ, રતિ-સમ્ભોગ, કેલિ
**નિલય** - પ્રગાઢ લય
**આકણ્ઠ** - ગળા સુધીનો, પૂરેપૂરો
**નિરાવૃત** - વસ્ત્ર વગરનું
**સંયોગરમણા** - સંયોગક્રિયાનો આનન્દ
**અનુભૂતિ** - વિશિષ્ટ અનુભવ
**તનાવ** - તાણ
**કૌપિન** - લંગોટ
**સંવનન** - સમ્ભોગ પૂર્વેની પ્રેમચેષ્ટા
**નજાકત** - નાજુકપણું
**રોમાવલિ** - નાજુક વાળની હાર
**શૈશવરાગ** - બાળપણ સાથે સંકળાયેલા જીવન પ્રત્યેનું આકર્ષણ
**છાક** - મસ્તી

## 6.8 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

(1) 1. જુઓ ખણ્ડ : 1.
2. જુઓ ખણ્ડ : 2.
3. જુઓ ખણ્ડ : 3.
4. સમગ્ર કાવ્યને આધારે.

(2) શિખરિણી, શેક્સપિયરીઅન, રૂપક, ઉપમા.

# એકમ 7 'હું મુજ પિતા' - ઉશનસ્

રૂપરેખા

7.1 ઉદ્દેશો
7.2 પ્રસ્તાવના
7.3 કૃતિ
7.4 ક્રિયાત્મક સઘન અધ્યયન
7.5 સારાંશ
7.6 ચાવીરૂપ શબ્દો
7.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

## 7.1 ઉદ્દેશો

- કાવ્યનો સૉનેટ પ્રકાર અને ભાવ જાણી શકાશે.
- કાવ્યના છંદોલયનો પરિચય મેળવી શકાશે.
- કાવ્યનાં રસસ્થાનો માણી શકાશે.

## 7.2 પ્રસ્તાવના

માનવવ્યવહાર અનેક પ્રકારના સંબંધોથી જોડાયેલો છે. સંબંધ વ્યક્તિને જોડે છે. એક જ વ્યક્તિ કેટકેટલા સંબંધો અને એના સંદર્ભોથી ભરેલી હોય છે ! સંબંધનાં તો અનેક રૂપ છે. કેટલાક સંબંધો જ એવા હોય જે ચિત્તમાં સ્થિર થઈ જતા હોય છે. લોહીનો સંબંધ અન્ય સંબંધો કરતાં જુદું સ્વરૂપ ધરાવે છે. વર્ષો સુધી સાથે રહ્યા પછી અચાનક ઊભી થતી સ્વજનની ગેરહાજરી પીડતી હોય છે. કુટુંબમાં પિતાનું સ્થાન કેવું અને કેટલું તે પુત્ર જ સમજી શકે. પિતાનું મૃત્યુ એ ખાઈ પાડી દે છે હૃદયમાં !

'હું મુજ પિતા' રચનામાં કવિની પિતામય ચિત્તસ્થિતિ પિતાના મૃત્યુને, મૃત્યુના દુઃખને ઘેરું બનાવે છે. પુત્રમાં પિતાનાં લક્ષણો ઊતરી આવે છે. એ વારસાગત તથ્ય આ કાવ્યમાં સૂક્ષ્મ ભૂમિકાએ આવ્યું છે.

શ્રી ઉશનસ્ પાંચમા દાયકાથી આજ પર્યંત સૉનેટ લખનારા કવિ છે. પુરોગામી અને સમકાલીન સૉનેટકવિઓ વચ્ચે નિજી અવાજની પ્રતિભા દર્શાવનાર ઉશનસ્ સ્વાતંત્ર્યોત્તર કાળના નોંધપાત્ર સૉનેટકવિ છે. ઉશનસ્‌ની સંવેદનશીલતાની પ્રતીતિ 'હું મુજ પિતા'માં મળે છે.

## 7.3 કૃતિ

### હું મુજ પિતા

અરે, આ વેળા તો અનુભવ થયો અદ્‌ભુત નવો
હતો પ્હેલી વેળા જનકહીન ગેહે પ્રવિશતો,
હું જાણે કો મોટો હવડ અવકાશે પદ ધરું;
બધી વસ્તુ લાગે પરિચિત જ કોઈ જનમની.
અશા કૌતુકે, કો અપરિચયથી જોઈ રહું કૈં;
પ્રવાસી વસ્ત્રોને પરહરી, જૂનું પંચિયું ધરું
પિતા કેરું જે આ વળગણી પરે સૂકવ્યું હતું;
પછી નાહી પ્હેરું શણિયું કરવા દેવની પૂજા.
અરીસે જોઉં તો જનક જ ! કપાળે સુખડની

ત્રિવલ્લી, ભસ્માંકો ! અચરજ ! બપોરે સૂઈ ઊઠ્યો
- પિતાજીની ટેવે ! - અશી જ પ્રગટી પત્રની તૃષા !
સૂતો રાત્રે ખાટે જનકની જ, રે ગોદડુંય એ !
નનામી મારી નીરખું પછી - ને ભડભડ ચિતા,
રહું જોઈ મારું શબ બળતું હું; હું મુજ પિતા !

- ઉશનસ્

## 7.4 ક્રિયાત્મક સઘન અધ્યયન

શ્રી બ. ક. ઠાકોરનો કાવ્યાદર્શ સ્વીકારીને કાવ્યસર્જન કરતાં, સુંદરમ્-ઉમાશંકર, રાજેન્દ્ર-નિરંજન અને પછીની સૉનેટધારામાં પણ પોતાનું આગવું કવિપણું સિદ્ધ કરતા શ્રી ઉશનસ્‌નું નામ પ્રબળ સૉનેટકવિ તરીકે ઊપસ્યું છે. એમણે અનેક સૉનેટ રચ્યાં છે અને હજી રચતા રહ્યાં છે. એમની અનુભૂતિ પ્રકૃતિ, પ્રણય, વતન, સ્વજન જેવા વિષયોમાં વ્યક્ત થઈ છે.

'હું મુજ પિતા' શિખરિણી છંદમાં રચાયેલું પેટ્રાર્કન પદ્ધતિનું સૉનેટ છે. કૃતિમાં કવિ-પિતાના મૃત્યુ પછી એ ઘરમાં કવિને પ્રથમવાર જવાનું થયું, એટલી ઘટનામાંથી અનુભૂતિનો વિસ્તાર થયો છે. કાવ્યનો આરંભ કવિ એ વિગતથી કરે છે :

"અરે, આ વેળા તો અનુભવ થયો, અદ્‌ભુત થયો;
હતો પ્હેલી વેળા જનકહીન ગેહે પ્રવિશતો."

પિતાથી દૂર ધંધાર્થે વસતો નાયક પિતાની હયાતીમાં તો અનેકવાર આ ઘરે આવી ચૂક્યો છે, પરંતુ આ વખતે પિતા વિનાના ઘરમાં પ્રવેશતાં જુદો જ અનુભવ થયો. કાવ્યનો આરંભ આ અનુભવની અદ્‌ભુતતાના વિસ્મયથી થયો છે. કવિ જાણે કોઈ ઘટનાને કહેતા હોય એમ 'અરે' પહેલો શબ્દ મૂકે છે. કથનની સહજતા ઉપરાંત એમાં આશ્ચર્ય અને આઘાતનો સ્વર ભળી ગયેલો છે. 'આ વેળા'માં કવિનું આ વખતનું આવવું અગાઉની મુલાકાત કરતાં જુદું પડી ગયાનું દુઃખ છે. પણ અનુભવ અદ્‌ભુત છે. જનકવિહીન ઘરમાં પ્રવેશતાં હૃદય ભારે થઈ જાય છે. પિતા હયાત નથી ત્યારે એમની હયાતી વધારે ડંખે છે -

'હું જાણે કો મોટો હવડ અવકાશે પદ ધરું :'

એક મોટો વજનદાર ખાલીપો કવિને ઘેરી વળે છે. પિતાની ગેરહાજરીને કારણે જે શૂન્યાવકાશ ઊભો થયો છે તેમાં પ્રવેશતાં પિતાની સ્મૃતિથી ચિત્ત ઊભરાઈ ગયું. કવિની દૃષ્ટિ વસ્તુઓ પર પડે છે, બધી જ વસ્તુઓ જનમોની પરિચિત હોય એવું કવિને લાગે છે તેનું કારણ તે તે વસ્તુ સાથે પિતાનો સંદર્ભ જોડાયેલો છે. તો, પિતાવિહીન ઘરમાં પ્રથમ વાર પ્રવેશવાનો ભાર પ્રથમ ચાર પંક્તિઓમાં આલેખાયો છે. પછીની ચાર પંક્તિઓમાં જનક સાથેની અભિન્નતા વિકસતી જાય છે. કવિ ઘરને, ઘરના સંદર્ભને 'અશા કૌતુકેય અપરિચયથી જોઈ રહે છે. સંદર્ભોમાંથી અસ્પષ્ટ આકૃતિ રચાતી લાગે છે. કદાચ એ પિતાની મૂર્તિ હોય - હશે ! એટલે ભ્રમ છે, અનિશ્ચિતતા છે એ જ 'કૈં' છે. ભ્રમણાની મૂર્તિ સાથે તો પરિચય કયાંથી હોય ? માટે કવિ અપરિચયથી જોઈ રહે છે. છતાં કવિ જોઈ રહે છે એમાં કૌતુક કરતાં કૌતુકથી મળતું સુખ વધુ છે. હવે મુસાફરીથી થાક્યો પાક્યો નાયક-કવિ પ્રવાસનાં વસ્ત્રો બદલે છે. વળગણી પર સૂકવેલું પિતાનું જૂનું પંચિયું પહેરે છે. પછી નાહીને પૂજા માટે શણિયું પહેરે છે. આ પંચિયું અને શણિયું કવિ સ્મૃતિવશ પહેરે છે. મનમાં અને ઘરમાં ઊભા થયેલા અવકાશને ઓછો કરવા કવિ પિતાનાં વર્ણ્યવસ્ત્રોનું પરિધાન કરે છે. અહીંથી જ કાવ્યની ગતિ નિશ્ચિત બનતી જાય છે. 'હું મુજ પિતા' એ પરિણામની પૂર્વભૂમિકા પંચિયું અને શણિયું પહેરવાની ક્રિયામાં બંધાઈ ગઈ છે. આમ, પ્રથમ અષ્ટકમાં કવિએ પિતા વગરના ઘરમાં પહેલી વારના પ્રવેશથી માંડીને પિતાની સ્મૃત્તિને ઉત્તરોત્તર સૂક્ષ્મ બનાવી છે.

આ સૉનેટના ઉત્તરાર્ધના ષટ્કમાં ભાવ બદલાય છે. પ્રથમ પંક્તિ 'આ વેળા તો અનુભવ થયો, અદ્‌ભુત થયો.'-માં આવેલો અદ્‌ભુત અનુભવ નવમી પંક્તિથી દેખાવા માંડે છે. દેવપૂજા માટે પિતા પહેરતા હતા તે શણિયું પહેરીને કવિ અરીસા સામે ઊભા રહે છે ત્યાં તો -

'અરીસે જોઉં તો જનક જ ! કપાળે સુખડની
ત્રિવલ્લી, ભસ્માંકો ! અચરજ !...'

અરીસા સામે ઊભા રહેતાં જ જાણે ચમત્કાર થયો. 'હું હું નથી પણ હું જનક છું' એવી અનુભૂતિ કવિને 'પેલાં વસ્ત્ર'ને કારણે તો થાય છે જ પણ વિશેષ તો એમના ચિત્તમાં પિતૃસ્મૃતિનું ઘમસાણ ચાલી રહ્યું છે તેથી થાય છે. પોતાનામાં પિતાનું સ્વરૂપ પ્રવેશી ગયું. 'કપાળે સુખડની ત્રિવલ્લી, ભસ્માંકો' એવું તો નાયકે કશું કર્યું નથી, પણ દેખાય છે. એનું ચિત્ત એટલું તો પિતામય થઈ ગયું છે કે એ પિતાની નિત્યની લાક્ષણિકતાઓ પણ પોતાનામાં હોવાનો અનુભવ કરે છે. બપોરે સૂઈને ઊઠ્યા પછી - 'પિતાજીની ટેવે ! - અશી જ પ્રગટી પત્રની તૃષા' બપોરની ઊંઘ પછી પિતાજી પત્રની રાહ જોતાં, એ પિતાની ટેવ કવિમાં જાગી અને ચિત્તમાં પત્રની તરસ પ્રગટી. પંચિયું અને શણિયું બાહ્ય છે. એમાં પિતાનું બાહ્ય સ્વરૂપ આત્મસાત્ થયું છે. કપાળે સુખડની ત્રિવલ્લી અને ભસ્માંકો કવિએ કર્યાં નથી પણ એ કરેલાં દેખાય છે. પિતાનું ત્રિવલ્લી - ભસ્માંકધારી રૂપ તો કવિએ પોતાનામાં આકૃત કરેલું છે. એટલે જ 'પત્રની તૃષા' જન્મે છે. પોતાનું હૃદય, પિતાનું હૃદય હોવાનો પ્રગાઢ અનુભવ થયો છે. આ અનુભૂતિ એટલી બધી પ્રગાઢ બની કે કવિ -' 'સૂતો રાત્રે ખાટે જનકની જ, રે ગોદડું ય એ !'

અહીં કવિએ માત્ર 'સૂતો' શબ્દ મૂક્યો છે. કવિને નિંદ્રા આવી નથી. પોતે પિતા બનીને પલંગમાં સૂતા છે. પિતાની અનુભૂતિમાંથી મુક્ત થતું નથી. એ જ વિચારોની રટણા ચાલ્યા કરે છે. પોતે પિતા જ છે એવી ભાવસ્થિતિના પરિણામે કવિ કહે છે -

'નનામી યે મારી નીરખું પછી - ને ભડભડ ચિતા,
રહું જોઈ મારું શબ બળતું હું : 'હું મુજ પિતા'

જનકની ખાટે સુવાની ક્રિયામાંથી જ આ વિચાર જન્મ્યો છે. પોતે પોતાની નનામી નીરખવી, 'ભડભડ ચિતા'માં પોતાના શબને બળતું જોવું - આમાં કવિ સ્વથી દૂર થઈને બધું અનુભવે છે, છતાં એ 'સ્વ'થી અલગ તો નથી. જાતને શબરૂપે બળતી જોવી, એ પિતાનું પોતાનામાં થયેલું રૂપાન્તર છે. એટલે જ કવિને પોતે પોતાના પિતા હોય એવી અદ્‌ભુત અનુભૂતિ થાય છે. કવિની પિતા સાથેની એકરૂપતા પિતાના મૃત્યુના આઘાતને તીવ્ર રીતે બેવડાવે છે. કાવ્યમાં શિખરિણીની ગંભીરતા ભાવને સઘન બનાવે છે. પ્રથમ અષ્ટકમાં ધીમી ગતિએ વિકસતો ભાવ પછીના ષટક્માં તીવ્રતર બનીને અંતિમ દ્વિપંક્તિમાં કાવ્યોચિત ચોટ આપે છે.

કવિએ કાવ્યને 'હું મુજ પિતા' શીર્ષક આપ્યું છે, તેમાં જ કાવ્યની વ્યંજના રહેલી છે. એક પુત્રની, હયાત નથી એ પિતા પ્રત્યેની લાગતી એકરૂપતાની ચરમ કક્ષાએ પહોંચે છે. પિતાના મૃત્યુનો આઘાત રૂઝાયો નથી એ અનુભવ સૂક્ષ્મતર બનતો ગયો છે. પરિણામે કવિને 'હું મુજ પિતા'નું રૂપાંતર મળ્યું છે.

**'તમારી પ્રગતિ ચકાસો' - 1**

1. 'હું મુજ પિતા' સૉનેટનો સારાંશ લખો.
2. આ સૉનેટનો પ્રકાર અને છંદ જણાવો.
3. જનકહીન ઘરમાં પ્રવેશતા કવિ શું અનુભવે છે ?
4. અરીસા સામે ઊભા રહીને કવિ શું અનુભવે છે ?
5. 'હું મુજ પિતા'નો અર્થ સમજાવો.

## 7.5 સારાંશ

પિતાના મૃત્યુ પછી, પિતા વિનાના ઘરમાં કવિનો પ્રથમ વારનો પ્રવેશ કવિચિત્તને હલાવી દે છે. પિતાની ગેરહાજરીમાં પિતાની હયાતી અનુભવાય છે. પિતાની હાજરી ન હોવાનું દુઃખ પિતાની રોજિંદી ક્રિયાઓ સાથે જોડાય છે. કવિ પોતાનામાં પિતાનું સ્વરૂપ અનુભવે છે. કાવ્યના અંતે પોતે જ પોતાને ચિતામાં બળતા જુએ અને એમ કવિ 'હું મુજ પિતા'ની અનુભૂતિ કરે છે. પિતાનું મૃત્યુ કવિને પિતા સાથે વધારે ને વધારે એકરૂપ કરતું હોય એવી કવિની ચિત્તસ્થિતિ છે. કાવ્યના આરંભે થયેલો અનુભવ કાવ્યના વિકાસ સાથે સૂક્ષ્મ રીતે આત્મીય બનતો જઈ કાવ્યને અંતે એકરૂપતા રચે છે.

## 7.6 ચાવીરૂપ શબ્દો (key Words)

જનક - પિતા
પંચિયું - ટૂંકું ધોતિયું
શક્રિયું - અબોટિયું
ત્રિવલ્લી - ત્રિપુંડ
નનામી - ઠાઠડી
તૃષા - તરસ
કાવ્યાદર્શ - કાવ્ય માટેનો આદર્શ
તીવ્રતર - વધારે તીવ્ર
પરિધાન - પહેરવું
હવડ - અવાવરુ
કૌતુક - વિસ્મય
ગેહે - ઘરમાં

## 7.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

1. જુઓ એકમ 8.4
2. જુઓ એકમ 8.5નો બીજો પરિચ્છેદ.
3. જુઓ એકમ 8.5નો ત્રીજો પરિચ્છેદ.
4. જુઓ એકમ 8.5નો ચોથો પરિચ્છેદ.
5. જુઓ એકમ 8.5નો પાંચમો અને છઠ્ઠો પરિચ્છેદ.

BAOU
Education for All

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chhharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**